

# HOW TO APPLY FOR ASYLUM, WITHHOLDING OF REMOVAL,AND/OR PROTECTION UNDER ARTICLE 3 OF THE CONVENTION AGAINST TORTURE

## આશ્રય સ્થાન મેળવવા, કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા,અને/અથવા યાતના સામે બોલાવેલી સભાના લેખ 3 હેઠળ અરજી કેવી રીતે કરવી

**ચેતવણીઃ** આ માહિતી પુસ્તક ઈમિગ્રેશન કાયદા વિશે સામાન્ય માહિતી પૂરી પાડે છે અને તેમાં વ્યક્તિગત કિસ્સાઓ સમાવ્યા નથી. ઈમિગ્રેશન કાયદો ઘણી વાર બદલાય છે, અને તમારે અત્યાધુનિક માહિતી મેળવવા ઈમિગ્રેશન ઍટર્ની કે કાનૂની એજન્સી સાથે સલાહ-મસલત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને, તમે ઈમિગ્રેશન કાર્યવાહીઓમાં તમારું પ્રતિનિધિત્વ તમારી જાતે કરી શકો છો, પરંતુ જો શક્ય હોય તો વકીલ કે કાનૂની એજન્સી પાસેથી મદદ મેળવવી હંમેશા વધારે સારી વાત છે.

એરિઝોનામાં અટકાયત કરેલા ઈમિગ્રાન્ટ્સને મફત કાનૂની સેવાઓ પૂરી પાડતી બિન-નફાકારી સંસ્થા, ફ્લોરૅન્સ ઈમિગ્રાન્ટ એન્ડ રેફ્યુજી રાઈટ્સ પ્રોજેક્ટ (ફ્લોરૅન્સ પ્રોજેક્ટ) દ્વારા આ માહિતી પુસ્તક અસલમાં 2002માં તૈયાર કરવામાં આવ્યું હતું. આખા દેશમાં અટકાયત કરેલા ઈમિગ્રાન્ટ્સને વધારે સામાન્ય માહિતી પૂરી પાડવા 2011માં તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.  તેને ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)/યુ.એસ. ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) કે એક્ઝિક્યુટિવ ઑફિસ ઑફ ઈમિગ્રેશન રિવ્યુ (EOIR) દ્વારા તૈયાર કરવામાં આવ્યું ન હતું પરંતુ આ એજન્સીઓએ તેમાં સામેલ માહિતીની સમીક્ષા કરી છે.

દુર્ભાગ્યથી, ઈમિગ્રેશન કાયદો હંમેશા બહુ સ્પષ્ટ હોતો નથી, અને ફ્લોરૅન્સ યોજનાએ સમજેલી કાયદાની પરિભાષા હંમેશા DHS દ્વારા કરવામાં આવેલા કાયદાના અર્થઘટનની જેમ સરખી ના પણ હોય. ફ્લોરૅન્સ યોજના માને છે કે માહિતી સાચી અને મદદરૂપ છે, પરંતુ આ માહિતી પુસ્તક અટકાયતીઓના ઉપયોગ માટે અટકાયત કેન્દ્રોના પુસ્તકાલયમાં ઉપલબ્ધ હોવાની હકીકતનો અર્થ એ થતો નથી કે DHS દ્વારા કરવામાં આવેલું કાયદાનું અર્થઘટન આ માહિતી પુસ્તકમાં ઉલ્લેખ કર્યો હોય તેવું સમાન છે.

અમે 2002માં આ માહિતી પુસ્તક બે કારણોસર લખ્યું હતું. એક કારણ છે, શું તમે આશ્રય સ્થાન મેળવવા અને/અથવા તમને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવાને ("નિર્ણય પાછો લેવો" તરીકે પણ ઓળખાય છે) લાયક ઠરી શકો તે શોધી કાઢવામાં મદદ કરવાનું છે તેથી તમને તમારા દેશમાં પાછા મોકલવાનું ટાળી શકાય છે જો તમને પાછા જવાનો ડર હોય. બીજુ કારણ જો તમારું પ્રતિનિધિત્વ કરાવવા તમે વકીલ ના રાખી શકો તો ક્યાં તમારી જાતે કોઈ રાહત મેળવવાને પાત્ર તમે હો તો તમને અરજી કરવામાં મદદરૂપ થવાનું, અથવા જો તમારે વકીલ હોય તો તમે તમારા વકીલને મદદરૂપ થાવ તે માટે તમને મદદ કરવાનું છે.

**આ માહિતી પુસ્તક કોના માટે લખ્યું છે?**

આ માહિતી પુસ્તક DHS ની કેદમાં રહેલા લોકો અને જેઓ પર કાઢી મૂકવાની કાર્યવાહી ચાલતી હોય તેવા લોકો માટે છે. "કાઢી મૂકવા" ને "દેશનિકાલ" પણ કહેવામાં આવતું હતું. આ માહિતી પુસ્તક દેશનિકાલની કે બાકાતીકરણ કરવાની કાર્યવાહીઓ ચાલતી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડતું નથી. જો તમને તા. 1 એપ્રિલ, 1997 પછી ઇમિગ્રેશન કાર્યવાહીઓમાં રાખવામાં આવ્યા હતા, તો તમે સંભવિતપણે "કાઢી મૂકવાની" કાર્યવાહીઓમાં હશો. તમને DHS પાસેથી મળ્યા હોય તેવા દસ્તાવેજમાં જેમાં તમારી વિરુદ્ધ જણાવેલા આરોપો (અથવા તમને યુ.એસ.માંથી કાઢી મૂકી શકાય તેવા કારણો) હશે તેના પરથી તમે કયા પ્રકારની કાર્યવાહીઓમાં છો તે કહી શકો.

જો દસ્તાવેજ પર લેબલ **"હાજર રહેવાની નોટિસ"(ફોર્મ I-862)** માર્યું હોય, તો તમે **કાઢી મૂકવાની** કાર્યવાહીઓમાં છો.

જો દસ્તાવેજ પર લેબલ **"કારણ દર્શાવોનો હુકમ"(ફોર્મ I-221)** માર્યું હોય, તો તમે **દેશનિકાલની** કાર્યવાહીઓમાં છો.

જો દસ્તાવેજ પર નીચે ક્રમાનુસાર સંખ્યા લખી હોય, "ફોર્મ I-110" અને "ફોર્મ I-122," તો તમે **બાકાતીકરણની** કાર્યવાહીઓમાં છો.

**If you are in "deportation" or "exclusion" proceedings, this booklet does not apply to you and you should consult with an attorney if possible.**

આ માહિતી પુસ્તક એવા લોકો માટે લખ્યું છે જેઓ પર કાઢી મૂકવાની કાર્યવાહીઓ ચાલતી હોય, **જેઓ ઇમિગ્રેશન એન્ડ નેશનલિટી એક્ટ (INA) હેઠળ આશ્રય સ્થાન મેળવવા કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા, અથવા યુનાઇટેડ સ્ટેટ્સમાંથી કાઢી મૂકાવાનું ટાળવા યાતના સામે બોલાવેલી સભા (CAT) ના લેખ 3 હેઠળ રક્ષણ મેળવવા લાયક ઠરી શકે.**

**હું આ માહિતી પુસ્તકનો ઉપયોગ કેવી રીતે કરું?**

શું તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરી શકો કે કેમ, અને ફોર્મ્સ ભરવા અને તમારી સુનાવણી માટે તૈયારી કરવા તમારે શું જરૂરી છે, તે જાણવા આખું માહિતી પુસ્તક વાંચો. તે સમજવું બહુ મહત્વનું છે કે તમારા કેસની તૈયારી કરવી અને જો ન્યાયાધીશને આપવા યોગ્ય કોઇ પુરાવો (સાબિતી) હોય, તો તે મેળવવાનું તમારા પર નિર્ભર રહે છે. જો તમે તમારી સુનાવણી માટે તૈયારી ના કરો, તો તમે તૈયારી કરો તેના કરતા તમે હારી જાવ તેવી વધારે શક્યતા રહે છે.

## NACARA, HRIFA અને TPS

અમે કાઢી મૂકવા સામે આ શક્ય બચાવ માટે લાયકાતોની વિગતવાર ચર્ચા કરીએ તે પહેલાં, અમે તમને વર્ષ 1997 અને 1998ના અંતે કોંગ્રેસે પસાર કરેલા બે કાયદાઓ વિશે જણાવવા ઇચ્છીએ છીએ જે પાત્રતાના માપદંડો સંતોષતા લોકોને કાઢી મૂકવા માટે શક્ય બચાવ પણ પૂરો પાડી શકે. આ બે કાયદાઓ છેઃ (1) 1997નો નિકારાગુઆન એડજસ્ટમેન્ટ એન્ડ સેન્ટ્રલ અમેરિકન રીલીફ એક્ટ, જે ઘણી વાર "NACARA," તરીકે પણ ઓળખાય છે અને (2) 1998નો હેઇટિયન રેફ્યુજી ઇમિગ્રેશન ફેરનેસ એક્ટ, જેને ઘણી વાર "HRIFA" તરીકે ઓળખવામાં આવે છે. **કૃપા કરી આ બે બચાવ અંગે માહિતી મેળવવા આ સાથે બિડેલા પરિશિષ્ટ A ની સમીક્ષા કરો.**

• **જો તમે ગ્વાટેમાલા, અલ સાલ્વાડોર, પૂર્વ યુરોપના કેટલાંક દેશો, નિકારાગુઆ, ક્યુબા, કે હૈઈટીના હો, તો તમને યુ.એસ.માંથી કાઢી મૂકવાનું ટાળવા કોઇ રસ્તો નીકળી શકે.**

NACARA અને HRIFA તરીકે જાણીતા બે કાયદાઓ હેઠળ, ઉપરના દેશોમાંથી ચોક્કસ લોકો કાયદેસર કાયમી વસવાટી સ્થિતિ મેળવી શકે છે અને યુનાઈટેડ સ્ટેટ્સમાં રહી શકે છે. તમે કયા દેશમાંથી આવો છો, તેને આધારિત જરૂરિયાતો જુદી જુદી હોય છે. જો તમે પરિશિષ્ટ A માં જણાવેલા વર્ગીકરણ પૈકી કોઇ વર્ગને સંબંધિત હો, તો શું તમે NACARA કે HRIFA એક્ટ હેઠળ યુનાઈટેડ સ્ટેટ્સમાં કાયદેસર રીતે રહી શકો કે કેમ તે નક્કી કરવા ઇમિગ્રેશન ન્યાયાધીશ કે DHS ને પૂછવું જોઇએ. જો તમે આ કાયદાઓ હેઠળ રાહત મેળવવા લાયક ઠરતી કોઇ વ્યક્તિના પતિ કે પત્ની અથવા બાળક હો, તો તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવાને લાયક પણ ઠરી શકો અને તમારે ન્યાયાધીશ કે DHS ને પૂછવું જોઇએ. તેમજ, અમે તમને જે ત્રીજો કાયદો કહેવા ઇચ્છીએ છીએ તેને હંગામી રક્ષિત સ્થિતિ કહેવામાં આવે છે. જો તમે હૈઈટીના હો અને તમારી હંગામી રક્ષિત સ્થિતિ (TPS) મંજૂર થઈ હોય, અથવા તા. 12 જાન્યુઆરીથી યુ.એસ.માં રહ્યાં હો, કોઇ ભયંકર ગુનામાં અથવા બે કે વધારે દુષ્કૃત્યોમાં ગુનેગાર સાબિત ન થયા હો, અને TPS માટે તા. 15 નવેમ્બર, 2011 સુધીમાં અરજી કરી હોય, તો તમે યુ.એસ.માં રહેવાનું ચાલુ રાખવામાં સમર્થ બની શકો.

## આશ્રય સ્થાન અને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અંગે માહિતી

આ માહિતી પુસ્તક હવે આશ્રય સ્થાન અને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાના ભાવાર્થનું, કોણ પાત્ર હોય છે, અને તમારા કેસની તૈયારી કેવી રીતે કરવી, તેનું વર્ણન કરે છે.

### આશ્રય સ્થાન શું હોય છે?

યુનાઈટેડ સ્ટેટ્સના કાયદાઓ હેઠળ, પોતાનો દેશ **જુલમ કે યાતના** સહન કરવાના ડરને લીધે છોડી દેતા લોકો, INA ની કલમ 208 હેઠળ "આશ્રય સ્થાન" મેળવવા અરજી કરી શકે છે. **આશ્રય સ્થાન** તમને યુનાઈટેડ સ્ટેટ્સમાં શરણાર્થી તરીકે રક્ષણ આપે છે. **જુલમ કે યાતના** તમને કે તમારા કુટુંબીજનો અથવા તમારા જેવા લોકોને નુકસાન કે નુકસાન થવાનો ભય હોઇ શકે છે. વ્યક્તિ આશ્રય સ્થાન પણ મેળવી શકે જો તેમણે કે તેણીએ ભૂતકાળમાં પોતાના દેશમાં જુલમ કે યાતના વેઠી હોય અને INA ની કલમ 101(a)(42) માં કરેલી વ્યાખ્યા પ્રમાણે તેઓ "શરણાર્થી"ની વ્યાખ્યા સંતોષતા હોય. તમને આશ્રય સ્થાન માત્ર ત્યારે ફાળવવામાં આવી શકે છે જો તમારી જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, રાજકીય મંતવ્ય (અથવા તમે રાજકીય મંતવ્ય ધરાવતા હોવાનું કોઇ વિચારે), અથવા તમે કોઇ ચોક્કસ સામાજીક જૂથનો ભાગ હો તેવી હકીકત જેવા ઓછામાં ઓછા કોઇ એક કારણસર કોઇએ તમને નુકસાન પહોંચાડયું હોય અથવા પહોંચાડી શકે.

જો તમને આશ્રય સ્થાન ફાળવવામાં આવે, તો તમને યુનાઈટેડ સ્ટેટ્સમાં કાયદેસર રીતે રહેવા દેવામાં અને વર્ક પરમીટ મેળવવા દેવામાં આવશે. યુ.એસ.માં તમારા પતિ કે પત્ની અને 21 વર્ષ નીચેના અપરણિત બાળકો હોય, તો તેઓ આશ્રયી તરીકે કાયદેસર સ્થિતિ પણ મેળવી શકે જો તમે તમારી આશ્રય સ્થાન અરજીમાં તેઓનો સમાવેશ કરો. જો તેઓ યુ.એસ. બહાર હોય, તો તમને આશ્રય સ્થાન ફાળવ્યા પછી તેઓને પણ યુ.એસ.માં આવવા દેવાની છૂટ મેળવવા તમે કાગળો ફાઇલ કરી શકો છો. જો તમને આશ્રય સ્થાન ફાળવવામાં આવે, તો

તમે મોડેથી કાયદેસર કાયમી વસવાટી તરીકે અને છેવટે, યુ.એસ. સીટીઝન તરીકે અરજી કરી શકો.

### INA ની કલમ 241(b)(3) હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવો તે શું છે?

**કાઢી મૂકવાનો** નિર્ણય પાછો લેવો એ એક પ્રકારનું કાયદેસર રક્ષણ છે જે કેટલાક લોકો આશ્રય સ્થાનને બદલે મેળવવામાં સમર્થ હોઇ શકે અને તેની વ્યાખ્યા INA ની કલમ 241(b)(3)(A) અને (B) હેઠળ કરેલી છે. અમે જે કારણો આગળ વધારે વિગતવાર સમજાવીશું તેમાં - ઉદાહરણ તરીકે, યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવેશવાના એક વર્ષથી વધુ સમય પછી આશ્રય સ્થાન મેળવવા અરજી કરવી અને તમે કોઇ અપવાદ માટે લાયક ન ઠરો અથવા ચોક્કસ ગુનાહિત ચુકાદાઓને લીધે - કેટલાક લોકો આશ્રય સ્થાન મેળવવાને "પાત્ર" કે "લાયક" ઠરતા નથી. તેમજ, જો કોઇ ચોક્કસ ગુનાહિત ચુકાદાઓ કે ખરાબ કૃત્ય તમને આશ્રય સ્થાન મેળવવા અરજી કરતા ન રોકે તો પણ, ઇમિગ્રેશન ન્યાયાધીશ તેને લીધે તમારી આશ્રય સ્થાન અરજી નકારવાનું નક્કી કરી શકે. આવી પરિસ્થિતિઓમાં, દેશનિકાલ ટાળવા "કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવો" એક માત્ર રસ્તો હોઇ શકે.

કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવો એ આશ્રય સ્થાન મેળવવા જેવો હોય છે જે તમને તમારા દેશમાં પાછા મોકલતા રોકે છે, અને તેનો અર્થ એ થાય કે તમે યુ.એસ.માં કાયદેસર રીતે રહીને કામ કરી શકો. તમે આશ્રય સ્થાન મેળવવા અરજી કરો છો તેવી જ રીતે કાઢી મૂકવાનો નિર્ણય પાછો ખેંચવા અને એ જ અરજી ફોર્મનો ઉપયોગ કરી શકો. પરંતુ કાઢી મૂકવામાંથી રાહત મેળવવાના બંને ફોર્મ્સ વચ્ચે મહત્વના તફાવતો રહેલા છેઃ

- કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવો બહુ મુશ્કેલ હોય છે. તમારી જાતિ, ધર્મ, રાજકીય મંતવ્ય (અથવા તમે રાજકીય મંતવ્ય ધરાવતા હોવાનું કોઇ વિચારે), અથવા જો તમે તમારા દેશમાં પાછા જાવ, તો તમે કોઇ ચોક્કસ સામાજીક જૂથનો ભાગ બનો તેવી હકીકત હોવાથી તમારે યાતના ભોગવવાની સારી એવી તક રહેતી હોવાનું તમારે બતાવવું પડે છે. તમારે એ બતાવવું પડે છે કે તમારું જીવન કે સ્વતંત્રતા ભયમાં મૂકાશે, અને તમારે બતાવવું પડે છે કે આવું થવાની શક્યતા રહેલી છે (માત્ર તે શક્ય છે એટલું જ નહીં).
- જો ઇમિગ્રેશન ન્યાયાધીશ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાનું જુએ, તો તેઓ કે તેણી મનસુફીના આધારે તમારી અરજી નકારી શકતા નથી.
- જો તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની મંજૂરી મળે, તો તેનો અર્થ માત્ર એ થાય કે તમે ભયનો સામનો કરી રહ્યાં હો તે દેશમાં તમને પાછા મોકલી શકાય નહીં. જો અન્ય દેશ તમને રાખવાની તૈયારી બતાવે, તો યુનાઇટેડ સ્ટેટ્સ તમને ત્યાં મોકલી શકે છે.
- જો તમારા દેશમાં પરિસ્થિતિઓ બદલાય જેથી કરીને DHS તમને પાછા મોકલવા સુરક્ષિત હોવાનું માને, તો DHS ન્યાયાધીશને એ ખાતરી કરાવવાનો પ્રયત્ન કરવા ઇમિગ્રેશન કોર્ટમાં નવો કેસ શરૂ કરી શકે છે કે તમને પાછા મોકલવા જોઇએ.
- કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાથી તમને કાયમી નિવાસ મળતો નથી, તે તમારા કુટુંબીજનોને ઇમિગ્રેશન પર બોલાવવાની છૂટ આપતું નથી, અને આગળ જતા તમે યુ.એસ. સીટીઝન બનો તેવું પણ નથી.

### યાતના સામે બોલાવેલી સભા હેઠળ કયું રક્ષણ ઉપલબ્ધ થાય છે?

કેટલાક લોકો **યાતના સામે બોલાવેલી સભા (CAT)** હેઠળ રક્ષણ મેળવવાને પાત્ર ઠરે છે જો તેઓ બતાવે કે સરકાર, અથવા સરકાર માટે કે સરકારની મંજૂરીથી કાર્યરત લોકો તેઓ પર જુલમ કરે તેવી શક્યતા ન હોવા કરતા બહુ વધારે શક્યતા રહેલી છે, જો તેઓ ચોક્કસ દેશમાં પાછા જાય. "યાતના"ની વ્યાખ્યા કન્વેન્શન અગેઈન્સ્ટ ટૉર્ચરના લેખ 1માં અને કૉડ ઑફ ફેડરલ રેગ્યુલેશન્સ (CFR) ની કલમો 208.18(a) અને 1208.18(a) માં કરેલી છે. CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવો, તે INA ની કલમ 241(b)(3) હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવો તેના જેવો બિલકુલ સરખો હોય છે, જેમાં જો તમને આ પ્રકારના રક્ષણની મંજૂરી આપવામાં આવે, તો તેનો અર્થ માત્ર એ થાય કે તમે યાતનાનો સામનો કરતા હો તે દેશમાં તમને પાછા મોકલી શકાતા નથી. જો કે, એ જરૂરી નથી કે યાતનાના ભયને રક્ષણ મેળવવાના કારણ સાથે સાંકળવામાં આવે જે INA ની કલમ 241(b)(3) હેઠળ આશ્રય સ્થાન અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા જરૂરી હોય. જો અન્ય દેશ તમને રાખવાની તૈયારી બતાવે, તો યુનાઈટેડ સ્ટેટ્સ તમને ત્યાં મોકલી શકે છે. તેમજ, જો તમારા દેશમાં પરિસ્થિતિઓ બદલાય જેથી કરીને DHS તમને પાછા મોકલવા સુરક્ષિત હોવાનું માને, તો DHS ન્યાયાધીશને એ ખાતરી કરાવવાનો પ્રયત્ન કરવા ઈમિગ્રેશન કોર્ટમાં નવો કેસ શરૂ કરી શકે છે કે તમને પાછા મોકલવા જોઈએ. અંતે, CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાથી તમને કાયમી નિવાસ મળતો નથી, તે તમારા કુટુંબીજનોને ઈમિગ્રેશન પર બોલાવવાની છૂટ આપતું નથી, અને આગળ જતા તમે યુ.એસ. સીટીઝન બનો તેવું પણ નથી.

જો ઈમિગ્રેશન ન્યાયાધીશ જુએ કે જો તમને કાઢી મૂકવામાં આવે, તો તમને યાતના ન મળવા કરતા યાતના મળવાની શક્યતા વધારે છે, પરંતુ એ પણ જુએ કે ચોક્કસ ગુનાહિત ચુકાદાઓ કે અપાત્રતા ધરાવવાના અન્ય કારણોસર તમને કાઢી મૂકવાનો નિર્ણય CAT હેઠળ પાછો લેવાની પાત્રતા તમે ધરાવતા નથી, તો શું તમને કાઢી મૂકવાનો નિર્ણય મોકૂફ રાખવાને પાત્ર તમે છો કે કેમ તેને ન્યાયાધીશ ધ્યાનમાં લઈ શકે. યાતના સામે બોલાવેલી સભા હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય મોકૂફ રાખવાની વ્યાખ્યા 8 CFR કલમો 208.17(a) અને 1208.17(a) માં કરેલી છે. કાઢી મૂકવાનો નિર્ણય મોકૂફ રાખવાથી તમને યુનાઈટેડ સ્ટેટ્સમાં કોઈ કાનૂની મોભો મળતો નથી અને તેનો અર્થ તમને અટકાયતમાંથી મુક્ત કરવામાં આવશે, તેવો થાય તે જરૂરી નથી. જો સમીક્ષા કર્યા પછી એવું નિર્ધારિત થાય કે તમને જે દેશમાં કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કર્યા પછી હવે તમને યાતના થવાની બહુ શક્યતા રહેતી નથી, અથવા જો તમે વિનંતી કરો કે તમારી મોકૂફી રદ કરવામાં આવે, તો કાઢી મૂકવાના નિર્ણયની મોકૂફી રદ કરી શકાય.

તમે INA ની કલમ 241(b)(3) હેઠળ આશ્રય સ્થાન મેળવવા કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા જે અરજી ફોર્મ ભરો છો તે જ ફોર્મનો તમે CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે અરજી કરવા ઉપયોગ કરશો.

CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા વિશે વધુ માહિતી મેળવવા, શીર્ષક "યાતના સામે બોલાવેલી સભા હેઠળ રક્ષણ મેળવવા કોણ અરજી કરી શકે છે?" હેઠળ આ સાહિત્યમાંની માહિતી વાંચો.

**હું આશ્રય સ્થાન** મેળવવા **અથવા** મને **કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અરજી કેવી રીતે કરું?**

તમારે અરજી, ફોર્મ I-589, આશ્રય સ્થાન મેળવવા અને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની અરજી કરવી પડે છે, જેમાં તમારા દેશમાં

તમને શું થયું અને તમે શા માટે પાછા જતા ડરો છો, તે તમારે સમજાવવું જોઇશે. તમારે આ બધું બહુ વિગતવાર સુનાવણીમાં પણ સમજાવવું પડશે જેમાં તમે ન્યાયાધીશ સાથે વાત કરો છો અને પ્રશ્નોના જવાબ આપો છો. ન્યાયાધીશ નક્કી કરશે કે શું તમે સત્ય કહી રહ્યાં હોવાનું તેઓ કે તેણી વિચારે છે કે કેમ. તેઓ કે તેણી એ પણ નક્કી કરશે કે શું તમારા દેશમાં તમારી પર જુલમ ગુજારવામાં આવ્યો હતો અથવા જો તમને પાછા મોકલવામાં આવે તો જુલમ કે યાતનાનો ભય રહેશે કે કેમ. આ જ અરજીનો ઉપયોગ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અને CAT હેઠળ રક્ષણ મેળવવા પણ થાય છે.

**શું હું આશ્રય સ્થાન મેળવવા કે મને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા મારો કેસ અટકાયત બહાર લડી શકું?**

જો તમારી પર "કાઢી મૂકવાની કાર્યવાહીઓ" ચાલતી હોય અને DHS દ્વારા તમારી અટકાયત કરાઇ હોય, તો ઇમિગ્રેશન જજને તમારો બોન્ડ ઘટાડવાનું કહેવાનો હક્ક તમારી પાસે હોઇ શકે. બોન્ડ એ કેદની બહાર નીકળવા તમે ચૂકવેલા નાણાં છે જે તમે તમારો કેસ પૂરો થયા પછી પાછા મેળવો છો, જો તમે તમારી બધી સુનાવણીઓ અને ઇન્ટરવ્યૂમાં હાજર રહો અને જો ન્યાયાધીશ હુકમ કરે તો દેશ છોડી દો. જો તમારો કેસ બહુ પ્રબળ હોય અને યુનાઇટેડ સ્ટેટ્સમાં તમારે સખત કૌટુંબિક કે સામુદાયિક જોડાણો હોય, તો ન્યાયાધીશ તમને કોઇ નાણાં ચૂકવવાની ફરજ પાડયા વગર કેદની બહાર કાઢવાનો નિર્ણય લઇ શકે, જે માત્ર બધી સુનાવણીઓમાં તમારા હાજરી પુરાવવાના વચન આધારિત રહે છે. આને "તમારા પોતાના જાતમુચરકા" પર છૂટવું કહેવાય છે. જો કે, જો તમને ચોક્કસ પ્રકારના ગુનેગાર ઠેરવતો ચુકાદો આવ્યો હોય, તો તમે બોન્ડ મેળવવા કે અટકાયતમાંથી છૂટવા માટે બિલકુલ પાત્ર ના હોઇ શકો. **શું તમે બોન્ડ મેળવવાને પાત્ર છો કે કેમ તે જાણવા અને બોન્ડ સુનાવણી માટે અરજી અને તૈયારી કરવા, તમારે બીજુ એક "ઑલ અબાઉટ બોન્ડ્સ" (બોન્ડ વિશે તમામ માહિતી) નામથી જાણીતું માહિતી પુસ્તક વાંચવું જોઇએ.**

જો તમને તમારા દેશમાં પાછા જવાનો ડર હોય અને ઇમિગ્રેશને એરપોર્ટ પર કે બીજી કોઇ સીમા પર તમારી અટકાયત થઇ હતી, તો તમે **પૅરોલ** (શરતી છુટકારો) મેળવવા લાયક ઠરી શકો. જો તમને પૅરોલની મંજૂરી મળે, તો તમે અટકાયત છોડવામાં સમર્થ રહેશો અને બહાર રહીને તમારો ઇમિગ્રેશન કેસ લડવાનું ચાલુ રાખી શકશો.

પૅરોલ મેળવવા પાત્ર ઠરવાના હેતુસર, તમારે સૌથી પહેલા ક્રેડિબલ ફીયર કે રીઝનેબલ ફીયર તરીકે ઓળખાતા ઇન્ટરવ્યૂમાંથી પસાર થવું પડે છે. આ ત્યારે થશે જ્યારે તમે ઇમિગ્રેશન અધિકારીઓને સમજાવો કે તમે તમારા દેશમાં પાછા જતા ડરો છો અને શા માટે ડરો છો. જો તમે આ તબક્કો પસાર કરી લો, તો પછી તમે પૅરોલ મેળવવા આગળ વધી શકો. સામાન્ય રીતે, પૅરોલ માટે લાયક ઠરવા, તમારે નીચેની બાબતો બતાવવાની રહેશે:

1. એ કે તમે જે હોવાનું કહો છો તે તમે હો (તમારી ઓળખ)
2. એ કે તમે ભાગી જશો તેવું જોખમ તમારાથી નથી, અને
3. એ કે તમે સમુદાય માટે ભયજનક નથી

જો કે, તમે આ બાબતો બતાવો તો પણ દરેક વ્યક્તિ પૅરોલ મેળવવાને પાત્ર હોતી નથી. તમારા ઇમિગ્રેશન અધિકારી સાથે વાત કરો જો તમને પ્રશ્નો હોય.


**આ અંગે વધુ માહિતી માટે, માહિતી પુસ્તક "કેદમાંથી છૂટવા DHS ને અરજી કેવી રીતે કરવી" વાંચો.**

જો તમે અટકાયતમાંથી બહાર આવો, તો પણ તમારે તમારો કેસ ચાલુ રહે ત્યાં સુધી હજુ કોર્ટમાં (અથવા તમારા નિવાસથી સૌથી નજીકની ઇમિગ્રેશન કોર્ટમાં) જવાની જરૂર પડે છે. જો તમે અટકાયતમાંથી બહાર નીકળો પરંતુ તમારે હાજર થવાનું હોય ત્યારે તમે કોર્ટમાં ન આવો, તો ન્યાયાધીશ તમને કાઢી મૂકવાનો હુકમ આપશે. પછીથી, જો તમે અટકાયતમાંથી બહાર નીકળો, તો અમે શું કરવું તે સમજાવીશું.

**જો હું અટકાયતમાંથી બહાર ના નીકળી શકું અને હું વધારે બિલકુલ અટકાયતમાં ના રહી શકું, તો મારે શું કરવું? શું મને કાઢી મૂકવા કે સ્વૈચ્છિક રીતે પાછા જવાની માગણી હું કરી શકું અને પછી યુનાઇટેડ સ્ટેટ્સમાં પરત આવી શકું?**

લાંબો સમય સુધી કેદમાં રહેવું બહુ મુશ્કેલભર્યું હોય છે, અને હતાશાની, દુ:ખની અને ગમગીનીની લાગણી અનુભવવી સામાન્ય છે. પુષ્કળ લોકોને ખરાબ લાગણીઓ થાય છે કારણ કે તેઓ તેઓના કુટુંબીજન માટે કામ કરીને તેઓને જીવન નિર્વાહ પૂરું પાડી શકતા નથી, અથવા તેઓને લાગે છે કે તેઓ પોતાનો સમય બરબાદ કરી રહ્યાં છે. જો તમે તમારા બોન્ડની ચૂકવણી ના કરી શકો, તો તમે તમારા હક્કો છોડવા અંગે અને યુનાઇટેડ સ્ટેટ્સમાંથી કાઢી મૂકવાનો હુકમ સ્વીકારવા વિશે વિચારી શકો, તેથી તમારે અટકાયતમાં હવે વધારે સમય વિતાવવો પડે નહીં.

જો તમે તમારા દેશમાં પાછા જવા ના ડરતા હો, અથવા જો, આ માહિતી પુસ્તક વાંચ્યા પછી, તમે નક્કી કરો કે તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરતા નથી, અને જો તમે બીજા કોઇ પ્રકારના બચાવ માટે લાયક ના ઠરો, તો કાઢી મૂકવાનું સ્વીકારવા કે "સ્વૈચ્છિક રીતે પાછા જવું" યોગ્ય બાબત હોઇ શકે.



**પરંતુ જો તમને પાછા જવાનો ડર હોય, તો હમણાં હક્ક જતો કરવો મોટી ભૂલ થઇ શકે.** સૌથી પહેલા, તમારા જીવન અને જો તમે પાછા ફરો તો તમારે સામનો કરવો પડે તેવા ભય અંગે તમારે વિચારવું જોઇએ.

બીજુ, જો તમે ભવિષ્યમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં પાછા જવા અંગે વિચારી રહ્યાં હો, તો કાઢી મૂકવાનું સ્વીકારવું કે સ્વૈચ્છિક રીતે પાછા ફરવું ભૂલ હોઇ શકે. તમને કાઢી મૂકવાના હુકમ કે સ્વૈચ્છિક રીતે પાછા ફર્યા પછી જો તમે ગેરકાયદેસર રીતે યુનાઇટેડ સ્ટેટ્સ પાછા આવો, તો તમે વર્ક પરમીટ મેળવી શકશો નહીં અને DHS તમને પકડી પાડે તેવું જોખમ હંમેશા રહેશે. જો તમને પકડી પડાય, તો કાઢી મૂકવાના હુકમ પછી તમારી પર ગેરકાયદેસર રીતે પાછા ફરવાના ગુનાનો આરોપ મૂકી શકાય છે. આ ભયંકર ગુનો ગણાય છે જેના માટે તમને કેદમાં મૂકી શકાય છે. જો તમારો ગુનાહિત ઇતિહાસ રહ્યો હોય, તો કેટલાક કિસ્સાઓમાં, કાયદો કહે છે કે યુ.એસ.માં ગેરકાયદેસર રીતે પાછા આવવાને લીધે તમે

20 વર્ષ સુધી કેદમાં જઈ શકો છો!

તેમજ, જો તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં પાછા આવવા બદલ પકડાઈ જાવ અને તમે ત્યાર પછી આશ્રય સ્થાન માટે અરજી કરો, તો ન્યાયાધીશ એ નિર્ણય લઈ શકે કે, તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં છેલ્લી વાર હતા ત્યારે તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા તે સમયે અરજી ન કરી હોવાને લીધે, તમે ખરેખર તમારા દેશમાં પાછા જવા ડરતા નથી.

અંતે, કાઢી મૂકવાનું સ્વીકારવું કે સ્વૈચ્છિક રીતે પાછા જવાથી તમારા માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં કાયદેસર રીતે પાછા આવવું મુશ્કેલ કે બહુ અશક્ય પણ બની શકે, પછી ભલે તમારું કુટુંબ અહીં કાયદેસર રીતે રહેતું હોય અથવા બીજી કોઈ રીતે ઈમિગ્રેશન પર આવવું હોય. જો તમને કાઢી મૂકવાના હુકમ પછી તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં ગેરકાયદેસર રીતે પાછા આવો, તો DHS તમને "કાઢી મૂકવાનો નિર્ણય પુનઃ લાગુ કરવા"માં મૂકી શકે જ્યાં તમને કાઢી મૂકવાનો પાછલો હુકમ "પુનઃ લાગુ થશે." આનો અર્થ એ થાય કે DHS તમને ફરીથી કાઢી મકશે, અને તમને કાઢી મૂકતા પહેલાં ઈમિગ્રેશન ન્યાયાધીશને મળવાનો હક્ક તમારી પાસે નહીં હોય, સિવાય કે તમે તમારા દેશમાં પાછા ફરવાનો ડર વ્યક્ત કરો અને વ્યાજબી ડરના ઈન્ટરવ્યૂમાંથી પસાર થાવ.

તમે જોઈ શકો છો તેમ, જો તમારી પાસે લડવાનો કેસ હોય તો તમારે તમારો કેસ હમણાં શા માટે લડવો જોઈએ, તે અંગે સંખ્યાબંધ કારણો છે. પરંતુ જો તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા અરજી ન કરવા વિચારી રહ્યાં હો અને તમને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી કાઢી મૂકવાથી તમારા ભવિષ્ય પર કેવી અસર થઈ શકે, તે વિશે તમે વધુ જાણવા ઈચ્છતા હો, તો તમારે આ માહિતી પુસ્તક વાંચવું જોઈએ, **"સ્વૈચ્છિક રીતે પાછા જવા અરજી કેવી રીતે કરવી."**

## જો હું આશ્રય સ્થાન મેળવવા કે મને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે અરજી કરું, તો શું હું મારા દેશમાં મારા કુટુંબીજનોને ભયમાં મૂકીશ?

કેટલાક લોકો ડરતા હોય છે કે તેઓની આશ્રય સ્થાનની અરજીમાં જણાવેલી માહિતી તેઓના દેશમાં પહોંચી શકે અને તેનો ઉપયોગ તેઓના તે દેશમાં હજુ પણ રહેતા કુટુંબીજનોની વિરુદ્ધમાં થશે. તમે તમારા દેશમાં બહુ જાણીતા હો અને તમારા કેસ વિશે તમે પ્રસિદ્ધિ મેળવવાનું શોધી રહ્યાં હો, તે સિવાય આવું થવાની શક્યતા નથી. તમારી આશ્રય સ્થાન મેળવવા અને તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા તમે કરેલી અરજીની નકલ યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટેટ પાસે જરૂર જાય છે, પરંતુ ડિપાર્ટમેન્ટ તમારા અંગે તમારી સરકારનો સંપર્ક કરવા અધિકૃત નથી. આશ્રય સ્થાનના દાવાની ગુપ્તતા જાળવી રાખતા ધારાધોરણો રહેલા છે. તમે ઈમિગ્રેશન ન્યાયાધીશને તમારી ચિંતાઓ અંગે પણ જણાવી શકો છો અને કહી શકો કે ઈમિગ્રેશન સુનાવણી જાહેર જનતા માટે બંધ રાખવામાં આવે અને એ કે તમે પૂરી પાડેલી માહિતી ગુપ્ત રાખવામાં આવે.

## જો હું અંગ્રેજી બોલી અને સમજી શકું, પણ પૂરેપૂરું નહીં તો મારે શું કરવું જોઈએ?

તમારી સુનાવણી દરમિયાન તમને પૂછેલા બધા પ્રશ્નો સમજવાનો તમને હક્ક છે, અને તે અત્યંત મહત્વનું છે કે તમે બધું સમજો અને તેનો

આંશિક ભાગ જ નહીં. એ પણ અત્યંત મહત્વનું છે કે તમે ન્યાયાધીશ સાથે વાત કરવામાં સક્ષમ હો અને ન્યાયાધીશ તમને સારી રીતે સમજે. આ કારણસર, જો તમે અંગ્રેજી પૂરેપૂરું ન બોલતા અને સમજતા હો, તો તમારે ન્યાયાધીશને કહેવું જોઈએ. કોર્ટ તમારી ભાષા બોલનાર દુભાષિયાની વ્યવસ્થા કરશે.

| |
|---|
| ☞ **જો તમે અંગ્રેજી પૂરેપૂરું ન બોલતા અને સમજતા હો, તો ન્યાયાધીશને કહો.** |

**INA ની કલમ 241(b)(3) હેઠળ આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા કઇ જરૂરિયાતો રહેલી છે?**

INA ની કલમ 241(b)(3) હેઠળ આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા, તમારે ત્રણ બાબતો બતાવવી પડે છેઃ

1. એ કે તમારી પાસે ડરવાનું સારું કારણ છે
2. જુલમ થવાની અથવા તમારું જીવન કે સ્વતંત્રતા ગુમાવવાની
3. તમારી જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, રાજકીય મંતવ્ય, કે ચોક્કસ સામાજીક જૂથમાં સભ્યપદ ધરાવતા હોવાને લીધે.

હવે અમે આ દરેક જરૂરિયાતો સમજાવીશું.

**મારા ડરવાના કારણ અંગે મારે શું બતાવવું પડે છે?**

આશ્રય સ્થાન મેળવવા, તમારે સામાન્ય રીતે બતાવવું પડે છે કે તમે તમારા દેશમાં પાછા જતા ડરો છો અને એ કે તમારી આ લાગણી બતાવવા માટે સારા કારણો રહેલા છે. INA ની કલમ 241(b)(3) હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાય તે માટે, તમારે ફક્ત એ નથી બતાવવું પડતું કે જો તમે પાછા ફરો તો તમને યાતના આપવામાં આવી શકે તેવું તમારે વિચારવાનું કારણ રહેલું છે, પરંતુ એ કે તમારે યાતના વેઠવી પડે તેવી શક્યતા ન કરતા વધારે છે. જો તમે માત્ર એવું બતાવો કે તમને યાતના આપવામાં આવી શકે, તો ન્યાયાધીશ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો ખેંચી શકતા નથી.
જો તમને અગાઉ યાતના આપવામાં આવી હતી, તો તે બતાવવું વધારે સરળ છે કે જો તમે પાછા જાવ, તો તમને ફરીથી યાતના આપવામાં આવે તેવી શક્યતા રહેલી છે, પરંતુ તમારે અવશ્ય બતાવવું કે અમે હમણાં જ જણાવેલા કારણો પૈકી એક કારણસર યાતના આપવામાં આવી હતી. તે બહુ મહત્વનું છે કે તમારી અરજીમાં તમે આ સમજાવો અને એ કે તમે ન્યાયાધીશને તમારી સુનાવણી સમયે તે અંગે બહુ વિગતવાર બધું કહો.

**"જુલમ કે યાતના" શું હોય છે?**

આશ્રય સ્થાન મેળવવા, તમારે બતાવવું પડે છે કે તમે તમારા દેશમાં યાતનાથી પીડાયા છો અથવા એ કે તમે પાંચ રક્ષિત કારણ પૈકી એક કે

વધારે કારણો ધરાવતા હોવાને લીધે જો તમે પાછા જાવ તો તમારે યાતના સહેવાનો ભય રહેલો છે, અને એ કે આ રક્ષિત કારણો યાતના થવા માટે ઓછામાં ઓછું એક કેન્દ્રિય કારણ હશે. જુદા જુદા પ્રકારની ઈજા "યાતના"માં પરિણમી શકે, જેમાં એવી બાબતો સામેલ છે જે ઓછી ગંભીર જણાય જો તે માત્ર એક વાર થાય છતાં પણ તે ઉમેરાઈને યાતના થઇ શકે જો તે સમય પસાર થતા પુનરાવર્તિત થાય. "યાતના"માં એવા બનાવો સમાઇ શકે જ્યાં તમને ધમકી મળવાનો, ઈજા થવાનો, મારવાનો, અપહરણ થવાનો, અટકાયતમાં લેવાનો, કેદમાં જવાનો, જુલમ થવાનો, જાતીય અત્યાચારનો, કે મૃત્યુ થવાનો ભય રહ્યો હોય કે અત્યારે હોય, અથવા તમારી સ્વતંત્રતા જતી રહી હોય અથવા જતી રહેશે અથવા બહુ ચડિયાતી રીતે મર્યાદિત થાય. તેમજ, જો તમે નોકરી મેળવવામાં, શાળાએ જવામાં અસમર્થ રહો, અને જો તમારા દેશમાં ઘણાં લોકો દ્વારા સતામણીનો સામનો કરો, તો આ બધી બાબતો ઉમેરાઈને યાતનામાં પરિણમી શકે. **મારા રાજકીય મંતવ્ય, ચોક્કસ સામાજીક જૂથ,** જાતિ, **ધર્મ, કે રાષ્ટ્રીયતાને લીધે** યાતના **થવાનો અર્થ શું થાય?**



પોતાના દેશમાં ભયનો સામનો કરતી દરેક વ્યક્તિ આશ્રય સ્થાન મેળવવા કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરતી નથી. તમે તમારા કેસમાં માત્ર ત્યારે જ સફળ થઇ શકો જો તમે જેનાથી ડરતા હો તે વ્યક્તિ કે લોકોએ તમને યાતના આપી હોય અથવા નીચે જણાવેલા કારણો પૈકી એક કારણસર તમને યાતના આપવા ઈચ્છતા હોયઃ

**તમારું રાજકીય મંતવ્ય**. ઘણાં લોકો પોતાના રાજકીય મંતવ્યોને લીધે યાતનાથી પીડાતા હોય છે. તમે સરકારને ટેકો આપો કે વિરોધ કરો તેનાથી બહુ ફરક પડતો નથી. પોતાના રાજકીય મંતવ્યો માટે યાતના વેઠી હોવાને લીધે આશ્રય સ્થાન મેળવનારા લોકોમાં સમાવેશ થાય છેઃ એ વિદ્યાર્થીઓ જેઓ સરકાર, યુનિયન ચળવળવિદો, રાજકીય જૂથોના સભ્યો, અને સરકારના સભ્યો વિરુદ્ધ પ્રદર્શનો કે હડતાળોમાં ભાગ લીધો હોય.

કેટલીક વાર, તમારે કોઇ રાજકીય મંતવ્ય ના હોય, તો પણ કોઇ વ્યક્તિ તમારી સાથે દુર્વ્યવહાર કરી શકે કારણ કે તે કે તેણી વિચારે કે તમે કોઇ ચોક્કસ રાજકીય મંતવ્ય ધરાવો છો. તે કે તેણી તમારા નિવાસનું નગર, તમારા કુટુંબીજનો, તમારું કાર્ય, તમે સહભાગી થતા હો તે જૂથો, તમે જેની સાથે સમય વિતાવતા હો તે લોકો, કે અન્ય કારણોસર આવું વિચારી શકે. આ કિસ્સામાં, તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા પણ લાયક ઠરી શકો.

કાયદો એ પણ કહે છે કે જો તમે ગર્ભપાત કે વંધ્યત્વ કરાવવાના દબાણથી ડરતા હતા કે ડરતા હો, અથવા જો દબાણયુક્ત વસ્તી નિયંત્રણના કાર્યક્રમમાં સહભાગી થવાનો ઈનકાર કર્યો અથવા ઈનકાર કરવાને લીધે તમે યાતનાના ભયથી ગભરાતા હતા કે ગભરાતા હો, તો તમારા રાજકીય મંતવ્યને લીધે તમને યાતના આપવામાં આવી હતી અથવા તમે યાતનાનો સામનો કરો છો.

**તમારું સામાજીક જૂથ.** ઘણાં લોકો પોતે ચોક્કસ "સામાજીક જૂથ"નો ભાગ હોવાને લીધે યાતનાથી પીડાતા હોય છે. સામાજીક જૂથનો અર્થ એ લોકોનો થાય છે જેઓ પોતાના વિશે ચોક્કસ માહિતી કે બાબતો વહેંચતા હોય જે તેઓ બદલી ના શકે અથવા તેઓએ બદલવી ના

જોઇએ. ઉદાહરણ તરીકે, તેઓ એક જ કુટુંબ, પૂર્વજ કે જાતિ, અથવા વંશીય જૂથના સભ્યો હોય, અથવા ચોક્કસ જાતિય અભિમુખતા ધરાવતા હોય.

ઉદાહરણ તરીકે, ધારી લો કે કોઇ દેશની સરકાર આખી સંસ્કૃતિ નષ્ટ કરવા ઇચ્છતી હોય, અને ચોક્કસ જાતિના સભ્યોને મારી નાખે. જાતિના સભ્યો "સામાજીક જૂથ"ના હોવાને લીધે તેઓને યાતના આપવામાં આવતી હોય. અથવા ધારી લો કે કોઇ દેશની ગેરિલા જાતિ માર્ટિનેઝ તરીકે જાણીતા કુટુંબના સભ્યોનું અપહરણ કરે. જો ગેરિલાઓ કોઇ કુટુંબમાં માર્ટિનેઝ કુટુંબીજનો સભ્ય હોવાને લીધે તેઓ સાથે દુર્વ્યવહાર કરતા હોય, તો માર્ટિનેઝ કુટુંબને સામાજીક જૂથ ગણી શકાય.

તમે સમલૈંગિક હોવાને લીધે જો તમને ઇજા પહોંચાડાઇ હોય, ધમકી અપાઇ હોય કે સતાવ્યા હોય અથવા તમારી સાથે આ બધું કરવામાં આવી શકે, તો તમારી યાતના સામાજીક જૂથને લીધે થઇ ગણવામાં આવી શકે. દાખલા તરીકે, જો તમારા દેશની સરકાર લોકો સમલૈંગિક હોવાને લીધે તેઓ પર યાતના કરતી હોય, અને તમે સમલૈંગિક હો અને તમને યાતના આપવામાં આવી હોય અથવા યાતનાનો ડર હોય, તો તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરી શકો.

કેટલાક દેશોમાં મહિલાઓ કોઇ સામાજીક જૂથનો ભાગ હોઇ શકે, જો એક મહિલા હોવાને લીધે અને ખાસ કરીને જો તેઓ દુર્વ્યવહારનો વિરોધ કરે, તો તેઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હોય તેવું બની શકે. ઉદાહરણ તરીકે, કેટલાક દેશોમાં, મહિલાઓ ચોક્કસ ઉંમરની થાય એટલે તેઓની જનનેન્દ્રિય કાપવાનો વ્યવહાર છે. જો તમને આવો ડર સતાવતો હોવાને લીધે અથવા તમે મહિલા છો તેથી બીજા કોઇ ગંભીર દુર્વ્યવહારને લીધે અને તમે તે દુર્વ્યવહાર સાથે સંમત ન થતા હોવાના કારણસર, તમે તમારા દેશમાં પાછા જતા ડરતા હો, તો તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરી શકો.

**<u>તમારી જાતિ</u>**. ઘણાં લોકોને તેઓની જાતિને લીધે તેઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હોય છે. જો તમને યાતના આપવામાં આવી હોય અથવા તમારી ત્વચાના રંગ, મૂળ દેશ, કે પશ્ચાદભૂના કારણે તમને જુલમનો ભય રહેતો હોય, તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરી શકો.

**<u>તમારો ધર્મ</u>**. ઘણાં લોકોના ધર્મને લીધે તેઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હોય છે. જો તમને તમારા ધર્મનું પાલન કરવાની છૂટ ન આપવામાં આવતી હોય, અથવા તમારી ધાર્મિક માન્યતાઓને લીધે તમારી સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હોય, તો તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરી શકો.

**<u>તમારી રાષ્ટ્રીયતા</u>**. રાષ્ટ્રીયતાનો અર્થ તમે જે મૂળ દેશમાંથી આવતા હો તે અથવા તમારી નાગરિકતાનો દેશ થાય છે. એક ઉદાહરણ છે, જો તમે અલ સાલ્વાડોરના નાગરિક હો પરંતુ હોન્ડુરાસમાં રહેતા હો, અને તમે સાલ્વાડોરના નાગરિક હોવાને લીધે તમને યાતના આપવામાં આવતી હોય.

આશ્રય સ્થાન મેળવવા લાયક ઠરવા, તમારે આ સ્થાપિત કરવાનું રહેશે કે તમારી જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, ચોક્કસ સામાજીક જૂથ કે રાજકીય મંતવ્ય તમે ડરતા કે અનુભવતા હો તે યાતના માટે ઓછામાં ઓછું એક કેન્દ્રિય કારણ હતું અથવા હશે.

**શું હું જેનાથી ડરતો/ડરતી હોઉ તે વ્યક્તિ કે લોકો સરકારમાં હોવા જ જોઈએ?**

ના. તમને જેનાથી ડર હોય તે વ્યક્તિ કે લોકો પોતે સેના, પોલીસ, સૈનિકો, ચૂંટાયેલા અધિકારીઓ, કે ડેથ સ્ક્વૉડ હોઇ શકે છે, પરંતુ તેઓ એવું જૂથ પણ હોઇ શકે કે જેને સરકાર ગેરિલાઓ કે બીજુ કોઇ વિરોધી જૂથ, સિવિલ પેટ્રોલ, કે બીજા કોઇ પણ જૂથ જેવા સમૂહને જેને સરકાર કાબૂમાં ના લઇ શકતી હોય અથવા તેઓને કાબૂમાં રાખવા ન ઇચ્છતી હોય.

**જો મને અંગત કારણોસર ધમકી આપવામાં આવે કે મારી સાથે દુર્વ્યવહાર કરવામાં આવે તો શું?**

જો કોઇ વ્યક્તિ માત્ર અંગત કારણોસર તમને યાતના આપે, તો તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરી શકતા નથી. ઉદાહરણ તરીકે, જો તમારે દેવું હોય અને તમને ઉછીના નાણાં આપનારા લોકો તે કારણસર તમારી પાછળ પડયા હોય, તો આ આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાનો આધાર બનતો નથી. તમને ઉછીના નાણાં આપનાર વ્યક્તિ સૈનિક હોય, તો પણ સમસ્યા ચોક્કસપણે અંગત, તમારા બંને વચ્ચેની હોઇ શકે.

જો કે, જો કોઇ વ્યક્તિ વિવિધ કારણોસર તમારી પાછળ પડી હોય, તો આમાંનું બધું અંગત ન હોય, તો પણ તમે લાયક ઠરી શકો. ઉદાહરણ તરીકે, જો તમને ઉછીના નાણાં આપનાર સૈનિક તમે સરકારને ઉથલાવવા માગતી વ્યક્તિ હોવાનું સૈન્યને જણાવવાની ધમકી આપે, તો એવું બની શકે કે રાજકીય કારણોસર તમને યાતના આપવામાં આવે (કારણ કે સરકાર વિચારશે કે તમે સરકારના શત્રુ છો) અને પછી તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા ખરેખર લાયક ઠરી શકો.

**જો આમાંના કોઇ એક કારણસર મને ભૂતકાળમાં યાતના આપવામાં આવી હોય, પણ જો હું મારા દેશમાં પાછો/પાછી જઉ, તો આમાંના કોઇ એક કારણસર ભવિષ્યમાં યાતના આપવામાં આવશે નહીં?**

બે શક્ય રીતે તમને આશ્રય સ્થાનની મંજૂરી મળી શકે.

1. ઇમિગ્રેશન ન્યાયાધીશ કે DHS જુએ કે તમે એટલી ભયંકર યાતના સહન કરી છે કે તમે તમારા દેશમાં પાછા ન જવા જોઇએ. તમે ભૂતકાળમાં પીડાયા હો તે બધી વિગતો DHS કે ઇમિગ્રેશન ન્યાયાધીશને જણાવવી મહત્વની હોય છે!
2. તમને ઉપર જણાવેલા પાંચ કારણો પૈકી એક કારણસર યાતના આપવામાં આવી હતી અને જો તમે પાછા જાવ તો બીજા કોઇ કારણસર તમને ગંભીર ઇજા પહોંચાડવામાં આવશે. અહીં ઉદાહરણ આપ્યું છેઃ તમને ભૂતકાળમાં તમારા ધર્મને લીધે યાતના આપવામાં આવી હતી. તમારા દેશમાં પરિસ્થિતિ સુધરી છે અને તમારા ધર્મના લોકોને હવે બિલકુલ યાતના આપવામાં આવતી નથી. પણ, તમને તમારા દેશમાં પાછા જવાનો ડર છે કારણ કે તમને બીજા કોઇ કારણસર ગંભીર રીતે ઇજા પહોંચાડવામાં આવશે.

તમે આશ્રય સ્થાન મેળવવા સક્ષમ હોઈ શકો.

કૃપા કરી નોંધી લો કે INA ની કલમ 241(b)(3) હેઠળ આ બે પૈકી કોઈ પણ રીતે, તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાય તેવું થઈ શકતું નથી. તમે સંભવિતપણે માત્ર આશ્રય સ્થાન મેળવી શકો છો.

### જો મારી યુદ્ધમાં સહભાગી ન થવાની ઈચ્છાને લીધે હું ભાગી જઉં, તો શું?

સૌથી પહેલા, તે આધાર રાખે છે, તમારી સહભાગી ન થવાની ઈચ્છા શા માટે છે. જો તમે તમારી સૈન્યની નોકરી બસ ન કરવા ઈચ્છો અથવા જો તમે સૈન્ય કે ગેરિલાઓમાં જોડાવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તમે તમારા કુટુંબ સાથે રહેવા ઈચ્છો છો, અને એ કારણથી નહીં કે તમે નૈતિક રીતે, ધાર્મિક રીતે, કે રાજકીય દૃષ્ટિએ એક કે બીજી બાજુનો વિરોધ ન કર્યો હતો, તો આ કારણસર આશ્રય સ્થાન મેળવવું બહુ મુશ્કેલ બને છે. બીજા શબ્દોમાં, એ બતાવવું મુશ્કેલભર્યું હોય છે કે તમારા રાજકીય મંતવ્યને લીધે તમને યાતના આપવામાં આવશે નહીં જો તમારે કોઈ રાજકીય મંતવ્ય ન હોય.

તે આની પર પણ આધાર રાખે છે કે તમને યાતના શા માટે આપવામાં આવશે. જો તમારી સૈન્યની નોકરી કરવાનો ઈનકાર સરકાર કે ગેરિલાને એ માનવા પ્રેરે કે તમે બીજી બાજુને ટેકો આપો છો, અથવા જો તેઓ તમને તેઓના દુશ્મન માનતા હોવાને લીધે, તમારી સાથે દુર્વ્યવહાર કરે, તો એવું કહી શકાય કે સરકાર કે ગેરિલા તમારા રાજકીય મંતવ્યને લીધે તમને યાતના આપશે (અથવા તેઓ વિચારે કે તમે ચોક્કસ રાજકીય મંતવ્ય ધરાવો છો). પરંતુ જો, ઉદાહરણ તરીકે, સરકારના સભ્યો તમે સૈન્યની નોકરીમાં સહભાગી ન થવાની સજા તરીકે તમારી અટકાયત કરે કે તમને કેદમાં મૂકે, અને ના કે તમે ગેરિલાને ટેકો આપતા હોવાનું તેઓ વિચારતા હોવાના કારણસર, તો તમારી પાસે રાજકીય આશ્રય સ્થાનનો દાવો કરવાનો આધાર નથી, કારણ કે તેમાં તમારા પોતાના રાજકીય મંતવ્ય સાથે સાંકળવા જેવું કશું નથી.

આશ્રય સ્થાન મેળવવા અરજી કરતા લોકો માટે યુદ્ધમાં સહભાગી થવાનો ઈનકાર કર્યા પછી એક બહુ સામાન્ય સમસ્યા એ હોય છે કે ન્યાયાધીશ એમ કહી શકે કે તેઓએ ભોગવેલી યાતનાનું કારણ સરકાર કાયદાનું અમલીકરણ કરાવવા ઈચ્છતી હોવાનું છે, અને નહીં કે સરકાર લોકોના રાજકીય મંતવ્યો માટે લોકોને યાતના આપતી હોવાના કારણસર. તમે આશ્રય સ્થાન મેળવવા લાયક ઠરવા સક્ષમ હોઈ શકો, જો તમે બતાવો કે તમે અથવા એવી જ પરિસ્થિતિમાં અન્ય લોકોને યાતના અપાઈ છે, મારી નખાયા છે, અથવા કાયદો મંજૂરી ન આપે તેવી રીતે દુર્વ્યવહાર કરાયો છે, કારણ કે તે એવું બતાવી શકે કે તમને રાજકીય કારણોસર યાતના આપવામાં આવતી હતી અથવા આપવામાં આવશે અને માત્ર તમારા દેશમાં કાયદાના અમલીકરણ કરવાના કારણસર નહીં.

### જો હું મારું જીવન સુધારવા આવ્યો હોઉં અને મને મારા દેશમાં ભય ના હોય, તો શું હું આશ્રય સ્થાન મેળવવા કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા લાયક ઠરીશ?

જો તમારું યુનાઈટેડ સ્ટેટ્સમાં આવવાનું કારણ માત્ર કામની ઉણપ કે ગરીબાઈ હતું, તો તમે લાયક ઠરશો નહીં. પણ, જો તમે ગરીબ

હોવાને લીધે યુ.એસ.માં આવ્યા હતા અને એ કારણસર પણ કે તમને તમારા રાજકીય મંતવ્ય, સામાજીક જૂથ, જાતિ, રાષ્ટ્રીયતા, કે ધર્મને લીધે તમારા દેશમાં તમારી સાથે દુર્વ્યવહાર થવાનો તમને ભય હતો, તો તમે લાયક ઠરી શકો.

### જો બીજા કોઇ કારણસર મને દુર્વ્યવહારનો ડર સતાવતો હોય તો શું?

અમે સમજાવેલા પાંચ કારણો પૈકી એક કારણ હોવાને લીધે તમે યાતના થયેલી બતાવી ના શકો, તે સિવાય તમે INA ની કલમ 241(b)(3) આશ્રય સ્થાન કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાનું મેળવી શકતા નથી. પરંતુ જો તમારા દેશમાં કોઇ અધિકારી તમને યાતના આપશે તેવો ડર તમને હોય અથવા જો તમે બતાવો કે તમારી સરકાર તમને યાતના આપવા પોતાની ઈચ્છાથી મંજુરી આપશે, પરંતુ અમે સમજાવેલા પાંચ કારણો પૈકી કોઇ એક કારણ સાબિત ના કરી શકો, તો તમે યુ.એસ.માં આના આધારે રક્ષણ મેળવી શકો, **"યુનાઈટેડ નેશને યાતના અને અન્ય નિર્દય, અમાનવીય કે હલકો વ્યવહાર કે સજા સામે બોલાવેલી સભા" (અથવા ટૂંકાણમાં, "યાતના સામે બોલાવેલી સભા").** યાતના સામે બોલાવેલી સભા હેઠળ રક્ષણ માટે અરજી કેવી રીતે કરવી તે અંગે અમારી ચર્ચા માટે આ માહિતી પુસ્તક વાંચતા રહો.

### કોણ આશ્રય સ્થાન ન મેળવવા કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા લાયક ઠરતું નથી?

**કાયદો તમને આશ્રય સ્થાન મેળવવા અરજી કરવાની છૂટ આપતું નથી જોઃ**

1) તમે આશ્રય સ્થાન અરજી કરતા પહેલાં યુ.એસ.માં એક વર્ષથી વધારે સમય રહ્યાં હતા (આ નિયમ સામે અપવાદો રહેલા છે!).

2) તમે અગાઉ યુ.એસ.માં ઈમિગ્રેશન કોર્ટમાં આશ્રય સ્થાન મેળવવા અરજી કરી હતી અને તમે તે હારી ગયા હતા (આ નિયમ સામે પણ અપવાદો રહેલા છે!).

**કાયદો તમને આશ્રય સ્થાનની મંજૂરી મેળવવાની છૂટ આપતું નથી જોઃ**

1) તમે બીજા કોઇ દેશમાં સખત જોડાણો સ્થાપ્યા હોય જે, તમે ત્યાં "દૃઢપણે પુનઃસ્થાપિત" છો તેવું માનવામાં આવે.

2) તમે કોઇ "ભયંકર ગુના"માં ગુનેગાર સાબિત થયા હો (આગળ સમજાવ્યું છે).

3) તમે "ખાસ કરીને ગંભીર ગુના"માં ગુનેગાર સાબિત થયા હો અને તમે સમુદાય પ્રત્યે ભયજનક હો (આગળ સમજાવ્યું છે).

4) તમે કોઇ વ્યક્તિની જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, કોઇ ચોક્કસ સામાજીક જૂથમાં સભ્યપદ હોવાને, કે રાજકીય મંતવ્ય આપ્યું હોવાને લીધે તેમને કે તેણીને યાતના આપવામાં સહભાગી રહ્યાં.

5) તમે યુ.એસ. બહાર ગંભીર ગુનો આચર્યો હોય જે રાજકીય ગુનો ન હતો.

6) તમને ત્રાસવાદી માનવામાં આવતા હોય અથવા તમે યુનાઈટેડ સ્ટેટ્સની સુરક્ષા માટે ભય હો.

**કાયદો તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની છૂટ આપતું નથી જોઃ**

1) તમે "ખાસ કરીને ગંભીર ગુના"માં ગુનેગાર સાબિત થયા હો અને તમે સમુદાય પ્રત્યે ભયજનક હો (આગળ સમજાવ્યું છે).
2) તમે કોઇ વ્યક્તિની જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, કોઇ ચોક્કસ સામાજીક જૂથમાં સભ્યપદ હોવાને, કે રાજકીય મંતવ્ય આપ્યું હોવાને લીધે તેમને કે તેણીને યાતના આપવામાં સહભાગી રહ્યાં.
3) તમે યુ.એસ. બહાર ગંભીર ગુનો આચર્યો હોય જે રાજકીય ગુનો ન હતો.
4) તમને ત્રાસવાદી માનવામાં આવતા હોય અથવા તમે યુનાઈટેડ સ્ટેટ્સની સુરક્ષા માટે ભય હો.

જો તમારો "ભયંકર ગુના" માટે ગુનાહિત ચુકાદો આવ્યો હોય, તો તમે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને પાત્ર હોઇ શકો કે ના પણ હો. જો તમે એક કે વધારે ભયંકર ગુનાઓમાં સામેલ રહ્યાં હો અને તે ભયંકર ગુનાઓ માટેની સજાઓ ઉમેરાઇને પાંચ વર્ષ સુધીની થતી હોય, તો તમે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને પાત્ર ઠરતા નથી. જો તમારા ભયંકર ગુના માટેની સજાઓ પાંચ વર્ષથી ઓછી થતી હોય, તો તમે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને પાત્ર હોઇ શકો પરંતુ માત્ર તો જ, જો તમે ગુનો કે ગુનાઓ "ખાસ કરીને ગંભીર" ન હોવાનું સાબિત કરી શકો. આપણે આ પ્રકારનો કેસ કેવી રીતે તૈયાર કરવો તે અંગે પછીથી ચર્ચા કરીશું.

**આગમનના એક વર્ષની અંદર આશ્રય સ્થાન મેળવવા માટે અરજી કરવાનો નિયમ શું છે?**

તા. 1 એપ્રિલ, 1998થી શરૂ કરીને, તમે અરજી ફાઇલ કરતા પહેલાં એક વર્ષથી ઓછા સમયથી યુ.એસ.માં રહ્યાં હો તેવું બતાવી શકો તે સિવાય તમે આશ્રય સ્થાન માટે અરજી ના કરી શકો. તમે અહીં જેટલા સમયથી રહેતા હો તે ન્યાયાધીશ સમક્ષ સાબિત કરવાની જવાબદારી તમારી રહે છે. આ નિયમના કેટલાક અપવાદો છે.

**એક-વર્ષની સમય સીમા તમને લાગુ પડતી નથી જો તમે બતાવો કે તમે યુનાઈટેડ સ્ટેટ્સમાંથી આવ્યા ત્યારથી, નીચેની બે બાબતોમાંથી એક થઇ હતી:**

1) "**મહત્વના ફેરફારો** થયા છે" - જેમ કે તમારા ઘરેલું દેશમાં, તમારા જીવનમાં, કે યુ.એસ.ના આશ્રય સ્થાનના કાયદાઓમાં - જે તમારો આશ્રય સ્થાનના કેસને અસર કરે છે. ઉદાહરણ તરીકે, જો તમે 2 વર્ષથી યુનાઈટેડ સ્ટેટ્સમાં હતા અને પછી તમારા દેશમાં એવી સરકાર સત્તામાં આવી જે તમારા જેવા લોકોને યાતના આપે છે, તો તમે બતાવી શકો કે તમારે આશ્રય સ્થાન માટે પહેલાં અરજી ન કરવા સારું કારણ રહેલું છે (કારણ કે તમને પહેલાં ભય ન હતો).

**અથવા**

2) એવા **"અસાધારણ સંજોગો"** હતા કે જેની પર તમારો કોઇ કાબૂ ન હતો (એનો અર્થ એ થાય કે તમે અસામાન્ય પરિસ્થિતિમાં હતા) જે તમને યુ.એસ.માં તમારા પ્રવેશ મેળવ્યાના એક વર્ષની અંદર આશ્રય સ્થાન મેળવવા કાગળો ફાઇલ કરવા તમને તોકતા હતા. અહીં કેટલાક ઉદાહરણો આપ્યા છેઃ

- તમે બહુ બીમાર હતા
- તમે લાંબા સમયથી માનસિક કે શારીરિક સમસ્યા હતી, જેમાં તમારી સામે હિંસાને લીધે અથવા તમે પીડાયા હો તે યાતનાને લીધે થયેલી માનસિક કે શારીરિક સમસ્યાઓ સામેલ છે.
- તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હતી અને તમે તમારા માતા-પિતા કે કાયદેસર વાલી વગર રહેતા હતા
- તમારે વકીલ હતા અને તમારા વકીલે તમને ન જણાવ્યું કે તમારે યુ.એસ.માં પ્રવેશ્યાના એક વર્ષની અંદર કાગળો ફાઇલ કરવા પડે.
- તમે યુ.એસ.માં આવ્યાના એક વર્ષની અંદર તમારી અરજી ફાઇલ કરી હતી પરંતુ કોઇક કારણસર તે તમને પાછી મોકલાઇ હતી અને તમે તે તરત ફરી ફાઇલ કરી હતી.
- તમારા વકીલ કે તમારા કોઇ કુટુંબીજન મૃત્યુ પામ્યા હતા અથવા તેઓને ગંભીર બીમારી હતી
- તમારે વિશેષ કાયદા હેઠળ "હંગામી રક્ષિત સ્થિતિ" છે; નોન-ઇમિગ્રાન્ટ વીઝા; કાયદેસર કાયમી રહેવાસી છો; અથવા "પૅરોલ" તરીકે ઓળખાતી સ્થિતિમાં છો.

તમને યુ.એસ.માં પ્રવેશ્યાના એક વર્ષની અંદર અરજી ફાઇલ કરતા ભલે કોઇ બાબતે રોક્યા હોય, તો પણ તમારે બતાવવું પડે છે કે તમે "વ્યાજબી" પ્રમાણના સમયમાં આશ્રય સ્થાન માટે અરજી ફાઇલ કરી રહ્યાં છો. ઉદાહરણ તરીકે, જો તમારા દેશમાં બદલાયેલી સરકારોએ તમને 2 વર્ષ પહેલાં ભયમાં મૂક્યા હતા અને તમે તે વિશે જાણતા હતા, તો ન્યાયાધીશ એ શોધી કાઢે તેવી શક્યતા છે કે તમે બહુ લાંબો સમય રાહ જોઇ અને હવે અરજી કરી શકતા નથી.

☞ **જો તમે તમારી આશ્રય સ્થાન અરજી યુનાઈટેડ સ્ટેટ્સમાં આવ્યાના એક વર્ષથી વધારે સમય પછી ફાઇલ કરી રહ્યાં હો,**

**તો તમે શા માટે રાહ જોઇ તે** નાયાધીશને **સમજાવવા તૈયાર રહો!**

તમે તમારી આશ્રય સ્થાન અરજી સાથે તમારું રાહ જોવાનું કારણ બતાવી શકો તેવા કોઇ પુરાવાને સામેલ કરો. ઉદાહરણ તરીકે, જો તમને શારીરિક કે માનસિક સમસ્યાઓ હતી, તો તમારા તબીબ કે કાઉન્સેલર પાસેથી પત્ર મેળવો, જો તમે તેઓમાંથી કોઇ પાસે ગયા હો.

**યાદ રાખો જો ન્યાયાધીશ નક્કી કરે કે તમે એક વર્ષની સમય મર્યાદા ચૂકી ગયા અને એ કે તમે આશ્રય સ્થાન માટે અરજી ના કરી શકો, તો તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા તમે હજુ પણ અરજી કરી શકો.**

**જો તમને યુ.એસ.માં પહેલા આશ્રય સ્થાનનો ઈનકાર કરવામાં આવ્યો હતો, તો નિયમ શું છે?**

જો તમે યુ.એસ.માં આશ્રય સ્થાન મેળવવા એસાયલમ ઑફિસમાં અરજી કરી હતી પરંતુ ઈમિગ્રેશન કોર્ટમાં નહીં, તો તમે આશ્રય સ્થાન મેળવવા ફરી અરજી કરી શકો છો. તે કિસ્સામાં, તમારે "એસાયલમ ઑફિસર" તરીકે ઓળખાતી વ્યક્તિ સાથે ઈન્ટરવ્યૂ થયો પણ હોય. પરંતુ જો તમે આશ્રય સ્થાન મેળવવા અરજી કરી અને ઈમિગ્રેશન ન્યાયાધીશ કે બોર્ડ ઑફ ઈમિગ્રેશન અપીલ્સ તરીકે ઓળખાતી ઉપલી અદાલતે તમને આશ્રય સ્થાન આપવાનો ઈનકાર કર્યો હતો, તો તમે આશ્રય સ્થાન મેળવવા હવે અરજી કરી શકતા નથી.

જો કે, આ નિયમ લાગુ પડે નહીં જો તમે બતાવી શકો કે તમે તમારા આશ્રય સ્થાન કેસમાં હારી ગયા ત્યારથી મહત્વના ફેરફારો થયા છે અથવા "અસાધારણ સંજોગો" રહેલા છે, જેવા કે અમે જે હમણાં જ સમજાવ્યા, તે તમારા કેસના સમયે ઉપસ્થિત હતા. **તેમજ, યાદ રાખો કે આ નિયમ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની અરજી કરવા સક્ષમ બનાવતા રોકતો નથી.**

**જો તમે યુ.એસ.માં આવતા પહેલાં કોઈ જગ્યાએ "પુનઃસ્થાયી" થયા હતા, તો નિયમ શું છે?**

તમે આશ્રય સ્થાન મેળવવાને પાત્ર હોતા નથી, જો તમે તમારો દેશ છોડયા પછી, બીજા કોઈ દેશમાં "સારી રીતે પુનઃસ્થાયી" થયા હતા. આનો અર્થ એ થાય કે બીજા દેશે ત્યાં કાયમી ધોરણે રહેવા તમને કાયદેસર કાયમી વસવાટ, નાગરિકતા, કે બીજા કોઈ પ્રકારની પરવાનગી આપી હતી. જો કે, તમે "સારી રીતે પુનઃસ્થાયી" હોતા નથી જો તમે બતાવી શકોઃ

1) તમારે યુ.એસ.માં આવતા પહેલાં યાતનામાંથી છુટકારો મેળવવા બીજા કોઈ દેશ (કે દેશો) માં થઈને જવું પડયું હતું અને એ કે તમે માત્ર તમારો પ્રવાસ ચાલુ રાખવા જરૂરી સમય સુધી ત્યાં રહ્યા હતા, અને તમે તે દેશ સાથે તમે મહત્વના જોડાણો બનાવ્યા ન હતા જે તમને કાયદેસર રીતે રહેવા દે (જેમ કે મિલકત ખરીદી અથવા લગ્ન કરવા). અથવા

2) તમે ત્યાં સામાન્ય જીવન જીવવા દેવાતા નહતા કારણ કે તમારે નોકરી કરવાનો, પોતાની મિલકત વસાવવાનો, સુઘડ આવાસમાં રહેવાનો, શાળાએ જવાનો, અને છેવટે તે દેશના નાગરિક બનવા જેવી બાબતો પર નિયંત્રણો હતા.

**ભયંકર ગુનામાં ગુનેગાર ઠેરવતો ચુકાદો શું હોય છે અને મેં જો આવો કોઈ ગુનો કર્યો હોય, તો શું?**

તમે આશ્રય સ્થાન મેળવવા લાયક ઠરતા નથી જો તમે ભયંકર ગુનામાં ગુનેગાર સાબિત થયા હો, પરંતુ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અરજી કરવા તમે સક્ષમ હોઈ શકો જો તમારી સજા પાંચ વર્ષથી ઓછી હતી.

નીચે કેટલાક સૌથી સામાન્ય ભયંકર ગુનાઓ જણાવ્યા છે. પૂરી યાદી માટે, યુનાઈટેડ સ્ટેટ્સ કૉડનું વૉલ્યુમ 8, સેક્શન 1101(a)(43), અથવા ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી ઍક્ટની કલમ 101(a)(43) જુઓ.

ભયંકર ગુનાઓમાં ગણવામાં આવતા ગુનાઓ છેઃ

- બળાત્કાર
- બાળક પર જાતીય અત્યાચાર
- હત્યા
- અગ્નેયસ્ત્રને લગતા ગુનાઓ, પ્રતિબંધિત અગ્નેયસ્ત્ર કબજામાં રાખવા સહિત
- પરદેશથી દાણચોરી કરવાનો ગુનો (સિવાય કે તે તમારો પહેલો પરદેશથી દાણચોરીનો ગુનો હતો અને તમે તમારા પતિ, પત્ની, બાળક, કે માતા-પિતાને માત્ર મદદ કરી રહ્યાં હતા)
- છેતરપિંડી કે આવક વેરાની કરચોરી, જો ભોગ બનનારે $10,000 થી વધારે ગુમાવ્યા હતા
- નાણાકીય હેરફેરની ગેરરીતિઓ ($10,000થી વધારે)

ચોક્કસ નશીલી દવાઓના ગુનાઓ કે અગ્નેયસ્ત્રો, વિસ્ફોટક સાધનો કે દવાઓની ગેરકાયદેસર હેરાફેરી.
નશીલી દવાઓની ગેરકાયદેસર હેરાફેરીમાં સામેલ છે:

- પરિવહન, વહેંચણી, આયાત કામગીરી;
- વેચાણ અને વેચાણ માટે કબજો રાખવો;
- **ચોક્કસ કોકેઈન રાખવાના ગુનાઓ** (તમારો કેસ કઈ અપીલ્સ ન્યાયવિસ્તાર સરકિટ કોર્ટમાં છે તેને આધારિત);
- **ચોક્કસ** સાદા **નશીલી દવા કબજામાં રાખવાના ગુનાઓ**

ચોક્કસ ગુનાઓ જેના માટે તમને એક વર્ષ કે વધારે સમયની સજા થઇ હોય, (તમે સજા કાપી હોય કે ના હોય) જેમાં આમાંનો કોઇ ગુનો સામેલ છેઃ

- ચોરી (ચોરાયેલી સંપત્તિ રાખવા સહિત)
- ઘરફોડ ચોરી
- હિંસક ગુનો (કોઇ વ્યક્તિ કે મિલકતની સામે કરેલો બળપ્રયોગના કોઇ જોખમ સહિત, પછી ભલે કોઇ બળપ્રયોગ ન કર્યો હોય)
- દસ્તાવેજી છેતરપિંડી (જેમા ખોટા કાગળો રાખવા, વાપરવા કે બનાવવા) - સિવાય કે તે પહેલો ગુનો હતો અને તમે તે માત્ર તમારા પતિ, પત્ની, બાળક, કે માતા-પિતાને મદદરૂપ થવા કર્યો હતો
- ન્યાયમાં વિઘ્ન ઊભું કરવું, ખોટી જુબાની, સાક્ષીને લાંચ આપવી
- વાણિજ્યક લાંચ આપવી, નકલી વસ્તુ પધરાવવી, બનાવટી દસ્તાવેજ બનાવવો, ઓળખ બદલીને વાહનોમાં ગેરકાયદેસર

હેરાફેરી કરવી

- ચોક્કસ જુગારના ગુનાઓ, જેના માટે એક વર્ષ કે વધારે સમયગાળાની કેદ લાગુ *થઇ શકે*;
- હાજર રહેવામાં નિષ્ફળ જવું જો તમે નીચેના માટે ગુનેગાર સાબિત થયા હો (1) ભયંકર ગુનાના આરોપ માટે કોર્ટની તારીખ ચૂકી જવી જેના માટે તમને ઓછામાં ઓછી 2 વર્ષની સજા થઇ શકતી હોય (પછી ભલે તમને 2 વર્ષની સજા આપવામાં ના આવી હોય) અથવા (2) એ ગુના માટે સજા ભોગવવા હાજર ન થવું જેની તમને 5 વર્ષની સજા થઇ શકતી હોય

તમે ભયંકર ગુનેગાર છો જો તમે ઉપર જણાવેલા ગુનાઓમાંથી કોઇ એક ગુનો આચરવાનો **પ્રયત્ન કરવા કે કાવતરું** ઘડવા બદલ ગુનેગાર પણ સાબિત થયા હો.

જો તમે ભયંકર ગુનામાં ગુનેગાર સાબિત થયા હો અને તમે ઈમિગ્રેશન વકીલ પાસેથી સહાયતા મેળવી શકો, તો તમારા વકીલને તમને ગુનેગાર સાબિત કરતા ચુકાદાની કાળજીપૂર્વક સમીક્ષા કરવા કહો. કેટલીક વાર ઈમિગ્રેશન વકીલ દલીલ કરતા હોય છે કે તમારો ચુકાદો ભયંકર ગુનાને લગતો નથી. તેમજ, કેટલાક કિસ્સાઓમાં, ગુનેગારના બચાવ વકીલ તમારો ચુકાદો ફરી ખોલવામાં સક્ષમ બની શકે જેથી તમારા ચુકાદાની સજા કે તેનો પ્રકાર બદલાવી શકાય.

તમને એક વખત કોઇ ગુનામાં ગુનેગાર ઠેરવવામાં આવે એટલે ગુનાહિત કેસો ફરી ખોલવાનું મુશ્કેલભર્યું હોય છે અને ફોજદારી અદાલતમાં તમારો ચુકાદો બદલવાની માત્ર ચોક્કસ રીતો જ ઈમિગ્રેશન હેતુસર તમારા ચુકાદામાં ફેરફાર કરશે. DHS તમારા ચુકાદામાં કે સજામાં ફેરફારનો વિરોધ કરી શકે જો ફેરફાર માત્ર તમને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી બહાર કાઢવાનું ટાળવા માટે કરવામાં આવે. આ અંગે વધુ જાણવા, તમારે અનુભવી ઈમિગ્રેશન વકીલ સાથે વાત કરવાની જરૂર પડશે.

**જો મને ભયંકર ગુનામાં ગુનેગાર ઠેરવાયો હોય પણ મારી સજા 5 વર્ષથી ઓછી હોય, તો શું?**

તે કિસ્સામાં, તમે આશ્રય સ્થાન મેળવવાને પાત્ર ના પણ હો, પરંતુ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા તમે પાત્ર હોઇ શકો. ન્યાયાધીશે નક્કી કરવાનું રહે છે કે શું તમારો ગુનો “ખાસ કરીને ગંભીર” છે અને જો તેઓ કે તેણી નક્કી કરે કે તેમ છે, તો તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને તમે પાત્ર હશો નહીં. આ નિર્ણય લેવા ન્યાયાધીશ કઇ હકીકતોનો ઉપયોગ કરે છે તે અમે જલ્દી સમજાવીએ છીએ, પરંતુ એ સમજવાનું મહત્વનું છે કે મોટા ભાગના સમયે, ભયંકર ગુનાને “ખાસ કરીને ગંભીર ગુનો” ગણવામાં આવે છે. જો તમે બતાવી શકો કે તમારા ગુના વિશે કશુંક વિશેષ છે જે તેને ઓછો ગંભીર બનાવે છે, માત્ર તો જ ન્યાયાધીશ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાનું વિચારશે.

**જો મેં કોઇ ગુનો કર્યો હોય જે ભયંકર ગુનો <u>ના</u> હોય, તો શું હું આશ્રય સ્થાન મેળવી શકું કે મને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાય તેવું બની શકે?**

કદાચ, પરંતુ નહીં જો ન્યાયાધીશ નક્કી કરે કે તમારો ગુનો “ખાસ કરીને ગંભીર ગુનો” છે. એવી કોઇ જોવા જેવી યાદી નથી જે બતાવે કે તમારો ગુનો “ખાસ કરીને ગંભીર” છે કે નહીં. દરેક કેસ જુદો જુદો હોય છે, અને શું તમારો ગુનો ખાસ કરીને ગંભીર હતો કે કેમ તે નક્કી કરવા

ન્યાયાધીશ 4 બાબતો ધ્યાનમાં લેશે. આ 4 બાબતો છેઃ

1) ગુનાનો પ્રકાર (તે કયા પ્રકારનો ગુનો હતો અને શું થયું હતું);

2) તમને થયેલી સજા (શું તે ભારે કે હળવી સજા હતી);

3) શું તે ગુનો કોઇ વ્યક્તિ વિરુદ્ધ હતો કે મિલકત વિરુદ્ધનો ગુનો હતો; અને

4) શું ગુનાના સંજોગો તમે સમાજ માટે ભયજનક હોવાનું બતાવે છે કે કેમ.

જો તમે કોઇ શસ્ત્રનો ઉપયોગ કર્યો હતો, જો તમને લાંબી સજા થઇ હતી, અથવા જો તમે કોઇને ઈજા પહોંચાડી કે કોઇને ભયમાં મૂક્યા હતા જ્યારે તમે ગુનો કર્યો, તો એવી બહુ શક્યતા રહે છે કે ન્યાયાધીશ નક્કી કરશે કે તમે ખાસ કરીને ગંભીર ગુનો કર્યો હતો અને તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને બંને માટે પાત્ર હશો નહીં.

**જો એવો પુરાવો હોય કે જે ન્યાયાધીશને એ સમજવામાં મદદ કરે કે તમે શા માટે ગુનો કર્યો અથવા શા માટે ગુનો જેમ જણાય છે તેના કરતા ઓછો ગંભીર હતો, તો તમારે તે પુરાવો ન્યાયાધીશ અને DHS ને આપવો જોઇએ.** ઉદાહરણ તરીકે, જો તમે માનસિક સમસ્યાઓથી પીડાઇ રહ્યા હતા જ્યારે તમે ગુનો કર્યો અને તમે આ સમસ્યા માટે તબીબ કે કાઉન્સેલરને મળ્યા હતા, તો તમારે તે વ્યક્તિ પાસેથી પત્ર મેળવીને ન્યાયાધીશને તમારી સ્થિતિ સમજાવવી જોઇએ. જો ગુના વિશે કોઇ કાગળો હોય જે એ બતાવે કે તમે ભયજનક વ્યક્તિ નથી, જેમ કે તમારા ગુનાહિત વકીલનો કે તમે ગુનો કર્યો ત્યારે ત્યાં હાજર રહેલી વ્યક્તિનો આવો પત્ર હોય, તો તે ન્યાયાધીશ અને DHS ને આપો. પરંતુ આવા કાગળો તમે મેળવી શકો ત્યારે વહેલામાં વહેલી તકે મેળવો અને ફાઇલ કરો, કારણ કે તમને તમારા દેશમાં પાછા જવાના ભયના કારણો અંગે સુનાવણી કરતા પહેલાં ન્યાયાધીશ તમારા કેસમાં વહેલો નિર્ણય લઇ શકે છે.

જો તમે તમારો કેસ હારી જાવ કારણ કે ન્યાયાધીશે નક્કી કર્યું હતું કે તમારો ગુનો ખાસ કરીને ગંભીર હતો, અને જો તમે આ નિર્ણય સાથે અસંમત થાવ અને અપીલ કરવા ઈચ્છો, તો તમે તમારી અપીલમાં કહી શકો છો કે તમારો ગુનો ખાસ કરીને ગંભીર હતો તે નક્કી કરવામાં ન્યાયાધીશે ભૂલ કરી હતી, અને તમે તે પાછળનું કારણ સમજાવી શકો છો. અમે અપીલો વિશે ચર્ચા આ માહિતી પુસ્તકના અંતે કરીશું.

**જો મારા ગુના કે ગુનાઓને લીધે મને આશ્રય સ્થાન આપવાનો અથવા મને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાનો ઈનકાર કરવામાં આવે, પરંતુ મારી સરકાર મને યાતના આપે તેનો ડર હોવા પાછળ મારી પાસે સારું કારણ હોય, તો શું?**

અમે પહેલા કહ્યું તે પ્રમાણે, જો તમને ડર હોય કે તમારી સરકાર કે સરકારી અધિકારી તમને યાતના આપશે, તો તમે યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન અગેઇન્સ્ટ ટોર્ચર (CAT) ના લેખ 3 હેઠળ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લઇને રક્ષણ આપવા અરજી કરીને તમને કાઢી મૂકવાનું ટાળવામાં સક્ષમ હોઇ શકો. જો તમે ગંભીર ગુનેગાર હોવાનો ચુકાદો આવ્યો હોય તો પણ આ લાગુ

થઇ શકે. અમે આ પ્રકારના રક્ષણની વધુ વિગતવાર ચર્ચા નીચે કરી છે.

**કોઇએ બીજા કોઇને યાતના આપી છે તે અંગે નિયમ શું છે?**

જો તમે કોઇના રાજકીય મંતવ્ય, ચોક્કસસ સામાજીક જૂથ, વંશીય મૂળ, રાષ્ટ્રીયતા, કે ધર્મને લીધે તે વ્યક્તિને યાતના આપવામાં સહભાગી થયા હતા, તો તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાને લાયક ઠરતા નથી. જો તમે તમારા ઉપરીના હુકમો પ્રમાણે કાર્ય કરી રહ્યાં હતા, તો પણ આ લાગુ થાય છે. જો કે, અન્ય સૈનિકો કે ગેરિલાઓની સામે લડાઇઓમાં લડવાને યાતના કહેવાતી નથી.

**શું અન્ય ગુનાઓ કે કાર્યો માટે ન્યાયાધીશ મને આશ્રય સ્થાન આપવાનો કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાનો ઇનકાર કરી શકે?**

જો તમે ગુનેગાર હોવાનો ચુકાદો આવે, તો અમે પહેલા જણાવ્યા પ્રમાણે, તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાય, તે માટે પાત્ર નથી જો ન્યાયાધીશ નક્કી કરેઃ 1) કે તમારા ગુનાઓ "ખાસ કરીને ગંભીર" છે; 2) કે પાંચ રક્ષિત ધોરણોમાંથી એકને લીધે તમે અન્ય લોકોને યાતના આપવામાં સહભાગી થયા હતા; 3) કે તમે યુ.એસ. બહાર ગંભીર ગુનો કર્યો હોય જે રાજકીય ગુનો ન હતો; અથવા 4) કે તમને ત્રાસવાદી કે યુનાઇટેડ સ્ટેટ્સની સુરક્ષાને ભય ગણવામાં આવે. વધુમાં, જો તમે નરસંહાર, યાતના, કે અદાલતી કાર્યવાહીને બહાર રાખીને હત્યાઓમાં સહભાગી થયા હતા, તો તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાય તે માટે પણ તમે પાત્ર ઠરતા નથી. આશ્રય સ્થાન મનસુફીને આધિન રહેતી રાહત હોવાને લીધે, જો ન્યાયાધીશ નક્કી કરે કે તમારા ગુનાઓ "ખાસ કરીને ગંભીર" નથી, તો પણ તેઓ કે તેણી તમે આશ્રય સ્થાન મેળવવાને લાયક છો કે કેમ તેનો નિર્ણય લેતી વખતે તમારા ગુનાઓને ધ્યાનમાં લઇ શકે છે. ન્યાયાધીશ તમારા વિશે અન્ય નકારાત્મક બાબતો પણ વિચારી શકે છે, જેમ કે જો તમે દેશમાં પ્રવેશવા કે કામ કરવા ખોટા કાગળોનો ઉપયોગ કર્યો હોય. પરંતુ ન્યાયાધીશે અન્ય બાબતો પણ ધ્યાનમાં લેવી પડે છે, જેમ કે જો તમને કાઢી મૂકવામાં આવે તો તમે સામનો કરતા હો તે ભય, તમારું આરોગ્ય, તમારી ઉંમર, અને યુનાઇટેડ સ્ટેટ્સમાં તમારા કૌટુંબિક જોડાણો.

યાદ રાખો, આશ્રય સ્થાન મેળવવા કરતા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવો વધારે કઠણ હોય છે કારણ કે તમારે એ બતાવવું જ પડે છે કે જો તમે તમારા દેશમાં પાછા જાવ, તો તમારું જીવન કે સ્વતંત્રતા ભયભીત થવાની શક્યતા ન થવા કરતા વધારે હોય છે. બીજી બાજુ, કેટલાક અપવાદો સાથે, જો તમે એ બતાવવા સક્ષમ બનો કે તમારી જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, રાજકીય મંતવ્ય કે ચોક્કસ સામાજીક જૂથને લીધે તમારું જીવન કે સ્વતંત્રતા ભયભીત થવાની શક્યતા ન થવા કરતા વધારે રહે છે, તો ન્યાયાધીશે તમારી અરજી મંજૂર **અવશ્ય** કરવી પછી ભલે તમે નકારાત્મક પરિબળો ધરાવતા હો. આ નિયમમાં રહેલા અપવાદો છેઃ

- જો તમે "ખાસ કરીને ગંભીર ગુનો" કર્યો હોય;
- જો તમે પાંચ રક્ષિત ધોરણો પૈકી એકને કારણે અન્ય લોકોને યાતના આપવામાં સહભાગી થયા હો;
- જો તમે યુ.એસ. બહાર ગંભીર ગુનો આચર્યો હોય જે રાજકીય ગુનો ન હતો;
- જો તમને ત્રાસવાદી કે યુનાઇટેડ સ્ટેટ્સની સુરક્ષાને ભય માનવામાં આવ્યા હોય; અને

* જો તમે નરસંહાર, યાતના, કે અદાલતી કાર્યવાહીને બહાર રાખીને હત્યાઓમાં સહભાગી થયા હો,

જો તમે આમાંના કોઇ પણ વર્ગીકરણમાં હો, તો ન્યાયાધીશ તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની મંજૂરી આપશે નહીં.

## યાતના સામે બોલાવેલી સભા હેઠળ રક્ષણ મેળવવા

## કોણ અરજી કરી શકે?

### યાતના સામે બોલાવેલી સભા (CAT) રક્ષણ મંજૂર કરાવવા કઇ જરૂરિયાતો રહેલી છે?

CAT હેઠળ રક્ષણ મંજૂર કરાવવા તમારે બતાવવાનું રહેશે કે સરકારી અધિકારી, કે સરકારની સંમતિ કાર્યરત કોઇ વ્યક્તિ તમને યાતના ન આપે તેના કરતા આપે તેની વધારે શક્યતા રહેલી છે, જો તમે તમારા જન્મજાત દેશમાં પાછા જાવ. ફરીથી, તમારે એ સાબિત કરવું પડતું નથી કે તમને કોઇ ચોક્કસ કારણસર યાતના આપવામાં આવશે. તમારે એ બતાવવું જ રહે છે કે તમને યાતના આપવામાં આવશે.

ઉપર જણાવેલા નિયમને કોઇ અપવાદો લાગુ પડતા નથી. INA ની કલમ 241(b)(3) હેઠળ આશ્રય સ્થાન મેળવવું અને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવાથી વિપરિત, જો તમે ગુનેગાર હોવાના ચુકાદાઓ આવ્યા હોય તો પણ કોઇ ફરક પડતો નથી, જો તમે ભૂતકાળમાં કોઇને યાતના આપી હોય, જો તમે કોઇ રક્ષિત લાક્ષણિકતાઓ ધરાવતા હો, અથવા જો તમે યુ.એસ.ની સુરક્ષાને ભયભીત માનવામાં આવો. જો તમે ઉપરની જરૂરિયાતો સંતોષો, તો તમે CAT હેઠળ રક્ષણ મેળવવા અરજી કરવાને પાત્ર રહો છો. આપણે આ માહિતી પુસ્તકમાં આગળ આની ચર્ચા કરીશું એ પ્રમાણે, આ INA ની કલમ 241(b)(3) હેઠળ આશ્રય સ્થાન મેળવવા કે કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા માટે લાગુ નથી પડતું. જો તમને યાતનાનો ડર હોય પરંતુ આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા તમે પાત્ર ના હો, તો CAT હેઠળ રક્ષણ મેળવવા અરજી કરો. જો તમે આ ત્રણેય પ્રકારની રાહત/રક્ષણ મેળવવા પાત્ર હો, તો અમે ભલામણ કરીએ છીએ કે તમે આ ત્રણેય માટે અરજી કરો.

### યાતના શું હોય છે?

જ્યારે કોઇ વ્યક્તિ ચોક્કસ હેતુસર તમને ગંભીર પીડા આપવા કે પીડાવવા કાર્યરત થાય, તો તે યાતના કહેવાય છે. પીડા કે પીડિત થવું શારીરિક કે માનસિક હોઇ શકે છે. તમે યાતના મેળવો તે સમયે તમે તે વ્યક્તિના શારીરિક કાબુમાં હોવા જ જોઇએ. બીજા શબ્દોમાં, તમે યાતના આપનાર વ્યક્તિથી દૂર થવા અસમર્થ હોવા જ જોઇએ. યાતનામાં સમાવેશ થઇ શકે છે, જુદા જુદા પ્રકારની ઇજા જેમ કે શારીરિક માર મારવો, બળાત્કાર કરવો, ઇલેક્ટ્રિક શૉક આપવો, મન બદલી નાખે તેવી વસ્તુઓ આપવી, અને તમને કે બીજી કોઇ વ્યક્તિને આવી ઇજા પહોંચાડવાની ધમકીઓ આપવી.

### કોઇ વ્યક્તિ સરકારની સંમતિથી કાર્ય કરે તેનો અર્થ શું થાય છે?

તેનો અર્થ થાય છે કે સરકારી અધિકારી તમને યાતના આપવા બીજી કોઇ વ્યક્તિને છૂટ આપે છે. યાતના આપવામાં આવે ત્યારે સરકારી અધિકારી હાજર રહે તે જરૂરી નથી. તેનો અર્થ એ થાય કે સરકાર યાતના વિશે જાણતી હોવા છતાં તે રોકવા કશું કરતી નથી, પછી ભલે સરકારે યાતના રોકવાની ફરજ હોય.

### CAT હેઠળ રક્ષણ મેળવવાના લાભો શું છે?

જો CAT હેઠળ તમને કાઢી મૂકવાનું રદ કરીને રક્ષણ મંજૂર કરવામાં આવે, તો તમને યાતના મળવાનો ડર હોય તે દેશમા તમને કાઢી મૂકવામાં આવશે નહીં. તમને ક્યાં તો "કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની" અથવા તો "કાઢી મૂકવાનો નિર્ણય મોકુફ રાખવાની" મંજૂરી આપવામાં આવશે.

CAT ના કેસોમાં "કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરવો" એ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે INA ની કલમ 241(b)(3) હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા બરાબર ઘણો સરખો છે. તેમાં સરખા લાભો રહેલા હોય છે. ઉદાહરણ તરીકે, તમે DHS ની કેદમાંથી મુક્તિ મેળવવા અને નોકરી અધિકૃતકરણ માટે પાત્ર રહેશો. તમે ના તો કાયદેસર કાયમી રહેવાસી બનશો અને ના તો તમે તમારા પતિ કે પત્ની અથવા બાળકોને યુનાઈટેડ સ્ટેટ્સમાં લાવવામાં સક્ષમ રહેશો. આ પ્રકારના રક્ષણમાં સરખું પ્રમાણ હોય છે. બીજા શબ્દોમાં, **તમે CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ માત્ર ત્યારે કરાવી શકો જો:**

1) તમે "**ખાસ કરીને ગંભીર ગુનાના**" ગુનેગાર સાબિત ન થયા હો (આગળ સમજાવવામાં આવશે);

2) તમે કોઈ રક્ષિત લાક્ષણિકતાઓને લીધે **અન્ય લોકોને યાતના આપવામાં** સહભાગી ન થયા હો;

3) તમે **યુ.એસ. બહાર ગંભીર ગુનો** ન કર્યો હતો, જે રાજકીય ગુનો ન હતો; અને

4) તમને **ત્રાસવાદી** કે તમે **યુનાઈટેડ સ્ટેટ્સની સુરક્ષા માટે ભય હોવાનું** ન માનવામાં આવતા હોય.

જો તમે ઉપર જણાવેલા ગુનાઓમાંથી કોઈ પણ ગુનો કર્યો હોય અથવા તમને ત્રાસવાદી કે તમે યુનાઈટેડ સ્ટેટ્સની સુરક્ષાને ભય હોવાનું માનવામાં આવતું હોય, તો તમને CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની મંજૂરી મળી શકતી નથી. જો કે, CAT હેઠળ તમે "કાઢી મૂકવાનો નિર્ણય મોકુફી" મેળવી શકો છો.

કાઢી મૂકવાનો નિર્ણય મોકુફી કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા જેટલી સારી હોતી નથી. જો તમને કાઢી મૂકવાનો નિર્ણય મોકુફીની મંજૂરી મળે, તો તમે કાઢી મૂકવાનો હુકમ મેળવશો, પરંતુ તે માત્ર મોકુફ થશે. આનો અર્થ એ થાય કે DHS તમને હમણાં કાઢી મૂકવામાં સક્ષમ થશે નહીં, પરંતુ જો ભવિષ્યમાં ક્યારેક તમારા જન્મજાત દેશમાં સંજોગો બદલાય, તો DHS તમને તે સમયે પાછા મોકલવામાં સક્ષમ થઈ શકે. તેમજ, DHS તમને પોતાની કેદમાં રાખવાનો પ્રયત્ન કરી શકે પછી ભલે તમે CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય મોકુફી મેળવો. DHS તમને અટકાયતમાંથી બહાર માત્ર ત્યારે જ નીકળવા દેશે જો તમે સાબિત કરી શકો કે તમે સમુદાયને ભય નથી. DHS ની અટકાયતમાંથી મુક્તિ મેળવવાની વિનંતી કરવા વધુ માહિતી મેળવવા, **કૃપા કરી "How to Ask for Release from DHS Custody" (DHS ની કેદમાંથી મુક્તિ મેળવવાની માગણી કેવી રીતે કરવી) વાંચો.**

જો તમને CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય મોકુફીની મંજૂરી મળે, તો DHS આગળની તારીખે તમારું રક્ષણ દૂર કરી શકે છે જો તમને યાતના નહીં આપવામાં આવે તેવો કોઈ પુરાવો તેઓ મેળવે. DHS આ માત્ર ઈમિગ્રેશન ન્યાયાધીશ સમક્ષ કરી શકે છે. તમારી પાસે તમારી પોતાની કાઢી મૂકવાના નિર્ણય મોકુફીની સ્થિતિ રદ કરવાનો હકક પણ રહે છે.

આ કારણોસર, કાઢી મૂકવાનો નિર્ણય રદ કરવા કરતા આશ્રય સ્થાન અને કાઢી મૂકવાનો નિર્ણય મોકુફી એ વધારે સારુ રક્ષણ હોય છે. પરંતુ, ફરીથી, જો તમે આ બધા પ્રકારની રાહત/રક્ષણ મેળવવા પાત્ર હો, તો અમે તે બધા માટે અરજી કરવાની ભલામણ કરીએ છીએ. નોંધઃ તમે કાઢી મૂકવાના નિર્ણય મોકુફી માટે અરજી કરી શકતા નથી; ઈમિગ્રેશન ન્યાયાધીશ આ પ્રકારના રક્ષણ માટે તમારી પાત્રતા નિર્ધારિત કરે છે જો તમે CAT હેઠળ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા લાયક ના હો.

કૃપા કરી નોંધી લો કે તમને યાતના મળવાનું તમે સાબિત કરી શકો તો પણ, DHS પાસે તમને તમારા દેશમાં પાછા મોકલવાનો હક્ક રહે છે જો ત્યાંની સરકાર તમને યાતના ન આપવાનું વચન આપે. DHS ના કહેવા પ્રમાણે, આ પ્રકારના કિસ્સાઓ ભાગ્યે જ બનશે.

### હું CAT હેઠળ રક્ષણ મેળવવા અરજી કેવી રીતે કરું?

જો તમે પહેલી વાર CAT રક્ષણ મેળવવા અરજી કરી રહ્યાં હો, તો તમે આશ્રય સ્થાન મેળવવા અને તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા તમે અરજી કરો છો તે જ રીતે આના માટે અરજી કરો. તમે ઈમિગ્રેશન ન્યાયાધીશને અરજી રજૂ કરો છો.

### મારે CAT રક્ષણ મેળવવા કઇ અરજીનો ઉપયોગ કરવો?

તમે આશ્રય સ્થાન મેળવવા અને તમને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવાની અરજી, ફોર્મ I-589 નો ઉપયોગ કરો છો, એ જ અરજીનો ઉપયોગ જે તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા કરવા માટે કરો છો. ફોર્મ કેવી રીતે ભરવું તે અંગે પછીથી અમારી ચર્ચા જુઓ. અરજીના ભાગ B માં પ્રશ્ન 4 પર ખાસ ધ્યાન આપો. પ્રશ્ન તમને યાતનાનો ડર છે કે કેમ, તે અંગે પૂછે છે. આનો શક્ય એટલો વિગતવાર જવાબ આપો. તમે ભૂતકાળમાં કોઇ યાતનાથી પીડાયા હો તેના વિગતવાર વર્ણનો અરજીમાં સમાવો.

### મને યાતના આપવામાં આવશે, તે હું કેવી રીતે સાબિત કરી શકું?

આ માહિતી પુસ્તકમાં આગળ અમે આશ્રય સ્થાન મેળવવાનો કે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાનો દાવો કેવી રીતે કરવો, તેની ચર્ચા કરીએ છીએ. તમને યાતના આપવામાં આવશે તે સાબિત કરવાની રીતો પર વિચારો માટે આ ચર્ચા વાંચો. સાબિતી બહુ સરખી છે. ઉદાહરણ તરીકે, જો તમે તમારા દેશમાં રાજકીય પરિસ્થિતિથી અને/અથવા તમારી ત્યાંની સમસ્યાઓથી માહિતગાર લોકો પાસેથી પત્રો મેળવી શકો તો તે મદદરૂપ થાય છે; તમારા દેશમાં રાજકીય દૃષ્ટિએ થઇ રહેલી ઘટનાઓ વિશે સમાચાર પત્રોમાં છપાયેલા લેખો, અથવા તમારા દેશમાં લોકોને યાતના આપતું બતાવે તેવી તમારી સ્થિતિને લગતા માનવ અધિકારના દસ્તાવેજો.

CAT દાવો સાબિત કરવાની રીતો વિશે વધુ માહિતી મેળવવા, અહીં લખોઃ

World Organization for Human Rights USA, 2029 P Street, NW, Suite 202 Washington, DC 20036
(info@humanrightsusa.org) ફોનઃ 202-296-5702; ફેક્સઃ 202-296-5704

માનવ અધિકારો માટેની વૈશ્વિક સંસ્થા (વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ફૉર હ્યુમન રાઇટ્સ) યાતનાનો ભોગ બનતા લોકોને મદદ કરવા કટિબદ્ધ છે. જો તમે સંસ્થાને લખો, તો તમારા કેસની હકીકતો વિશે અને તમારા જન્મજાત દેશમા તમને યાતનાનો ડર શા માટે છે, તે વિશે શક્ય બને એટલું ચોક્કસ લખો.

### હું આશ્રય સ્થાન મેળવવા, મને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા, કે CAT રક્ષણ મેળવવા કેવી રીતે અરજી કરી શકું?

મૂળભૂત રીતે, તમારો કેસ બે ભાગોમાં વહેંચાયેલો છે.

**કેસનો પહેલો ભાગઃ**

તમારા કેસની શરૂઆતમાં, તમારી પહેલી સુનાવણીઓ પૈકી એક જે માસ્ટર કેલેન્ડર હીયરીંગ તરીકે પણ જાણીતી છે, તેમાં ન્યાયાધીશ તમને પૂછશે કે શું તમારી વિરુદ્ધ મૂકાયેલો દરેક આરોપ સાચો છે. ન્યાયાધીશને બધા આરોપો કહેવા જણાવો. પ્રશ્નો કાળજીપૂર્વક સાંભળો અને **ચોક્કસપણે સાચી ના હોય તેવી હકીકતોમાં સંમત ન થાવ.** ઉદાહરણ તરીકે, જો ન્યાયાધીશ તમને પૂછે કે જો તમે તા. 1 જાન્યુઆરી, 1997 ના રોજ દેશમાં નિરીક્ષણ વગર (ગેરકાયદેસર રીતે) પ્રવેશ્યા હતા, પરંતુ તમે ખરેખર 1998 માં પ્રવેશ્યા હતા, તો એવું ના કહેશો કે આ આરોપ સાચો છે. જો તમે પ્રવેશની સાચી તારીખ ન જાણતા હો, તો ન્યાયાધીશને આ કહો. આ મહત્વનું છે કારણ કે આગળ, જ્યારે તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા અરજી કરો, ત્યારે તમે જણાવેલી તારીખો તમે અગાઉ કહેલી બધી બાબતો સાથે સુસંગત અવશ્ય હોવી જોઈએ, અથવા ન્યાયાધીશ વિચારી શકે કે તમે જૂઠું બોલી રહ્યાં છો અથવા ખોટી વાતો ઊભી કરો છો. જો તમે ન્યાયાધીશના પ્રશ્નોનો જવાબ આપો અને ચોક્કસ હકીકતો સ્વીકારો, તો ખાતરી કરો કે દરેક હકીકત ખરેખર સાચી છે.

> ☞ **તમારી વિરુદ્ધમાં મૂકાયેલા આરોપો વિશે ન્યાયાધીશના પ્રશ્નોનો જવાબ આપતી વખતે, કોઇ બાબતો માટે સંમત માત્ર ત્યારે જ થાવ જો તે ખરેખર સાચી હોય. જો તમે માનતા હો કે ચોક્કસ હકીકતો બરાબર સાચી નથી, તો ન્યાયાધીશને જણાવો.**

**કેસનો બીજો ભાગઃ**

સામાન્ય રીતે, સરકાર માટે તમારી વિરુદ્ધના આરોપો સાચા હોવાનું બતાવવું મુશ્કેલભર્યું હોતું નથી. ત્યાર પછી, શું તમે યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઇ પણ રીતે રહેવા લાયક છો તે જોવા ન્યાયાધીશે તમને કેટલાક પ્રશ્નો પૂછવા જોઇએ. ન્યાયાધીશે તમને એ પણ પૂછવું જોઇએ કે શું તમે તમારા દેશમાં પાછા જતા ડરો છો. જો તમે આશ્રય સ્થાન મેળવવા, કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા, કે CAT રક્ષણ મેળવવા અરજી કરવા ઇચ્છતા હો, તો ન્યાયાધીશને આ સમજાવો. તમે તમારા દેશમાં પાછા જવા શા માટે ડરો છો, તે વિશે ન્યાયાધીશ તમને કેટલાક પ્રશ્ન પૂછી શકે. જો ન્યાયાધીશ નક્કી કરે કે તમે કોઇ પ્રકારે રક્ષણ મેળવવા લાયક હોઇ શકો, તો તેઓ કે તેણી અરજી સોંપવાની તારીખ તમને જણાવશે. કેટલાક કિસ્સાઓમાં, શું તમે આશ્રય સ્થાન મેળવવા કે તમને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવાની અરજી કરવા તમે લાયક છો કે કેમ તે નક્કી કરવા ન્યાયાધીશ બીજી કોઇ તારીખ પણ રાખી શકે છે. ન્યાયાધીશ તમને સૂચનાઓ પણ આપશે અને DHS ના ટ્રાયલ ઍટર્ની કોર્ટમાં તમારી અરજી ફાઇલ કરવા તમારે અનુસરવાની રહેતી જરૂરી સૂચનાઓ પણ તમને જણાવશે. DHS આ શીર્ષકોવાળી લેખિત સૂચનાઓ આપે છે *ઇમિગ્રેશન કોર્ટમાં ચોક્કસ અરજીઓ રજૂ કરવા માટેની સૂચનાઓ અને યુ.એસ. સીટીઝનશીપ અને ઇમિગ્રેશન સેવાઓને મોકલવાની બાયોમેટ્રિક અને બાયોગ્રાફિકલ માહિતી.*

તમે પૂરું ભરેલું અરજી ફોર્મ સોંપો ત્યાર પછી, કોર્ટ તેને વોશિંગ્ટન, DC માં યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટેટને મોકલશે. ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટેટ અરજી વાંચશે અને કેસ પર પોતાના મંતવ્ય સાથે એક પત્ર લખી શકે અથવા તમારા દેશ વિશેની માહિતી કોર્ટને મોકલી શકે. (ઘણાં કિસ્સાઓમાં તે ટિપ્પણી કરવાની ના પાડે છે.) ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટેટ કોર્ટને જે મકલે તેની નકલ તમને અને DHS ના વકીલને આપવામાં આવશે.

ત્યાર પછી, તમારી વ્યક્તિગત કે "મેરિટ્સ" (પાત્રતા) તરીકે ઓળખાતી સુનાવણી થશે. તમારા કેસમાં આ અંતિમ સુનાવણી થાય છે જ્યારે ન્યાયાધીશ તમારી વાત સાંભળે અને જો તમારી અરજી અને તમે ન્યાયાધીશને જોવા સોંપેલી બીજી કોઇ પણ માહિતી વિશે તેઓને કોઇ પ્રશ્નો હોય, તો તમને અને તમારા સાક્ષીઓને તે પૂછશે.

**આશ્રય સ્થાન મેળવવા, કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા, અથવા CAT હેઠળ રક્ષણ મેળવવાની અરજી કરવા, મારે કયા ફોર્મ્સ ભરવા પડે છે અને કેવી રીતે?**

**તમારે આશ્રય સ્થાન મેળવવા કે કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા, “I-589” તરીકે ઓળખાતું ફૉર્મ ભરવાની, તેની નકલ કરવાની અને તે ફાઇલ કરવાની જરૂર પડે છે.**

તમારે જરૂરી ફૉર્મ “I-589 ફૉર્મ” અથવા “આશ્રય સ્થાન મેળવવા અને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવાની અરજી” તરીકે ઓળખાય છે.


ટાઈપરાઈટર કે પૅનનો ઉપયોગ કરીને ફૉર્મ ભરો. DHS કે ઈમિગ્રેશન ન્યાયાધીશ પાસે ફૉર્મની માગણી કરો.

**પેન્સિલનો ઉપયોગ ના કરો. તેમજ, તમારે ફૉર્મ ક્યાં તો જાતે અથવા તો કોઈની મદદથી અંગ્રેજીમાં ભરવું પડે છે.**

ફૉર્મના અંતે એક પાન છે જેના ઉપર ટોચના ભાગે “સપ્લીમેન્ટ B ફૉર્મ” લખેલું છે. જો તમે ફૉર્મના મુખ્ય ભાગમાંની જગ્યા ભરી દો અને વધુ લખવા જગ્યા જોઈએ તો તે હેતુસર આ પાનું તમારા માટે છે. પ્રશ્નોના જવાબ પૂરેપૂરા અને વિગતવાર આપવાનું મહત્વ છે, તેથી તમે “સપ્લીમેન્ટ B ફૉર્મ” પર લખવાનું શરૂ કરો તે પહેલાં તેની કેટલીક નકલો બનાવવાની ભલામણ અમે તમને કરીએ છીએ. અથવા, તમે તમારી જાતે એક બનાવી શકો છો. બસ એક કોરો કાગળ લો અને ઉપરના ભાગે તમારું નામ, તમારો “A નંબર” (ઍલિયન નંબર), અને તારીખ લખો. **તમારી અરજી સાથે બિડેલા દરેક કાગળ પર તમારે સહી પણ અવશ્ય કરવી.**

ફૉર્મના આગળના ભાગે તે ભરવાની રીતની લાંબી સમજણ આપેલી છે. તે કહે છે કે, **I-589 અરજી ફૉર્મ ઉપરાંત, તમારે DHS ને તમારા બાયોમેટ્રિક્સ (ડીજીટલ ફોટોગ્રાફ અને ફિંગરપ્રિન્ટ્સ) પૂરા પાડવાની અને તમારો ફોટોગ્રાફ લેવા દેવાની જરૂર પડે છે.** જો તમે કેદમાં હો, તો તમને આમાં મદદરૂપ થવા DHS ને અવશ્ય કહેવું. જો તમારી અરજી ફાઈલ કરતા પહેલાં તમે કેદની બહાર આવો અથવા તમારી અરજીમાં તમે કુટુંબીજનોનો સમાવેશ કરતા હો, તો પણ તમારે ફોટોગ્રાફ્સ અને ફિંગરપ્રિન્ટસ લેવાડાવા પડે છે, તેથી અમે આ વિશે વધુ વિગતવાર વાત આગળ કરીશું. તમારે DHS ની બાયોમેટ્રિક્સ્ અને ફિંગરપ્રિન્ટ જરૂરિયાતો સાથે સુસંગત થવું જ રહ્યું અન્યથા ઈમિગ્રેશન ન્યાયાધીશ એવું જોઈ શકે કે તમે તમારી અરજી છોડી દીધી છે સિવાય કે તમારી પાસે સુસંગત થવામાં કોઈ નિષ્ફળતા માટે સારું કારણ રહ્યું હોય.

**તમે કોર્ટને સોંપેલા દરેક કાગળોની ચાર નકલો બનાવો (અથવા ઑફિસરને બનાવવા કહો). ઈમિગ્રેશન ન્યાયાધિશને અસલ કાગળો અને 2 નકલો આપો. તમે ન્યાયાધીશને આપેલા દરેક કાગળોની 1 નકલ ICE ને આપો. અન્ય નકલ તમારે રાખવા માટે છે. નોંધઃ I-589 અરજી ફૉર્મ સિવાય, તમારા અસલ દસ્તાવેજો તમારે રાખવા જોઈએ અને તમારે આ દસ્તાવેજોની નકલો ન્યાયાધીશ અને ICE ને આપવી જોઈએ. જો તમે તમારું જન્મ પ્રમાણપત્ર અને પાસપોર્ટ્સ જેવા અસલ દસ્તાવેજો સરકારને આપો, તો તમે આ અસલ દસ્તાવેજો પાછા મેળવવામાં સક્ષમ ન પણ રહો.**



તમે જ્યારે પણ કોર્ટમાં જાવ ત્યારે તમારા દસ્તાવેજોની તમારી બધી નકલો સાથે લાવો, જો તમે કોર્ટને આપેલું કશુંક ગૂમ થયું હોય અથવા ખોવાયું હોય, અથવા જો તમને તે વિશે પ્રશ્નો પૂછવામાં આવે. તેમજ, **તમે તમારું ફૉર્મ I-589, આશ્રય સ્થાન મેળવવા અને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવાની અરજી ફાઈલ કરો, ત્યારે ન્યાયાધીશ કે ન્યાયાધીશના સહાયકને તમારી નકલ પર સ્ટેમ્પ મારવા કહો!** તમારે આની જરૂર પડશે જો તમે અટકાયતમાંથી બહાર નીકળો અને વર્ક પરમીટ માટે અરજી કરવા ઈચ્છો.

તમને ફોર્મમાં કોઇ પ્રશ્નોમાં મદદની જરૂર પડી શકે તેવા પ્રશ્નોની અમે સમીક્ષા કરીશું. તેમજ, તમારે ફોર્મ સાથે આવતી સૂચનાઓ વાંચવી જોઇએ. તેઓ ચોક્કસ પ્રશ્નોના જવાબ કેવી રીતે આપવા તે સમજાવે છે. અમે તારીખ 12/14/06 ના રોજ આ માર્ગદર્શિકા બનાવી તે સમયે અત્યાધુનિક ફોર્મ ભરવાની રીત અમે સમજાવીએ છીએ (ફોર્મ બનાવ્યાની તારીખ ફોર્મના જમણી બાજુના નીચેના ખૂણા પર છાપેલી છે.) તમારા કેસની સુનાવણી જ્યાં ચાલતી હોય તે ઈમિગ્રેશન કોર્ટ કે ઈમિગ્રેશન ઑફિસ જો કોઇ હવે પછીના ફોર્મનો ઉપયોગ કરતી હોય, તો પછી અમે વર્ણવેલી સંખ્યાઓ અને વિભાગો તમારા ફોર્મ પર જુદા હોઇ શકે. તમારે આ સમજનો ઉપયોગ માત્ર એક માર્ગદર્શિકા તરીકે કરવો જોઇએ.

અરજી વિભાગના પહેલા પાનના નીચેના ભાગે, બે ખાનાઓ છે જે કહે છે "માત્ર EOIR ના ઉપયોગ માટે" અને "માત્ર USCIS ના ઉપયોગ માટે." તમે આ ખાનાઓમાં કશું પણ લખવું નહીં. તે સિવાય, અને અંતે ભાગો E અને F સિવાય, **તમારે દરેક પ્રશ્નનો જવાબ આપવાનો રહે છે**. જો પ્રશ્ન તમને લાગુ ના પડે, તો તે ખાના માટે લખો "**N/A**," જેનો અર્થ "લાગુ પડતો નથી" થાય છે. જો તમે "યાતના સામે બોલાવેલી સભા હેઠળ તમને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરાવવા" અરજી કરી રહ્યાં હો, તો તમારે અરજીના પહેલા પાનના ઉપરના ભાગના ખાના પર નિશાની કરવાનું યાદ રાખવું જોઈએ જે ભાગ A. I ની શરૂઆત પહેલાં છાપેલો છે.

### ભાગ A. I: "તમારા વિશેની માહિતી"

એક પ્રશ્ન તમે બીજા કયા નામોનો ઉપયોગ કર્યો છે તે પૂછે છે. પ્રમાણિક બનો! DHS લોકોની ધરપકડ કરે ત્યારે ઘણાં લોકો ખોટા નામનો ઉપયોગ કરે છે. જો તમે તેવું કર્યું હોય, તો તમે તેનું કારણ ફોર્મમાં આગળ સમજાવી શકો છો. તેમજ, જો તમે પરણેલા હો અને તમારું નામ બદલ્યું હોય, અથવા જો તમે ક્યારેય જુદા પ્રકારના તમારા નામનો ઉપયોગ કર્યો હોય, તો તમે વાપરેલ નામ લખો.

એક પ્રશ્ન યુનાઈટેડ સ્ટેટ્સમાં તમારું ટપાલનું સરનામું પૂછે છે. જો તમે કેદમાં હો, તો તમે અટકાયત કેન્દ્રનું સરનામું લખી શકો છો.

એક પ્રશ્ન શું તમે પરણેલા છો, તે પૂછે છે. (તે કહે છે, "વૈવાહિક સ્થિતિ") ઘણાં લોકો કોઈની "સાથે" વર્ષોથી રહેતા હોય છે પરંતુ ક્યારેય કાયદેસર કે અધિકૃત રીતે પરણેલા હોતા નથી. કેટલાક સ્થળોએ, તમને કાયદેસર પરણેલા ત્યારે માનવામાં આવે છે જો તમે ચોક્કસ સમયથી પતિ અને પત્ની તરીકે સાથે રહેતા હો. આ પ્રકારના લગ્નને "કોમન લૉ" મેરેજ તરીકે ઓળખવામાં આવે છે. તમે અને તમારા પતિ કે પત્ની રહ્યાં હો ત્યાં કાયદો શું છે તે તમે જાણતા ન પણ હો, પરંતુ જો તમે કોઈની "સાથે રહ્યાં હો" અથવા લાંબા સમય માટે કટિબદ્ધ સંબંધમાં રહ્યાં હો અને તમે વિચારતા હો કે તમને "પરણેલા" ગણી શકાય, તો તમે "પરણેલા" ખાના પર નિશાની કરી શકો છો અને "કોમન લૉ" લખી શકો છો -- ખાસ કરીને જો તમારી અરજી તમારા પતિ કે પત્નીને યુ.એસ.માં કાનૂની સ્થિતિ અપાવવામાં મદદ કરે તેવું તમે ઈચ્છતા હો (જો તમે તમારા સાથીને આશ્રય સ્થાન મેળવવાના દાવા મારફતે ઈમિગ્રેટ કરાવવા માગતા હો અને તમે પરણેલા ન હો, તો તમારા કેસમાં ન્યાયાધીશ તેનો કે તેણીનો નિર્ણય લે તે પહેલાં પરણવાની જરૂર પડે છે.). અથવા, જો તમે "સાથે રહેતા" હો કે હતા અથવા કટિબદ્ધ સંબંધમાં હો પણ પરણેલા ના હો, તો તમે "સિંગલ" પર નિશાની કરી શકો છો.

એક પ્રશ્ન તમારી "જાતિ, વંશીય કે પૂર્વજ જૂથ" વિશે પૂછે છે. આ પ્રશ્ન તમારા કેસમાં મહત્વનો હોઇ શકે, ખાસ કરીને જો તમે ચોક્કસ પૂર્વજ કે વંશીય જૂથના સભ્ય હોવાને લીધે તમારી સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હોય.

એક પ્રશ્ન પૂછે છે કે શું હાલમાં તમારી પર ઈમિગ્રેશન કોર્ટની કાર્યવાહીઓ ચાલી રહી છે કે કેમ. તમારી પર તે ચાલુ છે, તેથી તમારે તે ખાના પર નિશાની કરવી જોઇએ.

એક પ્રશ્ન તમને તમારા સૌથી તાજેતરના પ્રવેશથી શરૂ કરીને, તમે યુ.એસ.માં દરેક સમયે પ્રવેશ્યા તેની યાદી બનાવવાનું કહે છે. તે એ પણ પૂછે છે કે યુ.એસ.માં પ્રવેશ્યા તે દરેક સમયે તમારી પાસે કયા પ્રકારની "સ્થિતિ" કે "વીઝા" હતો. જો તમે ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા હો, તો લખો "**No inspection**" (કોઇ તપાસ નહીં) અને જ્યાં તે તમારા "**I-94** નંબર" માટે પૂછતું હોય, ત્યાં લખો "**None**" (કશું નહીં). જો તમે કાયદેસર રીતે પ્રવેશ્યા હો, તો સામાન્ય રીતે તમને **I-94** કાગળ મળવો જોઇએ.

પાસપોર્ટ્સ અને પ્રવાસ દસ્તાવેજો વિશે કેટલાક પ્રશ્નો છે. જો તમે કોઇ દેશનો પ્રવાસ દસ્તાવેજ ક્યારેય ન મેળવ્યો હોય, તો તમારા દરેક જવાબો માટે "**N/A**" લખો.

### ભાગ A. II: "તમારા પતિ કે પત્ની અને બાળકો વિશેની માહિતી"

આ વિભાગમાં તમારા પતિ કે પત્ની અને બાળકોને લગતા પ્રશ્નો છે. તમારે તમારા બધાં બાળકો માટે પ્રશ્નોના જવાબ આપવાની જરૂર પડે છે, પરંતુ ફોર્મ પર માત્ર ચાર બાળકો સંબંધિત જવાબો ભરવા માટેની જગ્યા છે. જો તમારે ચારથી વધારે બાળકો હોય, તો તમે ક્યાં તો અરજીના અંતે "સપ્લીમેન્ટ A" તરીકે ઓળખાતું ફોર્મ ભરી શકો છો અથવા તો તમે કોરા કાગળનો ઉપયોગ કરી શકો છો. આ મહત્વનું છે કારણ કે જો તમને આશ્રય સ્થાનની મંજૂરી આપવામાં આવે પરંતુ તમે તમારા બાળકો પૈકી કોઇ એક બાળકને પણ ઉમેર્યો ન હોય, તો તે બાળકને યુનાઇટેડ સ્ટેટ્સમાં બોલાવવા તમને પરવાનગી મેળવવામાં સમસ્યા થઇ શકે.

જો તમે કોરા કાગળનો ઉપયોગ કરતા હો, તો ખાતરી કરો કે તમે તમારું નામ, A નંબર, સહી, તારીખ, અને "**I-589, ભાગ A. II આગળથી ચાલુ**" લખો છો. પછી, આ પ્રશ્નોને ફોર્મના ભાગ A.II. પર રહેલા પ્રશ્નોની જેમ ક્રમાંકન કરો, અને તે બધાનો જવાબ આપો.

જો તમે તમારી અરજીમાં તમારા પતિ કે પત્ની અને/અથવા યુ.એસ.માં રહેલા કોઇ બાળકોને સમાવતા હો (ફોટો, બાયોમેટ્રિક્સ (ફિંગરપ્રિન્ટ્સ), તમારી I-589 અરજીની વધારાની નકલો, અને તમારો આ લોકો સાથેનો સંબંધ દર્શાવતો પુરાવો સહિત), તો તમારે બીજા દસ્તાવેજો ફાઇલ કરવાની જરૂર પડે છે. અરજી ફોર્મ સાથે મળેલી અને DHS ના ટ્રાયલ ઍટર્નીએ તમને પૂરી પાડેલી સૂચનાઓ વાંચો અને તેઓને કાળજીપૂર્વક અનુસરો.

### ભાગ A. III: "તમારી પશ્ચાદભૂ વિશેની માહિતી"

તેમાં તમે યુ.એસ.માં આવતા પહેલાં ક્યાં રહ્યા હતા, છેલ્લાં પાંચ વર્ષમાં તમે ક્યાં રહ્યાં હતા, તમે શાળામાં ક્યારે અને ક્યાં ભણ્યા હતા, અને છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન તમે કરેલી નોકરીઓ વિશેના પ્રશ્નો છે. દરેકનો જવાબ આપવામાં, પહેલી લીટીની શરૂઆત તમારી હાલની પરિસ્થિતિથી કરો. બીજા શબ્દોમાં, **સૌથી તાજેતરની પરિસ્થિતિથી શરૂ કરીને છેલ્લે પાંચ વરૂષ પહેલાંની સ્થિતિ પર પૂરું કરો** (શિક્ષણ માટે, તમારી પહેલી શાળા છેલ્લે લખો). તેમજ, તમને યાદ ન હોય તેવી તારીખો, સરનામાઓ, અને અન્ય બાબતો હોઇ શકે. તમે બિલકુલ ચોક્કસ ના હો તેવી તારીખો માટે "**approximate**" (આશરે) લખો, અને તમે ભૂલી ગયા હો (જેમ કે સ્ટ્રીટ એડ્રેસ) તેવી બાબતો માટે "**I do not remember**" (મને યાદ નથી) લખો. તેમાં તમારા સાથીઓ અને ભાઇઓ તથા બહેનોને લગતા પ્રશ્નો પણ છે. જો તમારે લખવા માટે વધારે જગ્યાની જરૂર પડે, તો તમે વધારાના કાગળનો ઉપયોગ કરી શકો છો (ઉપર જુઓ).

### ભાગ B: "તમારી અરજી વિશેની માહિતી"


ભાગ B અરજીનો સૌથી મહત્વનો ભાગ છે. તમારે તેનો જવાબ આપવા પુષ્કળ સમય - દિવસો પણ - લેવા જોઇએ. અહીં જ તમારે ન્યાયાધીશને ખાતરી કરાવવી પડે છે કે તમને યાતના અપાઇ છે અથવા યાતના અપાશે કે જુલમ કરાશે જો તમે તમારા દેશમાં પાછા જાવ. તમારે દેશ શા માટે છોડવો પડયો અથવા તમારા દેશમાં પાછા જવા તમને ડર શા માટે છે, તે બતાવતા મહત્વના અનુભવો બહુ વિગતવાર સમજાવો. પ્રશ્નોમાં પૂછેલી બધી માહિતી આપવાની ખાતરી કરો. તમે અરજી પર ભાગ B માંના પ્રશ્નોના ક્યાં તમારા જવાબો લખી શકો અથવા તો તમે ભાગ B માં બધા પ્રશ્નોના જવાબો

આપતી ઘોષણા લખી શકો છો. તમે ઘોષણા માટે “સપ્લીમેન્ટ B” નો અથવા કોરા કાગળોનો ઉપયોગ કરી શકો છો.

યાદ રાખો કે, તમે ફોર્મ્સ કે કોરા કાગળો ગમે તે વાપરો, તમારે દરેક પાન પર તમારું નામ, A નંબર, તારીખ લખીને તમારી સહી કરવી પડે છે. તેમજ, ઉપરના ભાગે “**Declaration**” (ઘોષણા) લખો.

જો તમે અલગ ઘોષણા કરો, તો તમે અરજી ફોર્મ પર ભાગ B માં દરેક પ્રશ્નોના જવાબ આપો ત્યારે, તમે ટૂંકા વાક્યોમાં જવાબ આપી શકો છો અને પછી લખો “**Please see Declaration**” (કૃપા કરી ઘોષણા જુઓ). આ રીતે, તમે એક ઘોષણામાં આ બધા પ્રશ્નોના જવાબ આપ્યા હશે.

**ઘોષણા**



તમારી ઘોષણા તમારા જીવનની વાર્તા કહે તેવા એક પુસ્તક કે ચલચિત્ર જેવી હોવી જોઇએ. એક પુસ્તક કે ચલચિત્રની જેમ, તે શરૂઆતમાં તમારો જન્મ ક્યારે અને ક્યાં થયો, તેનાથી શરૂ થાય છે. તે પછી, વાર્તા તાર્કિક ક્રમમાં ચાલુ રહે છે, જે તમારા જીવનમાં એક મહત્વના બનાવથી પસાર થઈને, તમારા અનુભવો બતાવે છે અને તમારા જીવનમાં મહત્વના લોકોનું વર્ણન કરે છે. હાલના જીવન સુધી ચાલુ રાખો.

ચલચિત્રની જેમ, વાર્તામાં ભાગો હોય છે જે ઝડપથી પસાર થાય છે, તમે બહુ વિગત ક્યારે જોઇ ના શકો, અને અન્ય ભાગો જ્યારે કેમેરો ધીમો પડીને પુષ્કળ વિગતો બતાવે છે. કેમેરો મહત્વની વિગતો બતાવે છે જેથી કરીને તમે જોયેલું અને અનુભવેલું જ અમે જોઇ શકીએ છીએ. ક્રિયા ધીમી ગતિએ ચાલુ રહે છે.

તમારી ઘોષણા એવી હોવી જોઇએ. તમારે તમારા આખા જીવન વિશે વાત કરવાની જરૂર છે, પણ તમારે સૌથી મહત્વના બનાવો પણ પસંદ કરવા પડે છે અને તેનું બહુ વિગતવાર વર્ણન કરવું પડે છે.  ન્યાયાધીશ, જેઓ તમારી વાર્તા વાંચવાના છે, તેઓ તમારા વિશે કશું પણ જાણતા હોતા નથી, અને કદાચ તમારા દેશમાં ક્યારેય ગયા ન હોય અને તેના વિશે જરાક કે કશું પણ જાણતા હોતા નથી. તમારું કામ તેમને કે તેણીને સમજાવવાનું છે. તમે જ્યારે તમારા જીવનની મહત્વની ઘટનાનું વર્ણન કરો -- ઉદાહરણ તરીકે, એવો સમય જ્યારે તમને ધમકી અપાઇ હતી, તમારી અટકાયત કરાઇ હતી, કે ઇજા પહોંચાડાઇ હતી, અથવા એ કે કોઇએ તમને ભયભીત કર્યા - તો ન્યાયાધીશને તમે જે અનુભવ્યું, જોયું, સુંઘ્યું અને સાંભળયું તેની અનુભૂતિ કરાવો , દેખાડો , સુગંધ લેવા દો , અને સાંભળવા દો.

ઉદાહરણ તરીકે, ધારો કે તમે પહાડો પર નાના ગામમાં રહ્યા હતા, એવા વિસ્તારમાં જ્યાં પુષ્કળ લડાઇ ચાલતી હોય. એક રાત્રે, માણસોનું ટોળુ આવ્યું. તેઓ ઘરોમાં ગયા અને લોકોને બહાર આવવાનો હુકમ કર્યો. તેઓએ લોકો સાથે દુર્વ્યવહાર કર્યો અને માણસોને કહ્યું કે તેઓએ તેઓના જૂથમાં જોડાવું પડશે નહીંતર  તેઓ પાછા આવીને તેઓને મારી નાખશે.

તમારી ઘોષણામાં આ ઘટનાનું વર્ણન કરતા પહેલાં, તમારે તમારા ગામ વિશે અને શેને લીધે આખી સમસ્યા શરૂ થઇ, તેનાથી શરૂ કરીને પૂરી વાત કરવી જોઇએ. લડાઇમાં કોણ સામેલ રહ્યું છે? લડાઇ શેના વિશે થઇ? આ ઘટના પહેલાં તમારા ગામને તેની શું અસર થઇ? તમારી પર તેની અસર કેવી રીતે થઇ? શું તેનાથી તમારા સંબંધીઓ પર અસર થઇ? તમારા પાડોશીઓ પર? કયા કુટુંબીજનો પર, અને કેવી રીતે?

તમે ઘટના વિશે વાત કરો ત્યારે તમારે તેનું બહુ વિગતવાર વર્ણન કરવું જોઇએ. ઘટના ક્યારે ઘટી? કયા સમયે? આ માણસો આવ્યા ત્યારે તમે શું કરી રહ્યાં હતા? માણસોનો પહેરવેશ કેવો હતો? તેઓની સંખ્યા કેટલી હતી? શું તમે તેઓને પહેલાં જોયા હતા? ક્યારે અને ક્યાં? શું તેઓ બંદૂકો કે અન્ય શસ્ત્રો સાથે શસ્ત્રબદ્ધ હતા? તેઓ પાસે કયા પ્રકારના શસ્ત્રો કે હથિયારો હતા? તેઓ કોણ હતા? સૈનિકો? ગેરિલાઓ? તમે તે કેવી રીતે જાણો છો? તેઓ કેવા

દેખાતા હતા? તેઓ આવ્યા ત્યારે માણસોએ શું કર્યું? તેઓએ બરાબર શું કહ્યું હતું? તેઓએ લોકો સાથે દુર્વ્યવહાર કેવી રીતે કર્યો? શું તેઓએ તમને ધમકી આપી હતી? તેઓએ કેવી ધમકી આપી હતી? શું તેઓએ તમને, તમારા સંબંધીઓ, કે તમારા પાડોશીઓને સ્પર્શ કર્યો કે વાતચીત કરી હતી? કેવી રીતે? તમે જોયેલી, બનેલી, અને અનુભવેલી બધી બાબતોનું વર્ણન કરો. આ ઘટના દરમિયાન કેટલો સમય પસાર થયો હતો? ત્યાર પછી શું થયું? તેનાથી તમારા પર અને ગામમાં અન્ય લોકો પર કેવી રીતે અસર થઈ? જો માણસો ફરી પાછા આવ્યા હતા, તો તે વખતે શું થયું તેનું બહુ વિગતવાર વર્ણન કરો.

તમે તમારી ઘોષણા લખો ત્યારે એ યાદ રાખવું મહત્વનું છે કે INA ની કલમ 241(b)(3) હેઠળ આશ્રય સ્થાન અને કાઢી મૂકવાનો નિર્ણય રદબાતલ કરવો તે શેના વિશે છે. તેઓનો હેતુ યાતના પહોંચી હોય અથવા પહોંચવાના ભયમાં રહેલા લોકોને રક્ષણ આપવાનો છે, <u>યાતનાનું કારણ તેઓનો રાજકીય મંતવ્ય, જાતિ, રાષ્ટ્રીયતા, ધર્મ, કે સામાજીક જૂથ હોઈ શકે</u>. તેથી, યાતના આપનાર કોણ છે અને શા માટે તે કે તેણી તમારી સાથે દુર્વ્યવહાર કરવા ઈચ્છતા હતા, તે સમજાવવું બહુ મહત્વનું છે. આ રીતે તમે બતાવી શકો કે આપણે પહેલા વાત કરી તે પાંચ કારણો પૈકી એક કારણસર તેઓ તમારી સામે થયા છે અથવા થશે.

ઉદાહરણ તરીકે, જો તમને મારનાર શસ્ત્રબદ્ધ માણસોએ સૈનિકો જેવો પહેરવેશ પહેર્યો હતો, તો તેવી સંભાવના બહુ રહે છે કે તેની પાછળ કોઈક રાજકીય કારણ રહ્યું હોય. જો તમે ના જણાવો કે માણસોએ પહેરવેશ ધારણ કર્યો હતો અથવા એ સમજાવી ના શકો કે કેવી રીતે તમે જાણો છો કે તેઓ સૈનિકો હતા, તો ન્યાયાધીશ વિચારી શકે કે સામાન્ય ગુનેગારોએ માર માર્યો હતો, અને તેની પાછળ રાજકારણ કે યાતના સાથે કોઈ લેવાદેવા ન હતી.

તમારે તમે કહેલું અથવા શું તેનાથી તમે ગભરાતા હો તે લોકોનું ધ્યાન ખેંચાયું હતું કે ખેંચાશે, તે બધું પણ જણાવવું જોઈએ. ઉદાહરણ તરીકે, જો તમે એવા જૂથમાં સહભાગી થયા જે સરકાર વિરોધી હોવાનું મનાતું હોય, તો તમે સહભાગી થયા હો તેવી પ્રવૃત્તિઓ વિગતવાર સમજાવવી મહત્વની હોય છે. એ સમજાવવું પણ મહત્વનું છે કે સરકાર આ જૂથને સરકાર વિરોધી ગણે છે, અને તમે આ કેવી રીતે જાણો છો. વધુમાં, તમારે એવી હકીકતો સમાવવી જોઈએ કે સરકારમાં કોઈક માહિતગાર છે કે તમે આ જૂથમાં સહભાગી રહ્યાં હતા, અથવા એ શક્યતા છે કે તેઓ તે શોધી કાઢશે. આ હકીકતો વગર, ન્યાયાધીશ નક્કી કરી શકે કે તમને જે યાતનાનો ડર છે તે પાંચ કારણો પૈકી એક નથી, અને તમે તમારો કેસ હારી જશો.

તમે <u>કોઈપણ</u> જૂથ સાથે સંકળાયેલા હો તો તેનો સમાવેશ પણ કરવો જોઈએ, પછી ભલે તમે સક્રિય સભ્ય ન હતા, જો સરકાર કે બીજુ કોઈ તમે આ જૂથમાં હોવાને લીધે તમને ઈજા પહોંચાડવા ઈચ્છતા હતા.

### ***સામાન્ય સમસ્યાઓ***

### > યાતનાના કૃત્ય અને તમે દેશ છોડયો તે સમય વચ્ચે લાંબો સમય પસાર થઈ ગયો છે <

ધારો કે જે ઘટનાને લીધે તમે દેશ છોડયો તે ઘટના તમારા દેશ છોડવાના એક વર્ષ પહેલાં બની હતી. જો તમે તમારા દેશમાં તે ઘટના બનવાના એક વર્ષ પછી રહ્યાં હતા, તો ન્યાયાધીશ વિચારી શકે કે તમને તમારા દેશમાં રહેવાનો ખરેખર ડર ન હતો અને તમે કોઈ સમસ્યાઓ વગર પાછા જઈ શકો છો. તમે તે વર્ષ દરમિયાન શું કરી રહ્યા હતા તે તમારે સમજાવવું પડે છે. ઉદાહરણ તરીકે, જો તમે તમારું ઘર છોડયું અને આ સમય દરમિયાન સંતાઈ રહ્યાં, તમારા પ્રવાસ માટે નાણાં એકઠા કરી રહ્યાં હતા, તો તે ન્યાયાધીશને એ બતાવવામાં મદદ કરશે કે તમે ખરેખર ભયમાં હતા.

### > તમારા દેશમાં પાછા જવું <

તમારું દેશ છોડવાનું કારણ બનેલી સમસ્યા પછી જો તમે તમારા દેશમાં પાછા જાવ, તો ન્યાયાધીશ વિચારી શકે કે તમે તમારા દેશમાં કોઈ સમસ્યા વગર રહી શકો છો. તમારે તમે પાછા ગયા ત્યારે તમે શું કર્યું તે અને તે સમય દરમિયાન તમને રહેલી કોઈ સમસ્યા(ઓ) વિગતવાર સમજાવવી પડે છે. ફોર્મમાં આ વિશે પૂછતો એક પ્રશ્ન પણ છે.

### > તમારા દેશમાં હજુ પણ રહેતા કુટુંબીજનો કે અન્ય લોકો<

જો તમે કહો કે તમારા સામાજીક જૂથને લીધે તમને યાતનાનો ભય છે, અને તમારા કુટુંબીજનો પણ એ જ જૂથના સભ્યો હોવા છતાં તેઓએ દેશ છોડયો નથી, તો ન્યાયાધીશને શંકા થશે કે જો તમે પાછા જાવ તો પણ તમને સમસ્યાઓ નડશે નહીં. એ જ વાત અહીં પણ લાગુ પડે છે જો તમે કોઇ રાજકીય જૂથમાં સહભાગી થયા અને તમારા જૂથના સાથી સભ્યો દેશમાં જ રહ્યાં હોય. તેથી, જો તેઓને ખરેખર કોઇ સમસ્યાઓ હતી, તો તમારે આ માહિતીનો સમાવેશ તમારી ઘોષણામાં કરવો જોઇએ. અથવા, જો તમારી પરિસ્થિતિ તેઓ કરતા જુદી હોય, તો તમારા દેશમાં જ રહેલા લોકો કરતા તમને વધારે ભય શા માટે છે તે સમજાવવાની જરૂરિયાત તમારે રહે છે.

### > વિગતની ઉણપ <

કોર્ટમાં, હકીકતોનું બહુ મહત્વ હોય છે. જો તમે કહો કે કશુંક મહત્વનું બન્યું પણ તમે તે ક્યારે બન્યું, અને કેટલો સમય ચાલ્યું, અથવા બીજી વિગતો યાદ ના રાખી શકો, તો ન્યાયાધીશ વિચારી શકે કે તમે તે ઉપજાવેલી વાત છે. તમારી ઘોષણામાં તમે જેટલી વધારે વિગતો લખો અને તમારી સુનાવણી સમયે સમાવો, તમારી પાસે તેટલી વધારે તક રહે છે કે ન્યાયાધીશ તમારી વાત માનશે. જો તમને સ્પષ્ટપણે યાદ ન હોય, તો ન્યાયાધીશને કહો કે તમારા માટે ચોક્કસ બાબતો યાદ રાખવી મુશ્કેલ છે, અને આશરે તારીખો જણાવો.

ઘણાં લોકોને પોતાને માનસિક રીતે નુકસાન પહોંચાડેલી ઘટનાઓ વિશે વાત કરવાની ઇચ્છા હોતી નથી. જો તમે કોઇ વ્હાલસોયાનું મૃત્યું જોયું હોય, અથવા તમને યાતના આપવામાં આવી કે બળાત્કાર કરવામાં આવ્યો હતો, તો શું બન્યું તે વિશે વાત કરવા ન ઇચ્છવાનું સામાન્ય છે. જો કે, તમારા કેસમાં સફળ બનવાના હેતુસર તેવું કરવું બહુ મહત્વનું છે. તમારે બનેલું બધું અને તમે જોયેલું બધું કહેવાની જરૂર છે. ક્યારેય અતિશયોક્તિ ન કરો. તમારે માત્ર ચોક્કસ બનવાની અને સત્ય કહેવાની જ જરૂર છે.

### > તમે પૂરી પાડેલી હકીકતોમાં અસંગતતાઓ <

ન્યાયાધીશ અને DHS તમે કહેલું બધું સાચુ હોવાની ખાતરી કરવાના હેતુસર તમારા ફોર્મ અને તમારી ઘોષણાની સમીક્ષા કરી શકે છે. ઘણાં લોકો પોતાને નુકસાન કરતી નિર્દોષ ભૂલો કરતા હોય છે. ઉદાહરણ તરીકે, જો તમારા અરજી ફોર્મમાં, તમે કહો કે તમે સપ્ટેમ્બર 1997 સુધી હોન્ડુરાસમાં ખેતીકામ કર્યું હતું, પરંતુ કોર્ટમાં તમે કહો કે તમે ઓગસ્ટ 1997માં તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશ્યા હતા (અને હોન્ડુરાસ પાછા ગયા ન હતા), તો ન્યાયાધીશ વિચારી શકે કે તમે જૂઠું બોલી રહ્યાં છો, કારણ કે આ હકીકતો સુસંગત નથી (બીજા શબ્દોમાં, બંને વાતો સાચી હોઇ શકે નહીં). તમે સપ્ટેમ્બર 1997માં એક જ સમયે હોન્ડુરાસ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં ના હોઇ શકો. વધુમાં, જો તમારી ઘોષણામાં તમે કહો કે ઓક્ટોબરમાં, ભૂરી ટ્રકમાં 4 માણસો તમારા ઘરે આવ્યા, પરંતુ તમારી સુનાવણીમાં તમે કહો કે તે ડિસેમ્બરમાં બન્યું હતું, તો ન્યાયાધીશ વિચારી શકે કે તમે જૂઠું બોલી રહ્યા છો.

જો તમને સ્પષ્ટપણે યાદ ના આવી શકે, તો તેવું કહો, અને સમજાવો કે શા માટે યાદ રાખવું મુશ્કેલભર્યું છે. (ઉદાહરણ તરીકે, તે લાંબા સમય પહેલાંની ઘટના હતી, અથવા તમે ચોક્કસ બાબતો ધ્યાનમાં લેવા બહુ ગભરાતા હતા, અથવા તમે શું થયું તે સ્પષ્ટપણે સાંભળી શકતા ન હતા.)

ફોર્મ્સમાં અને તમારી ઘોષણામાં ઘણી વિગતો સમાવવી મહત્વની હોવા છતાં, તમે પૂરેપૂરા ચોક્કસ ના હો તેવી હકીકતોનું વર્ણન **ના** કરવું તે બહુ મહત્વનું છે. જો તમને યાદ ના હોય કે જૂન કે જુલાઈમાં કશુંક બન્યું હતું, પણ તમને યાદ હોય કે તે ઉનાળા દરમિયાન બન્યું હતું, તો કહો કે તે ઉનાળા દરમિયાન બન્યું હતું. જો તમે તમારા નગર અને રાજધાની વચ્ચેનું અંતર કિલોમીટરમાં ન જાણતા હો, પણ જાણતા હો કે તેમાં ચાલતા જતા આખો દિવસ જાય છે, તો તે કહો. જો ત્યાં 4 અને 6ની વચ્ચેની સંખ્યામાં માણસો હતા, તો 5 ના કહો, પણ કહો "4 અને 6ની વચ્ચે." જો તમે વિચારો કે 1992માં કશુંક બન્યું હતું, પણ એ પણ શક્ય છે કે તે 1991નું વર્ષ હતું, તો કહો "1991 અથવા 1992." જો કોઇ ચોક્કસ તારીખ તમારી શ્રેષ્ઠ ધારણા હોય, તો ફોર્મ્સ પર પણ "approximately" (આશરે) લખો. વધુમાં, ખાતરી કરો કે તમારી ઘોષણામાં લખેલી કોઇ પણ હકીકત તમે તમારી સુનાવણીમાં કહો છો તે જ

હકીકત છે.

ઘણાં લોકો સાંસ્કૃતિક કારણોસર આ સમસ્યાઓ ધરાવતા હોય છે. યુનાઈટેડ સ્ટેટ્સના લોકો ઘટના કેવી રીતે થઈ તેવું વિચારે છે, જેમ કે પહેલા આ થયું, અને પછી પેલું અને ત્યારપછી આ થયું. આપની સંસ્કૃતિમાં આ પ્રકારનો ક્રમ મહત્વપૂર્ણ ન હોય એવું બની શકે છે. પરંતુ યુનાઈટેડ સ્ટેટ્સમાં આપે જજની સમક્ષ આપનો કેસ વર્ણવવો પડશે, અને આ કારણને લીધે, આપે પોતાની જાતને તેમની જેમ વિચારતી કરવી પડશે. તો, ચોક્કસ બનવાનો પ્રયાસ કરો. જો આપને કોઈ બનાવ બન્યાનું વર્ષ યાદ ન આવતું હોય તો, તેને કોઈ ઘટના પૂર્વે કે પછીના ક્રમમાં ગોઠવીને યાદ કરવાનો પ્રયાસ કરો અને હંમેશા ઘટનાઓને આ ક્રમાનુસાર જ કહો. આપ પોતાના સોગંદનામામાં જે ઘટનાઓ વર્ણવવાના હોવ તે પૈકીની પ્રત્યેક ઘટનાઓને એક ક્રમમાં ગોઠવીને તેની યાદી બનાવવાથી આપને ઘણી મદદ મળી શકશે. ઉદાહરણ તરીકેઃ 1) મારો જન્મ 1962માં થયો હતો; 2) મારા પરિવારે સાન માર્કોસમાં સ્થળાંતર કર્યું; 3) સૅન્ટા લ્યુસિયા નગરમાં કત્લેઆમ સર્જાઈ, વગેરે.

**> અનુવાદમાં ક્ષતિઓ <**

જ્યારે કોઈ એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ થઈ રહ્યો હોય, ત્યારે ક્ષતિઓ થવી સ્વાભાવિક છે. જો આપની માટે કોઈ અંગ્રેજીમાં સોગંદનામાનો અનુવાદ કર્યો હોય, તો તે વ્યક્તિને અનુવાદ આપની ભાષામાં ધીરેથી વાંચી સંભળાવવાનું કહો જેથી આપને ખાતરી થઈ જાય કે અનુવાદમાં કોઈ ક્ષતિ થઈ નથી. આપના અરજી પત્ર અને સોગંદનામાની દરેક બાબતની કાળજીપૂર્વક સમીક્ષા કરવી ખુબ જરૂરી છે.

**ભાગ B ના કેટલાક પ્રશ્નો**

જો આપ અમે સૂચવ્યાં પ્રમાણે લાંબુ સોગંદનામું કરવાના હોવ તો ભાગ B ના દરેક પ્રશ્નની નીચે **"કૃપા કરીને સોગંદનામું જુઓ"**એવું લખવાનું ભૂલશો નહીં.

આપ શા માટે આશ્રય માટે અરજી કરી રહ્યાં છો તે **પ્રશ્ન 1** માં પૂછાય છે. આપને લાગુ પડતા એક અથવા વધુ ખાનાઓ (જાતિ, ધર્મ વગેરે) આપે તપાસવા જોઈએ. કોઇની હેરાનગતિ થઈ હોય અથવા કોઈ આપને હેરાનગતિ કરવા ઈચ્છતું હોય એવા એક કરતા વધુ કારણો હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, આપની જાતિ અને કોઈ સામાજિક જૂથમાં આપની સદસ્યતા કે પછી આપના સામાજિક જૂથ અને આપના રાજકીય અભિપ્રાયને કારણે આપને યાતના થવાની સંભાવના રહેલી હોય છે.

પ્રશ્ન 1 A અને Bમાં આપે શા માટે આપનો દેશ છોડ્યો અને આપ શા માટે પોતાના દેશ પરત ફરવાથી ગભરાવ છો તેનું વર્ણન કરવું જોઈએ. ઘણા લોકો એવું કહે છે કે તેઓ કામ કરવા અને આગળ વધવા ઈચ્છતા હોવાથી યુનાઈટેડ સ્ટેટ્સ આવ્યાં હતા. અન્ય એવું જણાવે છે કે તેઓ તેમના કૌટુંબિક સદસ્યો સાથે ફરી એકઠાં થવા માટે આવ્યા હતા. યાદ રાખો કે આશ્રયનો હેતુ કામ કરવા ઈચ્છનારા ગરીબ લોકોનું રક્ષણ કરવાનો કે પરિવારોને ફરી જોડવાનો નથી. તેનો હેતુ ઉપર ચર્ચા કરાયેલ પાંચ કારણ પૈકીના કોઈપણ એક કારણસર જેમને યાતના ભોગવવાની થાય છે એવા લોકોનું રક્ષણ કરવાનો છે. જ્યારે તમારે સાચું કહેવાનું જ હોય છે ત્યારે જો ઉપરોક્ત પાંચ કારણો પૈકીના કોઈપણ એકની દહેશત અથવા યાતનાના ભય સાથે આપના અમેરિકા ખાતેના આગમનનો સંબંધ ન હોય તો આપે અમેરિકા આવવા પાછળનું પ્રત્યેક કારણ જણાવવાનું જરૂરી નહીં. જો આપ CAT હેઠળ રક્ષણ માટે અરજી કરી રહ્યાં હોવ તો, પોતાના દેશમાં પરત ફરવાથી શા માટે આપને યાતનાનો ભય સતાવે છે તેનો ઉલ્લેખ પોતાના જવાબમાં કરવો જોઈએ.

**પ્રશ્ન 1A** એવું પૂછે છે કે શું આપ, આપના પરિવાર, આપના નજીકના મિત્રો અથવા સાથીઓને ભૂતકાળમાં કોઈપણ રીતે નુકશાન, ગેરવર્તાવ અથવા ધમકીઓ અનુભવવા મળી છે. જો આપનો જવાબ "ના"હોય તો, ભૂતકાળમાં આવું કંઈ અનુભવ્યું ન હોવા છતાંય ભવિષ્યમાં આપને ગેરવર્તાવ અથવા ધમકી મળે એવું શા માટે લાગે છે એ સમજાવવું પડશે. જો આપ "હા" લખશો, તો આપે ફોર્મના પ્રશ્નોનો માર્ગદર્શિકા તરીકે ઉપયોગ કરીને આપની સાથે શું બન્યું હતું તેનું વિગતવાર વર્ણન કરવું જોઈએ.

**પ્રશ્ન 1B** એવું પૂછે છે કે ભવિષ્યમાં આપના જન્મજાત દેશમાં પરત ફરો તો શું આપને હાનિ કે ગેરવર્તાવનો ભય લાગે છે. જો આપ "હા" લખશો તો આપે ફોર્મના પ્રશ્નોનો માર્ગદર્શિકા તરીકે ઉપયોગ કરીને આપની સાથે શું બન્યું હતું તેનું વિગતવાર વર્ણન કરવું જોઈએ. આપે આપને ખરેખર શાનો ભય

લાગે છે તે વિશે વિચારવું જોઈએ. શું આપને સરકાર કે અન્ય કોઈ જૂથ દ્વારા બળજબરીથી અપહરણ કરીને અટકાયતમાં લેવાવાનો ભય લાગે છે? શું આપને યાતના મળવાનો ભય લાગે છે? શું આપને જાનથી મારી નાખવામાં આવે તેનો ડર લાગે છે? શું આપ આ પૈકીની તમામ બાબતોથી ભય લાગે છો? આપને ખરેખર જે થાય એવું લાગતું હોય તે જણાવો. કહો કે આપને આવું બનશે એવું શા માટે લાગે છે. શું આવું બીજા કોઈ સાથે બનેલું છે? તેમની સાથે તમારે શો સંબંધ હતો?

**પ્રશ્ન 2** એવું પૂછે છે કે શું આપ અથવા આપના પરિવારના કોઈ સદસ્યને યુ.એસ. સિવાયના કોઈ દેશમાં "આરોપી બનાવવામાં આવ્યા છે, આરોપ મૂકવામાં આવ્યો છે, ધરપકડ, અટકાયત કે ઝીણવટભરી પૂછપરછ" વગેરે થઈ છે. અન્ય શબ્દોમાં, શું સરકારના સત્તાવાળાઓ અથવા અન્ય કોઈ દ્વારા આપને ક્યારેય અટકાવવામાં કે અટકાયતમાં લેવામાં આવ્યાં છે? શું સરકાર અથવા અન્ય કોઈ દ્વારા આપને ક્યારેય પોતાની ઇચ્છા વિરુદ્ધ આપને અપહરણ કરી અથવા ક્યાંક રાખવામાં આવ્યા છે? શું તમારી ક્યારેય સત્તાવાળા અથવા અન્ય કોઈ દ્વારા પૂછપરછ કરવામાં આવી છે? આપના જવાબમાં, આપે પોતાના દેશ કે અન્ય કોઈ દેશમાં આપની સાથે બનેલા યાતના તેમજ ગુનાઈત ગતિવિધિઓ બદલ ધરપકડના બનાવોનો ઉલ્લેખ કરવો જોઈએ. જ્યાં સુધી યાતનાની સમસ્યાઓનો સવાલ છે તો, ફોર્મમાં પૂછેલી તમામ માહિતી આપવી અને આપની અટકાયત વખતે આપની સાથે કેવો વર્તાવ કરાયો હતો તેનું વર્ણન કરવું અત્યંત જરૂરી છે.

**પ્રશ્ન 3** એવું પૂછે છે કે શું આપના દેશમાં કોઈ સંગઠન અથવા કોઈ જૂથ સાથે આપ અથવા આપના પરિવાર ક્યારેય કોઈ પણ રીતે જોડાયેલો હતો કે કોઈપણ પ્રકારનો સંબંધ હતો કે નહીં. આ પ્રશ્નનો જવાબ આપતા પૂર્વે ખુબ વિચારી લો અને ખાતરી કરી લો કે આપને જોખમમાં મૂકી શકે એવી આપની તમામ ગતિવિધિઓ અને આપના પરિવારના સદસ્યોની ગતિવિધિઓ આપને યાદ છે. પૂછવામાં આવેલી તમામ માહિતી, જેમ કે જૂથનું નામ, કયા સમયગાળામાં આપ અથવા આપના કુટુંબના સદસ્યો જે તે જૂથના સદસ્ય હતા, આપ કે આપના કુટુંબના સદસ્યની જવાબદારી શું હતી વગેરે માહિતી આપવામાં ચોક્કસ રહો. 3B હેઠળ પૂછાયેલી માહિતીમાં, આપ કે આપનું કુટુંબ આ સંગઠનો અથવા જૂથોમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું છે કે નહીં તે વિશેની માહિતી આપે આવરી લેવી જોઈએ.

**પ્રશ્ન 4** પૂછે છે કે શું આપને પોતાના જન્મજાત દેશમાં અથવા અન્ય કોઈ દેશમાં શારીરિક જુલમ થવાનો ભય લાગે છે કે નહીં. આ એક મહત્વનો પ્રશ્ન છે. જો આપને લાગતું હોય કે આપ વ્યાપક શારીરિક કે માનસિક જુલમ અથવા પીડાનો ભોગ બનશો તો આપે હા લખવી જોઈએ. આ પ્રશ્ન એટલા માટે મહત્વનો છે કે જો આપ કોઈ કારણસર આશ્રય સ્થાન અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે લાયક ન ઠરો, તો પણ આપ CAT હેઠળ રક્ષણ માટે લાયક ઠરો એવી શક્યતા છે. આપની સાથે શું થઈ શકે છે અને શા માટે થઈ શકે છે એ વિશે આપે વિગતવાર વર્ણન કરવું જોઈએ. જો ભૂતકાળમાં આપની પર શારીરિક જુલમ ગુજારાયો હોય તો આપે તેનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. પ્રશ્ન 1માં આપે ભૂતકાળમાં આપની સાથે થયેલી ઘટનાનું પહેલેથી જ વર્ણન કરી દીધું હશે, પરંતુ આપે તેનો અહીં ફરીથી ઉલ્લેખ કરવો જોઈએ. શું થયું હતું તે ફરીવાર લખવાને બદલે આપ "પ્રશ્ન 1 જુઓ"એમ પણ લખી શકો છો.

**ભાગ C "આપની અરજી વિશે પૂરક માહિતી"**

**પ્રશ્ન C 1** પૂછે છે કે આપ, આપના પતિ અથવા પત્ની, આપના બાળકો, આપના માતાપિતા, અથવા આપના ભાઈ અથવા બહેનોએ અગાઉ ક્યારેય યુનાઈટેડ સ્ટેટ્સની સરકાર સમક્ષ આશ્રિતનો દરજ્જો, આશ્રય સ્થાન અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે અરજી કરેલી છે. આપના માતા, પિતા, પતિ, અથવા પત્નીએ કરેલી અરજીમાં આપનો સમાવેશ થયો છે કે નહીં તેની જો આપને ખાતરી ન હોય તો કોઈપણ બોક્સમાં કંઈ લખશો નહીં. તેના બદલે "ખાતરી નથી"એવું લખો અને આપ આ પરિસ્થિતિ વિશે શું જાણો છો તેનું વર્ણન કરતો કાગળ તેની સાથે બિડાણ કરો.

**પ્રશ્ન C 2** પૂછે છે કે પોતાનો દેશ છોડ્યાં બાદ આપ, આપના પતિ અથવા પત્ની, અથવા બાળકો ક્યાં દેશોમાં ફર્યાં હતા. આ પ્રશ્ન એવું પણ પૂછે છે કે શું

અન્ય કોઈ દેશમાં આપ અથવા આપના પરિવારના સદસ્યોએ કાનૂની દરજ્જો મેળવવા માટે અરજી કરેલી છે. જો આપ પોતાના દેશમાં યાતનાથી બચવા અને આપને અમેરિકામાં સુરક્ષાની લાગણી તથા વધુ સારી આર્થિક તકો મળતી હોવાથી આપ યુ.એસ. આવ્યા છો, તો બરાબર છે. પ્રમાણિક રહો. આપ જ્યાં જ્યાં ફર્યાં છો તેમાંના કોઈ પણ દેશમાં આપને જે સમસ્યા થઈ હતી તેની વાત કરો. ઉદાહરણ તરીકે, ધરપકડ કે હાંકી કઢાવા બીકને લીધે આપે સત્તાવાળાઓથી સંતાઈને રહેવું પડ્યું હોય અથવા તો જ્યાં આપની ગતિવિધિ મર્યાદિત રહે એવા કોઈ શિબિરમાં આપને રહેવું પડ્યું હોય.

**પ્રશ્ન C 5** માં યુ. એસ.માં આપના છેલ્લીવારના આગમનના એક વર્ષ કરતા પણ વધુ સમય બાદ જો આપ આશ્રય સ્થાન માટે અરજી કરતા હોવ તો આપ હજુ પણ આશ્રય સ્થાન માટે અરજી કરવાને લાયક છો એવું આપને શા માટે લાગે છે એ તમારે જણાવવાનું છે. એક વર્ષની મર્યાદા બાદ આશ્રય સ્થાન માટે અરજી કરવા માટે આપે "મહત્વના ફેરફારો"અને "અસામાન્ય સંજોગો" દર્શાવવા પડશે. જો આપ એવું ન કરી શકો, તો જો આપ લાયક હો તો આપ કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે અરજી કરી શકો.

**પ્રશ્ન C 6** પૂછે છે કે ભૂતકાળમાં આપ કોઈ ગુનાહિત સમસ્યા ધરાવતા હતા **કે કેમ.** આપને (અથવા અરજીમાં સામેલ આપના પરિવારના કોઈપણ સદસ્યને) યુનાઈટેડ સ્ટેટ્સમાં ભોગવવી પડી હોય એવી ગુનાહિત સમસ્યાનો આપે અવશ્યપણે સમાવેશ કરવો પડશે. આપે તમામ ધરપકડો અથવા ગુનેગાર હોવાના ચુકાદાનો ઉલ્લેખ અવશ્યપણે કરવો પડશે. **DHS પાસે** આ માહિતી લગભગ હોય જ છે અને આપની સુનાવણીમાં તે આ અંગે આપને પૂછશે. જો આ બાબતોનો આપ અરજીમાં ઉલ્લેખ નહીં કરો, તો જજ એવું વિચારશે કે આપ બાબતો છૂપાવવાનો પ્રયાસ કરી રહ્યાં છો. જો આપ નિર્દોષ હશો તો પણ, આપે કોઈ પણ પ્રકારની ધરપકડ અથવા આપની વિરુદ્ધ દાખલ થયેલ આરોપોની યાદી વર્ણવવી જ જોઈએ. સાથે તમારે એ પણ હકિકત સામેલ કરવાની રહેશે કે તમે યુ.એસ.માં DHS દ્વારા અટકાયતમાં હતા કે હજી પણ છો.

## ભાગ D

જો કોઈએ આપને ફોર્મ આઇ-589 તૈયાર કરવામાં અથવા તેનો આપની માટે અંગ્રેજીમાં અનુવાદ કર્યો હોય, તો એ વ્યક્તિએ આ વિભાગમાં હસ્તાક્ષર કરવા તથા પોતાનું સરનામું અને ફોન નંબર આપવા અતિ આવશ્યક છે. જો એ વ્યક્તિ આપની જેમ કસ્ટડીમાં રહેલ અન્ય કોઈ હોય, તો એણે ભાગ E ભરવો જોઈએ. આ ફોર્મ એવું પણ જણાવે છે કે તેમાં હસ્તાક્ષર કરતા પૂર્વે વ્યક્તિએ આખેઆખી અરજીને (જો આપે સોગંદનામાનો સમાવેશ કર્યો હોય તો તેના સહિત) આપની મૂળ ભાષામાં (આપની મૂળ અથવા પ્રથમ ભાષા) આપને અવશ્યપણે વાંચી સંભળાવવી જોઈએ. આપની મૂળ ભાષા અને અંગ્રેજી બન્ને બોલી શકે એવો કોઈ માણસ આપને ન મળે એવું બની શકે છે. આપ જે સમજી શકતા હોવ એવી બીજી કોઈ ભાષામાં આપની સાથે બોલીને કોઈ વ્યક્તિએ આપને ફોર્મ સંપન્ન કરવામાં કોઈ મદદ કરી હોય તો એ વ્યક્તિએ "પોતાની મૂળ ભાષામાં"શબ્દોને છેકી નાખવા જોઈએ અને તેના બદલે એ જે ભાષામાં આપને મદદ કરવાનો છે તે ભાષા લખવી જોઈએ એવી અમારી ભલામણ છે. જો આપના મદદકર્તાએ આપના જવાબોનો અનુવાદ કરવામાં થોડી ભૂલો કરેલી હશે તો આ ચોખવટ મહત્વની બની રહેશે.

## ભાગ E

**તમારી અદાલતી સુનાવણી ન થાય ત્યાં સુધી આ ભાગ પર સહી ન કરશો**

### અન્ય કાગળો

માત્ર ફોર્મ ભરીને તમારી સુનાવણીના દિવસે ન્યાયાધીશ સમક્ષ તમારા કેસનો ખુલાસો કરવાથી જ તમારા કેસમાં સફળ થઈ જવું અઘરૂં છે. શક્ય હોય તો તમારે તમારા કેસના સમર્થનમાં અન્ય કાગળો કે સાક્ષીઓને તૈયાર રાખવા પ્રયાસ કરવા જોઈએ. મોટાભાગે સૌથી સચોટ સાક્ષી એ તાજના સાક્ષી હોય છે જે તમારા ચોક્કસ દાવાના સમર્થનમાં જુબાની આપી શકે. તમે કોઈ તાજના સાક્ષી ન મેળવી શકો તો તમારે તમારા કેસના સમર્થનમાં દસ્તાવેજો, જેમકે પરિવારજનોના પત્રો અથવા અન્ય લોકોના કાગળો મેળવવા જોઈએ જેઓ તમારા દેશમાં તમારી સ્થિતિથી વાકેફ હોય, અખબારોના લેખો,

માનવાધિકાર અહેવાલો, તસવીરો અથવા અન્ય એવી ચીજો જે તમારા દેશમાં અથવા તમારી, તમારા જૂથ, તમારા પરિવારની સ્થિતિ સાથે સંકળાયેલી હોય અથવા એવી કોઈ મહત્ત્વની ઘટના હોય. તમે તમારા અરજીપત્ર સિવાય બીજા કોઈ કાગળ ફાઈલ ન કરો તો તમારે ફોર્મ આઈ-589ની સપ્લિમેન્ટ (પૂરવણી) Bમાં ખુલાસો કરવો પડે કે શા માટે તમે આવા દસ્તાવેજો રજૂ નથી કર્યા. તમારા દાવાના સમર્થનમાં અન્ય પૂરાવા રજૂ કર્યા વિના ન્યાયાધીશ તમારા કેસને મંજૂરી આપે તેવી શક્યતા ઓછી છે.


તમે મેળવી શકતા હોવ તો એવા પત્રો તથા દસ્તાવેજો એકત્ર કરો જેનાથી તમારા કેસને પૂરવાર કરવામાં મદદ મળી શકે.

અહીં અન્ય કેટલાક કાગળોના ઉદાહરણ આપવામાં આવ્યા છે જેને તમે ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવા ઈચ્છતા હોવ. ધારો કે તમે સરકારનો વિરોધ કરતો હોય તેવા કોઈ જૂથ તરફથી ધમકીભર્યો પત્ર મળવાને લીધે દેશ છોડ્યો હોય. તો શક્ય છે કે તમારી પાસે આ પત્ર ન હોય, પરંતુ તમારી પાસે હોય તો તમારે તેને કોર્ટમાં રજૂ કરવો જોઈએ.

તદુપરાંત તમારા પરિવારજનો તમારી સાથે આવ્યા ન હોય તો તેમની પાસેથી તમારા દેશમાં શું થઈ રહ્યું છે તે સમાચારો મેળવી શકાય છે. દા.ત. ધારો કે તમને જે જૂથે ધમકી આપી હતી તેના માણસો તમે ચાલ્યા ગયા ત્યારપછી તમારા ઘેર આવ્યા હતા તેવી બાબત તમને તમારા પરિવારજનોના પત્ર પરથી જાણવા મળે તો તમારે તે પત્ર પણ રજૂ કરવો જોઈએ. તમે તમારા પરિવાર અથવા મિત્રોને પત્ર લખીને તમે ચાલ્યા ગયા ત્યારપછી શું-શું થયું તે અંગેની વધુ વિગતો મેળવી શકો છો. આવા પત્રો તમારા કેસમાં પૂરાવા તરીકે કામ લાગી શકે છે.

તદુપરાંત તમારી પાસે કોઈ જૂથનાં સભ્યપદનો પૂરાવો હોય અને તમને ડર હોય કે આ જૂથ સાથે સંકળાયેલા હોવાથી તમારે યાતના ભોગવવી પડશે તો તે પૂરાવો પણ અદાલતમાં લાવવો ખૂબ જરૂરી છે. દા.ત. તમને ધાર્મિક ધોરણે યાતનાનો ડર હોય તો તમે તમારા ધર્મનો ઉલ્લેખ કરતું જન્મનું પ્રમાણપત્ર અથવા જે-તે ધર્મમાં તમારા સભ્યપદને તમારી અટક દ્વારા દર્શાવી શકાય. તમારા ધાર્મિક જૂથમાંથી પણ એવી કોઈ વ્યક્તિને લાવી શકાય જે તમારા નામનો અર્થ આપતો ખુલાસો રજૂ કરી શકે. તમે સરકારી દળના સૈનિક હોવ અને તમે સૈનિક છો એટલા માટે તમારી સામે યાતના થઈ શકે છે એવો તમને ડર હોય તો તમારી લશ્કરી સેવાના પૂરાવા મેળવવા પ્રયાસ કરવો જોઈએ. તમને તમારી વંશીય પૃષ્ઠભૂને કારણે યાતનાનો ડર હોય તો તમારી પૃષ્ઠભૂના પૂરાવા મેળવવા જોઈએ. તમે આવા કોઈ પૂરાવા મેળવી ન શકો તો કેમ ન મેળવી શક્યા તેનો ખુલાસો કરવાની તૈયારી રાખવી જોઈએ. આ પ્રકારના પૂરાવા અદાલતો માટે ખૂબ મહત્ત્વપૂર્ણ હોય છે.

તદુપરાંત તમારા કેસ સાથે સંકળાયેલા હોય તેવા અખબારી કે સામયિકના લેખો અથવા માનવાધિકારને લગતા અહેવાલો તમારા વતી કોઈ મેળવી શકે તેમ હોય તો તમે તેને પણ રજૂ કરી શકો. આવા લેખો અને અહેવાલો તમારા દેશની રાજકીય સ્થિતિ, તમારા જૂથના સભ્યોને પડી રહેલી તકલીફો અથવા તો તમારી સમસ્યાઓ સાથે સંકળાયેલા હોય તેવા ચોક્કસ બનાવોની વિગતો જણાવી શકે છે.




તમારી અથવા તમારા જેવા લોકોની તમારા દેશમાં જે સ્થિતિ છે તેની સાથે આવા લેખોને જેટલી નિસ્બત હશે, તેટલા જ તે લેખો તમને તમારા કેસમાં મદદરૂપ થઈ પડશે.

**રક્ષણ માટે તમારા દાવાને લગતા દસ્તાવેજો**

તમારા આશ્રય સ્થાનનું સમર્થન કરતા, કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અથવા CAT દાવાને લગતા દસ્તાવેજો તમારા કેસની હાર અને જીત વચ્ચે તફાવત પાડી શકે છે. તમારે ન્યાયાધીશ આગળ એ તો પૂરવાર કરવું જ પડે કે તમે તમારા પોતાના દેશમાં પરત ફરશો તો તમારે યાતના ભોગવવી પડે તેવી શક્યતા છે. આશ્રય સ્થાન મેળવવા માટે તમારે તમારી સામે ભૂતકાળની કોઈ યાતના અથવા તો જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, ચોક્કસ સામાજિક સંગઠનના

સભ્યપદ અથવા રાજકીય અભિપ્રાયના આધારે ભાવિ યાતનાનો ઠોસ આધાર ધરાવતો ડર પૂરવાર કરવો જ પડે. **તમારા દાવાના સમર્થનમાં દસ્તાવેજો તમે એકત્ર કરો તે ખૂબ જરૂરી છે.**

**તમે તમારા દેશમાં જે કાંઈ થયું છે અથવા થઈ રહ્યું છે તેના વિષે સત્ય જણાવી રહ્યા છો તે દર્શાવવા તમારા કેસના દસ્તાવેજો તૈયાર કરવા ખૂબ અગત્યના છે. તમારા દાવામાં મદદરૂપ નિવડી શકે તેવા દસ્તાવેજોમાં સામેલ છેઃ**

- સત્તાવાર/સરકારી દસ્તાવેજો (જન્મ-મૃત્યુના પ્રમાણપત્રો, શાળા અથવા કરવેરાના રેકર્ડ)
- વ્યક્તિગત દસ્તાવેજો (ચરિત્રનું સોગંદનામું, પ્રશસ્તિપત્રો, પુરસ્કારો, મિત્રો અથવા પરિવારના પત્રો, લેખિત ધમકીઓ, તબીબી અહેવાલો વિગેરે.)
- તમારા દેશની સ્થિતિ, ત્યાંના સાંસ્કૃતિક મુદ્દાઓ અથવા માનવાધિકારના ચોક્કસ મુદ્દાઓ અંગે તાજના સાક્ષીના સોગંદનામા
- અખબારો તથા સામયિકોમાં તમારા દેશની સ્થિતિ અથવા માનવાધિકાર હનન દર્શાવતા લેખો
- રેડિયો અથવા ટીવી અહેવાલો
- પુસ્તકો
- સરકારી અથવા બિનસરકારી દસ્તાવેજો (દા.ત. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ, યુ.એન., હ્યુમન રાઈટ્સ વોચ, અમેરિકન વિદેશ મંત્રાલય વિગેરે) આધારિત માનવાધિકાર અહેવાલો

**એવી ઘણી બાબતો છે જે તમે તમારા દાવાના સમર્થનમાં દસ્તાવેજો એકત્ર કરવા કરી શકો:**

1.તમારા આશ્રય સ્થાનના દાવાને પૂરવાર કરવા તમારા દેશની સ્થિતિનો ખુલાસો કરતા પત્રો લખવા તમારા પરિવારજનો, મિત્રો, સાથીદારોને જણાવી શકો તેમજ તેમને તમારા કેસનું સમર્થન કરી શકે તેવા લેખો અથવા માહિતી મોકલાવવા પણ જણાવી શકો.

2. પાછળના પાનાં પર ઉલ્લેખ કરાયો છે તેમાંના કોઈ એક સંગઠનનો સંપર્ક કરીને તમારા કેસ માટે દસ્તાવેજો એકત્ર કરી શકો

**3. આ માહિતી તમારા વકીલ અથવા એક્રિડિટેડ પ્રતિનિધિને આપી શકો જે તમારી સુનાવણી દરમિયાન તમારૂં પ્રતિનિધિત્વ કરી શકે.**

તમારી પાસે વકીલ ન હોય તો તમે આમાંના કોઈને મોકલી શકોઃ

1. તમામ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો. તમારા દાવાને પૂરવાર કરી શકે તેવા દસ્તાવેજો જ રજૂ કરો. એવા કોઈ પૂરાવા રજૂ ન કરો જે તમારી રજૂઆતને ખોટી પાડી શકે. બીજા શબ્દોમાં માત્ર એવી માહિતીનો ઉપયોગ કરો જે તમે તમારા ઈમિગ્રેશન ન્યાયાધીશને કહેવા માગતા હોવ. યાદ રાખો, તમે જે કાંઈ કહી રહ્યા છે તે સત્ય હોવાનું તમારે દર્શાવવાનું છે.

2. તમારા આશ્રય સ્થાનના દાવાને ચોક્કસપણે સમર્થન કરતી હોય તેવી માહિતીના વિભાગોને અન્ડરલાઈન, **ઘેરા** અથવા *વિશિષ્ટ* રીતે દર્શાવવાનો પ્રયાસ કરો. તમારા કેસમાં મદદરૂપ નિવડી શકે તેવા તમામ દસ્તાવેજો એકત્ર કરવાનો પ્રયાસ કરો.

**3. નીચે દર્શાવેલા સંગઠનોની યાદી કાળજીપૂર્વક વાંચો. તમારી જરૂરિયાતને શ્રેષ્ઠ રીતે મદદરૂપ નિવડી શકે તેવા સંગઠનની પસંદગી કરો.ડોક્યુમેન્ટેશન રિક્વેસ્ટ ફોર્મની નકલમાં તમામ વિગતો ભરો. ફોર્મમાં માગેલી તમામ વિગતો ભરવાનું યાદ રાખવા વિનંતી. તમે કોઈપણ ખાનું ખાલી છોડશો તો કોઈપણ સંગઠન માટે દસ્તાવેજો એકત્ર કરવામાં તમને મદદરૂપ થવાનું કામ અઘરૂં બનશે.**

## દસ્તાવેજો મેળવવાના રસ્તા

એવા ઘણા રસ્તા છે જેના થકી તમે તમારા દેશમાં તમારી સ્થિતિ વર્ણવતા દસ્તાવેજો એકત્ર કરી શકો.

પહેલું : તમારા પરિવારજનો ઈન્ટરનેટની સુવિધા ધરાવતા હોય તો નીચેની વેબસાઈટ તમારા દેશની સ્થિતિ વિષે વિગતો પૂરી પાડી શકે:

← એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ : http://www.amnesty.org

← હ્યુમન રાઈટ્સ વોચ: http://www.hrw.org

← એસાયલમ લો ડોટ ઓઆરજી: http://www.asylumlaw.org: આ વેબસાઈટમાં હ્યુમન રાઈટ્સ ડોક્યુમેન્ટેશન એક્સચેન્જ (એચઆરડીઈ) દ્વારા પૂરી પડાયેલી જે-તે દેશના ચોક્કસ વિસ્તારોની સ્થિતિ સહિત વિવિધ સૂત્રો પાસેથી મેળવેલા માનવાધિકારના અહેવાલો હોય છે.

← અમેરિકન વિદેશ મંત્રાલય : http://www.state.gov

← DHS રિસોર્સ ઈન્ફોર્મેશન સેન્ટર: http://www.uscis.gov/graphics/services/asylum/ric/index.htm

**બીજું** : તમે નીચે દર્શાવેલી સંસ્થાઓને ફોન કરીને અથવા તો પત્ર લખીને તમારા દેશને લગતા કે કોઈ ચોક્કસ મુદ્દા આધારિત પ્રકાશનોને ખરીદવા માટેની યાદી જણાવી શકો છો.

**ધ રેફ્યુજી પ્રોગ્રામ, એઆઈયુએસએ**

**600 પેન્સિલ્વેનિયા એવન્યુ, એસઈ, પાંચમો માળ**

**વોશિંગ્ટન, ડી સી 20003**

**ફોન : 202-544-0200 x540**

**ફેક્સ: 202-546-7142**

**ઈમેઈલ:** refugee@aiusa.org

**હ્યુમન રાઈટ્સ વોચ**

**350 ફીફ્થ એવન્યુ, 34મો માળ**
**ન્યૂયોર્ક, એનવાય 10118-3299 યુએસએ**
**ફોન : 1-(212) 290-4700**
**ફેક્સ : 1-(212) 736-1300**
**ઈમેલ:** hrwnyc@hrw.org

જો કે, તમને ખ્યાલ હોવો જોઈએ કે આ સામગ્રી ઓર્ડર કરવામાં ચાર્જ લાગે છે અને તેમાં થોડોક સમય લાગી શકે છે. એ બાબત સુનિશ્ચિત કરવા કે તમારા દસ્તાવેજોને ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવાની જરૂર ઊભી થાય તે પહેલાં જ તમારી પાસે માહિતી એકત્ર કરવા પૂરતો સમય હોવો જોઈએ તે માટે તમારે અત્યારથી જ શરુઆત કરવી જોઈએ. તમારે દસ્તાવેજ માટેની વિનંતીમાં એ બાબતનો ઉલ્લેખ કરવો જોઈએ કે તમારી પાસે કેટલી સમયમર્યાદા છે, એટલે કે ઈમિગ્રેશન ન્યાયાધીશ સમક્ષ તમારા આશ્રય સ્થાનના દસ્તાવેજો ફાઈલ કરવાની તારીખ કઈ છે.

**ત્રીજું** : તમે તમારા પોતાના દેશમાં ખાસ કરીને જાતિય મુદ્દાઓ, જાતિય ઓળખ અથવા એચઆઈવીની સ્થિતિ વિષે ચોક્કસ માહિતી મેળવવા માગતા હોવ તો તમને નીચે દર્શાવેલા સંગઠનો ઘટાડેલી ફી અથવા વિનામૂલ્યે (હવે પછીના પાને સંપર્કની વિગતો જૂઓ) તમારા પોતાના દેશને લગતી દસ્તાવેજી

માહિતી મેળવવામાં મદદરૂપ થઈ શકે છેઃ

← **ઈન્ટરનેશનલ ગે એન્ડ લેસ્બિયન હ્યુમન રાઈટ્સ કમિશન (આઈજીએલએચઆરસી)**

← **ધ નેશનલ એસાયલમ પાર્ટનરશીપ ફોર સેક્સ્યુઅલ ઓરિએન્ટેશન (એનએપીએસઓ)**

**ચોથું** : સંશોધન માટે ખર્ચવા પર્યાપ્ત નાણાં તમારી પાસે હોય તો નીચે દર્શાવેલી સંસ્થાઓમાંથી કોઈ તમને મદદરૂપ થઈ શકે (હવે પછીના પાને સંપર્કની વિગતો જૂઓ):

← **ધ ડેટા સેન્ટર**

← **પોલિટિકલ એસાયલમ રિસર્ચ એન્ડ ડોક્યુમેન્ટેશન સર્વિસ**

કમનસીબે, આ પુસ્તિકાને અદ્યતન કરતી વખતે (જુલાઈ 2010) એવી કોઈ સંસ્થાઓ **નહોતી** જેઓ તમારા દેશની સ્થિતિ વિષે **મફતમાં** સંશોધન હાથ ધરી શકે.

**સંસ્થાઓ**

મહેરબાની કરીને આ યાદી કાળજીપૂર્વક વાંચો અને ફક્ત તમારી જરૂરિયાત સાથે મેળ ખાતી હોય તેવી જ સંસ્થાઓની પસંદગી કરો. નીચે દર્શાવેલી સંસ્થાઓ તમારા આશ્રય સ્થાન, કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અથવા CAT દાવાના સમર્થનમાં દસ્તાવેજો એકત્ર કરવામાં તમને મદદરૂપ થઈ શકે છે. આ સંસ્થાઓ કાનૂની સહાય પૂરી પાડી શકતી નથી અને તમારી સુનાવણી દરમિયાન તમારૂં પ્રતિનિધિત્વ કરી શકતી નથી. જો કે, એવી ઘણી સંસ્થાઓ છે જે તમને મદદરૂપ થઈ શકે તેવા ધારાશાસ્ત્રીઓ-વકીલોની યાદી પૂરી પાડી શકે છે.

**સંસ્થાઓ:** **વર્ણન:**

| | |
|---|---|
| **એમ્નેસ્ટી**<br>**ઈન્ટરનેશનલ (એઆઈ)**<br>ધ રેફ્યુજી પ્રોગ્રામ,<br>એઆઈયુએસએ<br>600 પેન્સિલ્વેનિયા<br>એવન્યુ,<br>એસઈ, પાંચમો માળ<br>વોશિંગ્ટન, ડીસી 20003<br>ફોન : 202-544-0200 x540<br>ફેક્સ: 202-546-7142<br>ઈ-મેલ: refugee@aiusa.org<br>વેબસાઈટ:<br>http://www.amnestyusa.org/<br>refugee/ | **સેવા:** વાર્ષિક અહેવાલો અને બીજા દસ્તાવેજો 1996ના વર્ષથી અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ડિટેન્શન લાયબ્રેરીઓમાં વર્તમાન વર્ષના વાર્ષિક અહેવાલ ઉપલબ્ધ હોવા જોઈએ. જો ઉપલબ્ધ ન હોય તો અમારા કાર્યક્રમ અંતર્ગત વાર્ષિક અહેવાલમાંથી, અટકાયતમાં લેવાયેલી વ્યક્તિઓને સંલગ્ન વિગતો મોકલી આપવામાં આવે છે જેમની પાસે ઈન્ટરનેટની કોઈ સુવિધા નથી હોતી. અમારા કાર્યક્રમ હેઠળ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ ન હોય તેવી ઓળખ કરાયેલી એઆઈ સામગ્રીની હાર્ડકોપી મોકલાવવામાં આવશે અને શક્ય હોય તે પ્રમાણે સંશોધન હાથ ધરશે. અમારી પાસે એવા સ્વયંસેવીઓનું નેટવર્ક છે જેઓ કોઈ દેશમાં બનેલી કોઈ ચોક્કસ ઘટના કે પ્રસંગ વિષેની સ્થિતિ અથવા ખરાઈ કરતી માહિતી પૂરી પાડી શકે છે. અમે મર્યાદિત ધોરણે વિશ્લેષણ પત્ર તૈયાર કરીએ છીએ.<br><br>**ફી:** નિઃશુલ્ક<br><br>**માહિતીની વિનંતી કેવી રીતે મોકલવી:** ઈમેલથી સંપર્ક ઈચ્છનીય છે. અટકાયતમાં લેવાયેલી વ્યક્તિ પત્ર અથવા ફેક્સથી વિનંતી મોકલાવી શકે છે. મહેરબાની કરીને તમારો એલિયન નંબર, પોતાના મૂળ દેશ, સંપર્કની વિગતો, કેસની સ્થિતિ, આગામી ઈન્ટરવ્યૂ કે સુનાવણીની તારીખ સહિતની વિગતોનો પણ સમાવેશ કરવો. સગવડ હોય તો તમારા સોગંદનામા અથવા ઘોષણાપત્રની સંપૂર્ણ વિગતો ધરાવતી નકલ મોકલવી પરંતુ તમે જે વિગતો મેળવવા માગો છો તેના એક કે વધુ મહત્ત્વના મુદ્દા સૂચિત કરવા. |
| **ધ ડેટા સેન્ટર**<br>1904 ફ્રેન્કલીન સ્ટ્રીટ, સ્યુટ<br>900<br>ઓકલેન્ડ, સીએ 94612-2912<br>ફોન: 1-800-735-3741<br>ફેક્સ: (510) 835-3017<br>http://www.datacenter.org | **સેવા:** ડેટા સેન્ટર વિશ્વભરના દેશોમાં માનવ અને નાગરિક અધિકારોની સ્થિતિને લગતી વિગતો માટે વિસ્તૃત શ્રેણીના પ્રકાશનોમાંથી લેખો મેળવે છે. માનવાધિકાર એજન્સીઓ પાસેથી વિશેષ અહેવાલો અને ચુનંદા પુસ્તકો ઉપરાંત સંદર્ભ સ્ત્રોતો વધારાની માહિતી પૂરી પાડે છે. **ફી :** શ્રમ, દસ્તાવેજની નકલ કાઢવા પર કલાક આધારિત ફી, વિનંતી હેઠળની સેવા આધારિત ડિલિવરી ફી અને ઓન-લાઈન પહોંચ તથા પરત મેળવવાની ફી. સામાન્ય શોધ માટે 300થી 500 ડોલર ફી રહે છે. અંદાજિત ખર્ચની સમકક્ષ ડિપોઝિટ ચેક, વિઝા અથવા માસ્ટરકાર્ડથી ચૂકવવાની રહે છે. કોઈ પ્રો બોનો અથવા સ્લાઈડિંગ સ્કેલ ઉપલબ્ધ નથી.<br><br>**માહિતીની વિનંતી** કેવી રીતે **મોકલવી:** તમારા વકીલ અથવા પરિવારજનના માધ્યમે અમારો સંપર્ક કરીને ફોન અથવા ઈમેલથી તમારી વિનંતી મોકલાવી શકો છો.<br><br>**કોઈ કલેક્ટ ફોન કોલ સ્વીકારાતા નથી.** |

| | |
|---|---|
| **ઈન્ટરનેશનલ ગે એન્ડ લેસ્બિયન હ્યુમન રાઈટ્સ કમિશન (આઈજીએલએચઆરસી)**<br>એસાયલમ ડોક્યુમેન્ટેશન પ્રોગ્રામ<br>પી. ઓ. બોક્સ 550<br>સાન ફ્રાન્સિસ્કો, સીએ 94104<br>ફોન: (415) 398-2759<br>ફેક્સ: (415) 398-4635<br>mailto:asylum@iglhrc.org | **સેવા:** આઈજીએલએચઆરસીના એસાલયમ ડોક્યુમેન્ટેશન પ્રોગ્રામ હેઠળ એવી વ્યક્તિઓ દ્વારા આશ્રય સ્થાન માટે કરાયેલા દાવાને ટેકો આપવામાં આવે છે જેમને પોતાની જાતિય અભિમુખતા, જાતિય ઓળખ અથવા એચઆઈવીની સ્થિતિને કારણે પોતાની સાથે યાતના થવાની ભીતિ હોય. અમે દેશાવર સ્થિતિ પેકેટ્સની ચુનંદી શ્રેણી પૂરી પાડીએ છીએ, જેમાં લેસ્બિયન, ગે પુરૂષો, બાયસેક્સ્યુઅલ્સ, ટ્રાન્સજેન્ડર્ડ તથા એચઆઈવી-એઈડ્સગ્રસ્ત લોકો સામે માનવાધિકાર ઉલ્લંઘનના કૃત્યો અંગે સહાયક દસ્તાવેજોનો સમાવેશ થાય છે. અમે આ પેકેટ્સ આશ્રય સ્થાનનો દાવો કરવા વિચારતી વ્યક્તિઓ, આશ્રય સ્થાનના અરજદારો, વકીલો, ઈમિગ્રેશન ધારાશાસ્ત્રીઓ તથા અન્ય રસ ધરાવતા પક્ષકારોને પૂરા પાડીએ છીએ. અમે કાનુની સલાહ પૂરી નથી પાડતા પરંતુ અમે ઈમિગ્રેશન ધારાશાસ્ત્રીઓની યાદી પૂરી પાડી શકીએ છીએ. મહેરબાની કરીને સંપૂર્ણ વિગતો ભરેલું એસાયલમ રિક્વેસ્ટ ફોર ડોક્યુમેન્ટેશન ફોર્મ ફોન કરો, ફેક્સ કરો અથવા મેલ કરો. આ ફોર્મ http://www.iglhrc.org પરથી મેળવી શકાશે. દેશની સ્થિતિ પેકેટ માટે 2-3 સપ્તાહનો સમય આપવો. ડોક્યુમેન્ટેશન ફી ચૂકવવાની સમર્થતા ન હોય તો ફી મુક્તિ પણ ઉપલબ્ધ છે. **કલેક્ટ ફોન કોલ્સ સ્વીકાર્ય છે.** |
| **ધ નેશનલ એસાયલમ પાર્ટનરશીપ ફૉર સેક્સ્યુઅલ ઓરીએન્ટેશન** (NAPSO)<br>208 એસ. લ'સેલે, સ્યુટ 1818<br>શિકાગો, આઈએલ 60604<br>ફોન - (312) 660-1370<br>ફેક્સ (312) 660-1505 આયાતના કલાકો : બુધવાર 9:00 થી મધ્યાહન<br>ભાષાઓ : અંગ્રેજી, સ્પેનીશ, ફ્રેંચ અને અરેબીક. બીજી ભાષાઓ વિનંતીને આધારે ઉપલબ્ધ થશે. | સેવાઓ : **NAPSO** ના કર્મચારીઓ દેશભરમાં જાતીય **અભિમુખતા** કે **HIV** આધારિત આશ્રય સ્થાનના દાવા માટે વ્યક્તિગત પ્રતિનિધિત્વ પૂરું પડતા વકીલોને ટેકનીકલ સહાય આપે છે.અમે આશ્રય સ્થાન શોધનારાઓને કાનૂની સેવાઓ આપતી સંસ્થાઓ અને નિરાશ્રીતોની વકીલાત કરતી સંસ્થાઓની યાદી પણ પૂરી પાડીએ છીએ. **માત્ર** મધ્ય પશ્ચિમ ક્ષેત્રમાં અટકાયતમાં રહેલા લોકો જેમને વકીલની જરૂર હોય તેઓ દર્શાવેલા સરનામે કે ફોન નંબર પર અમારો સંપર્ક કરી શકે છે. રિસોર્સ માર્ગદર્શિકા "વિનિંગ અસાયલમ, વિથહોલ્ડીંગ એન્ડ **CAT** બેઝ્ડ ઓન સેક્સ્યુઅલ ઓરીએન્ટેશન, ટ્રાન્સ જેન્ડર આયડેન્ટીટી એન્ડ/ઓર **HIv** પોઝીટીવ સ્ટેટસ" www.MIHRC.org પર ઓનલાઈન ઉપલબ્ધ છે.<br><br>**માહિતીની વિનંતી** કેવી રીતે **મોકલવી:** મહેરબાની કરીને ફોન, ફેક્સ કે પત્ર દ્વારા અમારો સંપર્ક કરો. |

| | |
|---|---|
| પોલીટીકલ અસાયલમ રીસર્ચ એન્ડ ડોક્યુમેન્ટેશન સર્વિસીઝ (PARDS)<br>145 વિધરસ્પૂન સ્ટ્રીટ, પ્રિન્સ્ટન, એનજે 08542<br>ફોન: (609) 497-7663 | સેવાઓ: અમે આશ્રય સ્થાનો માટેના અરજદારો અને તેમના વકીલોને દસ્તાવેજો તેમજ તેમની અરજીઓનું મૂલ્યાંકન અને સમીક્ષા કરવા તૈયાર ચોક્કસ દેશ અને ચોક્કસ મુદ્દા આધારિત નિષ્ણાતો પુરા પાડીએ છીએ. અમે દાવો દાખલ કરતા પહેલાના મુલ્યાંકનોનો હાથ ધરીએ છીએ જેથી દાવાની ગુણવત્તા નક્કી કરી શકાય. અમે ગુણવત્તા વાળા દાવા માટે સોગંદનામા અને / અથવા સાક્ષીઓ તેમજ રાજ્ય વિભાગના માનવ હકોના અહેવાલોનું વ્યાપક મૂલ્યાંકન રજૂ કરીએ છીએ. કેટલાંક કિસ્સાઓમાં, અમે અરજદારની મુલાકાત પણ લઈએ છીએ અને તેને એક વ્યાજબી દાવો બનાવવામાં મદદ કરીએ છીએ. અમે દસ્તાવેજો માટે વિદેશી સરકારોનું પ્રમાણીકરણ પણ આપીએ |

( એકત્રિત ફોન સ્વીકારાતા નથી અને બહુભાષિય કર્મચારીઓ ઉપલબ્ધ નથી.)

છીએ.

ફી : PARDS એક સેવા માટે ફી લેતી સંસ્થા છે. ફી ની ગણતરી, વિનંતી માટે લાગતા સમય અને તેના પ્રકાર પર આધારિત છે. બધા નહીં પણ મોટા ભાગના નિષ્ણાતો પણ ફી લે છે. DHS અટકાયતમાં રહેલી કાનૂની પ્રતિનિધિત્વ વિનાની વ્યક્તિઓ માટે ફીમાં ઘટાડો ઉપલબ્ધ છે અને કેટલાંક કિસ્સાઓમાં એવી વ્યક્તિઓને પણ જેઓનું પ્રો બોનો આધાર પર પ્રતિનિધિત્વ કરાય છે.

**માહિતી**ની **વિનંતી** કેવી રીતે **મોકલવી**: પૂરું ભરેલું અરજી પત્રક પત્ર દ્વારા મોકલો જેમાં (1) તમારા I-589 પત્રક (આશ્રય સ્થાન માટેની વિનંતી ) ની નકલ હોય અને આશ્રય સ્થાન માટેના દાવાના આધારો રજુ કરતુ વિગતવાર સોગંદનામું; (2) **કેસની સ્થિતિ** અંગેની માહિતી; (3) તમારા હવે પછીના ઈન્ટરવ્યુ, સુનાવણી કે અપીલની તારીખ અને (4) તમે માંગેલી સેવા**ઓ**. મહેરબાની કરીને નકલો મોકલો નહીં કે **મૂળ**. બધી વિનંતીઓ અંગ્રેજીમાં, કાળી  શાહીમાં બ્લોક લેટર વાપરીને છપાયેલી હોવી જોઈએ. મહેરબાની કરીને તમારા દાવા અને ચુકવણી બાબતે અમે ચર્ચા કરી શકીએ તેવા બહારના સંપર્કોના ફોન નંબર આપો. ** નોંધ : મહેરબાની કરીને એ ચકાસી લો કે PARDS નો ફોન પર સંપર્ક કરતી વ્યક્તિ અંગ્રેજીમાં બરાબર વાત કરી શકે છે.

**મહેરબાની કરીને નોંધ લો : તમે મોકલેલી કોઈ પણ આશ્રય સ્થાનની અરજી (I-589), પત્રો કે પત્રકો આંતરિક ઉપયોગ માટે જ છે જે તમારા દાવાને દસ્તાવેજીકૃત થવામાં મદદ કરે છે. આ માહિતી બીજી કોઈ સંસ્થા, DHS કે બીજી કોઈ સરકારી સંસ્થાને તમારી અનુમતિ લીધા વિના ન□□□ અપાય.**

ઉપર જણાવેલી કોઈ પણ સંસ્થાનો સંપર્ક કરવા ઇચ્છો તો આ પુસ્તિકાના અંતમાં આપેલા ડોક્યુમેન્ટેશન રીક્વેસ્ટ ફોર્મનો ઉપયોગ કરો.

## પત્રો અને દસ્તાવેજો કોર્ટમાં રજુ કરવા

તમે કોર્ટમાં દાખલ કરેલા દરેક પત્રો અને દસ્તાવેજો જે અંગ્રેજીમાં નથી તેનું અંગ્રેજી ભાષાંતર તેની સાથે જોડેલું હોવું જોઈએ. ભાષાંતરના અંતમાં અનુવાદકે નીચે જણાવેલ વાક્ય મુકવું:

હું,  (અનુવાદકનું નામ) એવું પ્રમાણપત્ર આપું છું કે હું આ દસ્તાવેજનો અનુવાદ કરવા માટે સક્ષમ છું અને મારી સર્વોત્તમ ક્ષમતાઓને આધારે અનુવાદ સાચો અને ચોક્કસ છે.


(અનુવાદકની સહી)/ (તારીખ)

☞ **જો કોઈ દસ્તાવેજ કે પત્ર અંગ્રેજીમાં નથી તો તેનું અંગ્રેજી ભાષાંતર જોડો.!**

જો તમે તમારા દેશમાં તમારી સાથે શું થયું છે કે પાછા જશો તો તમારી સાથે શું થશે તેવું જાણતા તમારા મિત્રો કે કુટુંબીઓ પાસેથી પત્ર મેળવી શકો તો આવા પત્રમાં કેટલીક હોવી બાબતો જરૂરી છે:

## ન્યાયાધીશને અપાતા પત્રોના નિયમો

1. તે "માનનીય ઈમિગ્રેશન ન્યાયાધિશ" ને સંબોધીને લખાયેલા હોવા જોઈએ.
2. વ્યક્તિ એ તેનું નામ, સરનામું, નોકરી, ઉંમર, ઈમિગ્રેશન દરજ્જો અને તમારી સાથેનો સંબંધ ( ભાઈ, પિત્રાઈ, પાડોશી, માલિક ) દર્શાવવા પડે છે.
3. જે તે વ્યક્તિએ તેના પોતાના શબ્દોમાં પત્ર લખવો પડે છે.
4. જો શક્ય હોય તો પત્ર નોટરી પાસે અધિકૃત કરાવાયેલો હોવો જોઈએ.
5. જો પત્ર અંગ્રેજીમાં ન હોય તો તેની સાથે ભાષાંતરના પ્રમાણપત્ર સાથેનો અંગ્રજી અનુવાદ જોડેલો હોવો જોઈએ. (પ્રમાણપત્રમાં અમે આપેલા ઉદાહરણમાં લખાયેલા શબ્દો જ ઉપયોગમાં લો)

## **ન્યાયાધીશને લખેલા પત્રમાં** લોકોએ **શું કહેવું જોઈએ?** 

જો તમે તમારા મિત્રો, કુટુંબીઓ કે ભૂતપૂર્વ નીયોજકોને શું લખવું તે વિષે ન જણાવો તો, તેમને પત્રમાં લખવાની બાબતો વિષે ખ્યાલ નહીં આવે. તમે જે જે વ્યક્તિઓ પાસેથી પત્ર મેળવવા માંગો છો તે દરેકને તમારે લખવું જોઈએ. તમે લખેલા પત્રોમાં તમારે :

1. એ સમજાવવું જોઈએ કે તમે ઈમીગ્રેશનની પ્રક્રિયામાંથી પસાર થઇ રહ્યા છો અને તે દેશમાં રહેવા માટે આશ્રય સ્થાન માટે અરજી કરી રહ્યા છો. તમારી ફોજદારી પ્રતીતિ કે બીજી તકલીફો સમજાવો અને તમારે જજને આશ્રય સ્થાન માટેની તમારી જરૂરિયાત સાબિત કરવાની છે તેમજ એ બતાવવાનું છે કે તમે સમાજના એક ઉપયોગી સભ્ય સાબિત થશો.
2. જે તે વ્યક્તિને નીચેની ચીજો સામેલ કરવા કહો:
   - તે વ્યક્તિ તમને કઈ રીતે ( દાખલા તરીકે, તે તમારી પાડોશી , બહેન, માલિક છે ), અને કેટલા સમયથી તે કે તેણી તમને ઓળખે છે.
   - જજને જોઈતી હશે તેવી બીજી માહિતી, દાખલા તરીકે:
     - o તમારી કઈ સારી બાબતો આ વ્યક્તિ જાણે છે? તમે આ વ્યક્તિ અથવા કુટુંબમાં કે સમાજમાં બીજી કોઈ વ્યક્તિ માટે શું સારું કર્યું છે?
     - o જો તમને પાછા મોકલવામાં આવે તો તમારું શું થશે? તમારા દેશમાં તમારી પરિસ્થિતિને વ્યક્તિગત રીતે જાણતી વ્યક્તિ જ, જેમકે તમારા કુટુંબનો કોઈ સભ્ય, આ પ્રશ્નનો જવાબ આપી શકે.

o તમારો કામનો ઈતિહાસ કેવો છે? તમારા ઊપરી અથવા પૂર્વ નોકરીદાતા કહી શકે કે તમે તેમના હાથ નીચે કેટલો સમય કામ કર્યું હતું, તમારી શી જવાબદારીઓ હતી, અને તમે કેવા કર્મચારી હતા.

o તમને કોઈ ગંભીર ગુના માટે સજા કરવામાં આવી હોય તો તમને સારી રીતે જાણતા અથવા તો જે સંજોગોમાં ગુનો બન્યો તેનાથી પરિચિત હોય તે વ્યક્તિએ એ બાબત વિષે જણાવવું પડે કે તમે કેવી રીતે આ સમસ્યામાં ફસાયા, અને શા માટે તેને એવું લાગે છે કે તમે આ વર્તાણૂંકનું પુનરાવર્તન નહીં કરો અને તમારાથી સમાજને કોઈ જોખમ નથી. ફોજદારી અદાલતમાં તમારા વતી ઉપસ્થિત રહેલા વકીલ તરફથી પણ તમે પત્ર મેળવી શકો.

જો ઈમિગ્રેશન ન્યાયાધીશ એવું નક્કી કરે કે તમે કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે લાયક ત્યારે જ ઠરી શકો (કારણ કે તમે આશ્રય સ્થાન માટે લાયક નથી ઠરતા) તો આવા પત્રો પર ન્યાયાધીશ વિચારણા ન કરી શકે. આપણે અગાઉ ચર્ચા કરી ગયા તે મુજબ તેઓ ત્યારે જ તમારા ગુના બદલ વિચારણા કરી શકે જ્યારે તેઓ એ નક્કી કરી રહ્યા હોય કે શું તમે રક્ષણ માટે લાયક ઠરો છો કે કેમ, બીજા શબ્દોમાં તમારો ગુનો કોઈ “ચોક્કસ ગંભીર ગુનો” છે કે કેમ. તમને ફોજદારી કેસમાં કસૂરવાર ઠેરવાયા હોય તો તમારા કેસને મદદરૂપ થવા તમે અન્ય કેવા પ્રકારના પૂરાવા રજૂ કરી શકો તેની યાદી નીચે મુજબ છે.

## અનુક્રમણિકા

તમારી અરજીને દાખલ કરાવવા તમે પત્રો, લેખો કે અન્ય દસ્તાવેજોનું બીડાણ કર્યું હોય તો તમારે તેની યાદી બનાવવી જોઈએ. આ યાદીને અનુક્રમણિકા કહેવામાં આવે છે, જેના થકી ન્યાયાધીશને ઉડતી નજરે જ તમે કયા દસ્તાવેજો રજૂ કર્યા છે તે જોવામાં મદદ મળે છે અને તેમને એ બાબતની ભાળ મેળવવામાં પણ મદદ મળે છે કે કોઈ દસ્તાવેજ ખૂટે છે કે કેમ. આ યાદીની ટોચે તમારૂં નામ, ક્રમાંક અને "Index to Documents in Support of Asylum Application." એવું શિર્ષક લખો.

## સેવાનું પ્રમાણપત્ર

તમારે તમારી અરજી દાખલ કરાવતી વખતે જ અરજીપત્રની સાથે તમારા તમામ પત્રો, લેખો તથા અન્ય કાગળો સહિતના શક્ય તમામ દસ્તાવેજો રજૂ કરવા જોઈએ. તમે આમ ન કરી શકો તો તમને પાછળથી (પરંતુ સુનાવણી પહેલા) તેને રજૂ કરવા મંજૂરી અપાય છે. તે સંજોગોમાં તમારે તે કાગળોને સીધેસીધા અદાલતમાં ન્યાયાધીશ કે DHS ધારાશાસ્ત્રીને સુપરત કરવાને બદલે ટપાલથી પહોંચાડવાના રહેશે. આ સંજોગોમાં તમારે એ મતલબનો પત્ર પણ ફાઈલ કરવાનો રહેશે જે ન્યાયાધીશ સમક્ષ એવું દર્શાવે કે તમે DHSને નકલ મોકલી છે. આ કાગળને “સેવાનું પ્રમાણપત્ર” કહેવામાં આવે છે અને આ પુસ્તિકાના અંતે તમને આવો એક કાગળ મળશે. તેને ભરતી વેળાએ તેમાં તમારૂં નામ, ક્રમાંક અને આ દસ્તાવેજો તમે ટપાલથી કઈ તારીખે મોકલી રહ્યા છો તેની વિગતો લખો. ત્યારબાદ તમારો કેસ સંભાળી રહેલા DHSની કચેરીનું સરનામું તેમાં લખો. તમને સરનામું ખબર ન હોય તો કોઈ અધિકારીને પૂછો. સર્ટિફિકેટ ઓફ સર્વિસ એટલે કે સેવાના પ્રમાણપત્ર પર હસ્તાક્ષર કરો અને તેની ચાર નકલ બનાવો.

તમારે સેવાનું અસલ પ્રમાણપત્ર અને આઈ-589નું અસલ, ઉપરાંત (સર્ટિફિકેટ ઓફ સર્વિસ સહિત) 2 નકલો ન્યાયાધીશને મોકલવાની રહે છે. તમારે કોઈપણ સહાયક દસ્તાવેજોની (દેશની સ્થિતિના દાવાને સહાયક, તમારા કેસમાં ચોક્કસ દાવાને પૂરવાર કરનારા, પાસપોર્ટ અથવા ઈમિગ્રેશન દસ્તાવેજો, ઓળખના દસ્તાવેજો અને પારિવારિક સંબંધોના પૂરાવા) 3 નકલ ન્યાયાધીશ સમક્ષ સુપરત કરવાની રહે છે.આ તમામ દસ્તાવેજોની એક નકલ DHSને મોકલીને છેલ્લી નકલ તમારા માટે રાખવી જોઈએ. તમારા અસલ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો (દા.ત. પાસપોર્ટ, જન્મ અને લગ્નના પ્રમાણપત્રો,

ઓળખપત્રો) યાદથી જાળવી રાખો અને માત્ર આ દસ્તાવેજોની નકલો જ ન્યાયાધીશ અને DHSને મોકલી આપો. તમે સરકાર સમક્ષ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજોની અસલ કોપી સરકારને સુપરત કરશો તો તમને કદાચ સરકાર પાસેથી આ મહત્ત્વના દસ્તાવેજો પાછા ન પણ મળે.

## ફિંગરપ્રિન્ટસ અને તસવીરો

અમે અગાઉ કહી ગયા તે મુજબ તમે તમારા પરિવારજનોને તમારી અરજીમાં સામેલ કરતા હોતો તેમણે તેમની ફિંગરપ્રિન્ટ (બાયોમેટ્રિક્સ) રજૂ કરવાની (સિવાય કે તેમાંના કોઈની ઉંમર 15 વર્ષથી ઓછી હોય) અને તસવીરો પણ રજૂ કરવાની રહે છે. તમારે તમારી પોતાની ફિંગરપ્રિન્ટ અને તસવીરો રજૂ કરવાની રહે છે. તમારી અટક કરાઈ હોય તો તમારે DHSને આ બાબતોની તકેદારી રાખવા જણાવવું જ પડે. તમે અરજી ફાઈલ કરતી વેળાએ અટકાયતમાં ન હોવ તો તમારે આ ઔપચારિકતાઓ જાતે જ પૂરી કરવાની રહે છે. તમારે *Instructions For Submitting Certain Applications In Immigration Court and For Providing Biometric and Biographical Information to U.S. Citizenship and Immigration Services* શિર્ષક હેઠળ લખેલી DHSની સૂચનાઓનું અનુસરણ કરવાનું રહેશે જે સ્પષ્ટતા કરે છે કે કેવી રીતે, ક્યારે અને ક્યાં તમારી ફિંગરપ્રિન્ટ (બાયોમેટ્રિક્સ) આપવી. તમારે DHS દ્વારા જ બાયોમેટ્રિક્સ કરાવવી. બીજી કોઈ એજન્સી દ્વારા આમ કરાવવું નહીં કારણ કે તે સ્વીકારવામાં આવશે નહીં. તમે તમારી અરજી ફાઈલ કરાવવા ઈચ્છો છો તે બાબતે તમે ન્યાયાધીશને માહિતગાર કરો ત્યારે DHS ટ્રાયલ એટર્ની દ્વારા તમને સૂચનાઓ આપવામાં આવશે. મહેરબાની કરીને ધ્યાન રાખજો કે તમે કોઈ મજબૂત કારણ વિના આ બાયોમેટ્રિક્સની જરૂરિયાતને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેશો તો ન્યાયાધીશને એવું લાગી શકે છે કે તમે રાહત માટે તમારી અરજીને તરછોડી દીધી છે.

## ફોજદારી ગુનામાં દોષી ઠરેલા માટે

તમે આશ્રય સ્થાન માટે અરજી કરી રહ્યા હોવ અને તમને ફોજદારી ગુનામાં દોષી ઠેરવાયા હોય અથવા તમારા કેસમાં અન્ય નકારાત્મક પરિબળો હોય તો યાદ રાખો કે ન્યાયાધીશ તમારા આશ્રય સ્થાન કેસને ફગાવી શકે છે પછી ભલેને ન્યાયાધીશને એમ લાગતું હોય કે તમારા દેશમાં તમારી ઉપર જુલમ ગુજારાય તેવી તમને ભીતિ છે. તમને કોઈ ફોજદારી ગુનામાં દોષી ઠેરવાયા હોય અથવા તમારા કેસમાં અન્ય કોઈ નકારાત્મક પરિબળો હોય તો તમારે ન્યાયાધીશ સમક્ષ એવું દર્શાવતા દસ્તાવેજો રજૂ કરવાના રહે કે તમે તમારા ગુનાહિત આચરણ બદલ દિલગીર છો, તમે સમાજ માટે જોખમરૂપ નથી અને તમે સમાજના સર્જનાત્મક સભ્ય બની રહેશો. ઉદાહરણ સ્વરૂપે તમારે એવી વ્યક્તિને રજૂ કરવાની રહે કે જે તમને સારી રીતે જાણતી હોય - જેમકે તમારા પાડોશી, તમારા દેવળ કે મંદિરના પ્રતિનિધિ, કે પછી કોઈ પરિવારજન - જે તમારા નૈતિક ચારિત્ર્ય વિષે બોલી શકે અને એ જણાવી શકે કે શા માટે તેમને એવું લાગે છે કે તમે વધુ કોઈ સમસ્યામાં નહીં ફસાવ. તમને બહાર નિકળ્યા બાદ નોકરીની ઓફર કરતા કોઈ નોકરીદાતાનો પત્ર રજૂ કરી શકો તો તેનાથી પણ મદદ મળી શકે.

## ફોજદારી ગુનામાં દોષી ઠરવાનો પૂરાવો

પરિવારજનો અને મિત્રો પાસેથી પત્રો મેળવવા ઉપરાંત અન્ય ત્રણ ચીજો છે જેને એકત્ર કરવાથી તમે ફોજદારી ગુનામાં દોષી ઠર્યા હોવ તો તમારો કેસ તૈયાર કરવામાં તમને મદદ મળી શકે:

1) તમારા ફોજદારી કેસનો “પ્રિસેન્ટન્સ રિપોર્ટ”

2) તમારા અંગે DHSની ફાઈલની એક નકલ અને

3) તમારી એફબીઆઈ “રેપ શીટ”

આ બધા દસ્તાવેજો કયા છે અને તેને કેવી રીતે મેળવવા તેના વિષે આપણે ચર્ચા કરીશું.

### ધ પ્રિસેન્ટન્સ રિપોર્ટ

આ એવો અહેવાલ છે જેને ક્યારેક કોઈને ફોજદારી કેસમાં સજા કરાવાની હોય તે પહેલા લખવામાં આવે છે. તેમાં સામાન્યતઃ તમારા અંગત ભૂતકાળ, પ્રોબેશન ભંગ સહિત તમારા ગુનાહિત ભૂતકાળ અને જે સંજોગોમાં ગુનો બન્યો તેની વિગતોનો ઉલ્લેખ કરાતો હોય છે. તેમાં મદદરૂપ વિગતો હોઈ શકે અને આ કેસમાં તમે તેને ઈમિગ્રેશન કોર્ટ સમક્ષ ફાઈલ કરવા ઈચ્છતા હોઈ શકો છો. બીજીતરફ તેમાં તમારા વિષે અમુક ખરાબ બાબતો પણ જણાવાઈ હોઈ શકે છે. આવું હોય તો તમે તેની નકલ ન્યાયાધીશને આપવા ન પણ ઈચ્છો. DHS પાસે નકલ હોય અને તેનો તમારી વિરૂદ્ધ ઉપયોગ કરવા માગતા હોય તો આ અહેવાલની સમીક્ષા કરવી એ સારો વિચાર રહેશે. આ અહેવાલના આધારે DHS તમને કોઈપણ સવાલ પૂછે તો તેનો જવાબ તૈયાર રાખવો જોઈએ.

ફોજદારી કેસમાં તમારા વતી ઉપસ્થિત રહેલા વકીલને ફોન કરીને કે પછી લેખિત વિનંતી કરીને તમે આ અહેવાલની નકલ મેળવી શકો છો. તમને વકીલ વિષે વિગતો યાદ ન હોય તો તમે DHS અધિકારીને તમારી ફાઈલમાંથી શોધવા જણાવી શકો છો. ફોજદારી અદાલતનો કાગળ તમને વકીલનું નામ જણાવશે. એ વકીલ સરકારે ફાળવેલા હોય (તમે ફી ચૂકવી ન હોય તેવા કોઇ) તો તમે તમારા દેશ અથવા જ્યાં કેસ ચાલ્યો હોય તે શહેરમાં પબ્લિક ડિફેન્ડરની કચેરીને ફોન કરીને કે લખીને વિગતો મેળવી શકો છો.

### DHSની ફાઈલ

તમારી ઈમિગ્રેશન ફાઈલમાં શું છે તેની નકલ **"Freedom of Information /Privacy Act Request (Form G-639)"** ભરીને મેળવી શકો છો. આ માટે તમારે ફોર્મ જી-639 ભરવાનું રહે છે, જે તમારે DHS અધિકારી પાસેથી મેળવવાનું રહે છે. તમને અટકાયતમાં રખાયા હોય તો ફોર્મ પર સરનામાંની જગ્યાએ તમારા અટકાયતી કેન્દ્રનું સરનામું લખવું. કોઈ સવાલ તમને લાગુ પડતો ન હોય તો ત્યાં એન.એ. એટલે કે નોટ એપ્લિકેબલ લખવું. તમારે આ ફોર્મમાં ઘણી જગ્યાએ હસ્તાક્ષર કરવાના હોય છે. સૌથી પહેલા તો પ્રશ્ન ક્રમાંક-2માં અરજદારના હસ્તાક્ષર એમ લખેલું હોય છે ત્યાં, ત્યારબાદ ક્રમાંક-7માં રેકર્ડના વિષયના હસ્તાક્ષર એમ લખેલું હોય છે ત્યાં, અને છેલ્લે ક્રમાંક-8માં "અમેરિકાની અંદર કાર્યવાહી કરાઈ હોય તો..." એમ લખેલું હોય ત્યાં હસ્તાક્ષર કરવાના રહે છે. આ હસ્તાક્ષર કરીને તમે નકલની પડતર ચૂકવવા સંમત થાવ છો પરંતુ મોટાભાગના કેસમાં તેનો કોઈ ખર્ચ વસૂલાતો નથી.

તમે આ ફોર્મ ભરો ત્યારબાદ તેની અસલ ટપાલ દ્વારા DHSને મોકલી આપવાની રહે છે અને તેના પરબિડિયા પર "FOIA Request" લખવાનું રહે છે. આ કાગળોને લગતી કાર્યવાહી હાથ ધરનારી વ્યક્તિ તમે તમારા અન્ય કાગળો રવાના કર્યા હોય તેના કરતા અલગ સરનામે પણ હોઈ શકે છે માટે "FOIA અધિકારી"ના સરનામાની વિગતો તમે જ્યાં છો તે માટેના DHS જિલ્લા અધિકારીને પૂછીને તેમની પાસેથી મેળવો. એક નકલ તમારા માટે સાચવી રાખો. **આ ફોર્મની નકલ અદાલતને મોકલશો નહીં.**

તમારી અરજીનો જવાબ આવતા સમય લાગી શકે અને તે પહેલાં જ તમારી સુનાવણી હાથ ધરાઈ શકે છે. પરંતુ તેનાથી ફોર્મ ફાઈલ કરવામાં કોઈ તકલીફ નહીં પડે અને તેનાથી તમને એ જાણવા મળી શકે છે કે અદાલતમાં DHS તમારી વિરૂદ્ધ શું પૂરવાર કરવા માગે છે અને આખરે તમને મદદ મળશે. તમારી ફાઈલ જોવાથી તમને તમારા ફોજદારી અને ઈમિગ્રેશન ભૂતકાળ વિષે અદાલતમાં ચર્ચાની તૈયારી કરવાની તક સાંપડી શકે છે અથવા DHS એટર્ની ન્યાયાધીશને વિચારણા માટે રજૂ કરવાના હોય તેવા અમુક કાગળો સામે વાંધો ઉઠાવવાની પણ તક પૂરી પાડી શકે છે.

**એફબીઆઈ રેકર્ડ**

તમને ફોજદારી ગુનામાં દોષી ઠેરવાયા હોય તો DHS પાસે તમારી ફાઈલમાંનો એક દસ્તાવેજ હોઈ શકે છે જેને "રેપ શીટ" કહેવામાં આવે છે અને આ કાગળ એફબીઆઈ પાસેથી મેળવેલો હોઈ શકે છે, જે તમારા ગુનાહિત ભૂતકાળની યાદી રાખતી હોય છે જેમાં તમને દોષી ઠેરવાયા ન હોય તો પણ તમારી ધરપકડની વિગતોનો સમાવેશ હોઈ શકે છે. તમે તમારી DHS ફાઈલની નકલ મેળવવા કરતા પણ વધુ ઝડપે આ કાગળ મેળવી શકો છો. 1. સંપૂર્ણ વિગતો ધરાવતું ફિંગરપ્રિન્ટ કાર્ડ મોકલો (ફોર્મ એફડી0258) મોકલો, 2. એફબીઆઈના ચૂકવવાપાત્ર 18 ડોલરના મૂલ્યનો મનીઓર્ડર બનાવીને મોકલો 3. તમારી રેપ શીટની માગણી કરતો પત્ર મોકલો. તમારે આ પત્ર પર હસ્તાક્ષર કરીને એ સરનામું દર્શાવવાનું હોય છે જ્યાં રેપ શીટને ટપાલથી મેળવી શકાય. તમને કઈ તારીખ સુધીમાં આ રેકર્ડની જરૂર છે તેનો પણ ઉલ્લેખ કરવો જોઈએ કારણ કે આ કાર્યવાહીમાં આઠ સપ્તાહ લાગી શકે છે. પત્ર અહીં મોકલી આપોઃ

ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટીગશન - સીજેઆઈએસ ડિવિઝન

1000 કસ્ટર હેલો રોડ

ક્લાર્ક્સબર્ગ, વેસ્ટ વર્જિનિયા 26306

**અદાલત કે DHSને નકલ મોકલશો નહીં.**

**મારી અંગત સુનાવણી દરમિયાન શું થશે?**

તમારી અંતિમ સુનાવણી વખતે તમારે તમારી આખી વાત કહેવાની હોય છે અને ન્યાયાધીશે તમારા કેસનો ફેંસલો કરવાનો હોય છે. આ સુનાવણી દરમિયાન ઈમિગ્રેશન ન્યાયાધીશ, એક દુભાષિયા (તમારૂં અંગ્રેજી પાક્કું ન હોય તો), DHSનું પ્રતિનિધિત્વ કરનારા વકીલ (જેમને ટ્રાયલ એટર્ની તરીકે ઓળખવામાં આવે છે) અને તમે ત્યાં તમામ હાજર હોઈ રહેશો. તમારા કોઈ સાક્ષી હોય તો તેમણે પણ ત્યાં હાજર રહેવાનું હોય છે. DHS પણ તમારી વિરૂદ્ધ સાક્ષી રજૂ કરી શકે છે, પરંતુ તેવું લગભગ ક્યારેય બનતું નથી.

તમને કોઈ ફોજદારી ગુનામાં દોષી ઠેરવાયા હોય જેના કારણે તમે આશ્રય સ્થાન અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે લાયક ઠરતા અટકી શકો છો, તો ન્યાયાધીશ માત્ર એ નક્કી કરવા વિશેષ સુનાવણી હાથ ધરી શકે છે કે શું તમારો ગુનો તમને આશ્રય સ્થાન અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અટકાવી શકે છે કે કેમ. તે સુનાવણીમાં તમે સફળ નિવડો તો તમારી આશ્રય સ્થાનની અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની સુનાવણી હાથ ધરાઈ શકે છે.

આશ્રય સ્થાન/ અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવાની સુનાવણીના અંતે ન્યાયાધીશ સામાન્યતઃ એ નક્કી કરતા હોય છે કે શું તમને આશ્રય સ્થાન/ અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેઈ શકાય કે નહીં. ક્યારેક કોઈ ન્યાયાધીશ પોતાનો ફેંસલો નક્કી કરવા કે પછી લખવામાં થોડોક સમય લઈ શકે છે અને તમારે થોડીક વધુ રાહ જોવી પડે છે.

**સુનાવણી દરમિયાન ન્યાયાધીશ શું કરશે?**

ન્યાયાધીશ એ નક્કી કરશે કે શું તમે આશ્રય સ્થાન અને/અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા અથવા CAT હેઠળ અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે લાયક ઠરો છો કે કેમ. તમે આશ્રય સ્થાન માટે અરજી કરી હોય તો તમે તે માટે લાયક છો કે કેમ. તે તમને ફોર્મ, તમારા ઘોષણાપત્ર તથા તમે રજૂ કરેલા અન્ય દસ્તાવેજો આધારિત સવાલ કરીને એ સમજવાનો પ્રયાસ કરી શકે છે કે શા માટે તમે તમારો દેશ છોડ્યો અને તમે સાચું કહો છો કે કેમ તે નક્કી કરશે.

### DHS માટેના વકીલ (ટ્રાયલ એટર્ની) શું કરશે?

ટ્રાયલ એટર્ની પણ તમને સવાલ કરી શકે છે. તે ન્યાયાધીશ સમક્ષ એવું દર્શાવવા પ્રયાસ કરી શકે છે કે તમે આશ્રય સ્થાન અથવા અથવા કાઢી મૂકવાનો નિર્ણય પાછો લેવા માટે લાયક નથી ઠરતા અથવા તમે આશ્રય સ્થાન માટે અરજી કરી હોય તો ટ્રાયલ એટર્ની એવું દર્શાવવાનો પણ પ્રયાસ કરી શકે છે કે તમે તે માટે લાયક નથી. તેઓ તમારી જુબાનીને હાનિ પહોંચે તે માટે તમને મૂંઝવી નાંખનારા સવાલો પૂછી શકે છે. ટ્રાયલ એટર્ની કદાચ એવું બતાવવા કોશિશ કરી શકે કે, તમારા જવાબો તમે અરજીપત્રકમાં લખ્યા કરતા અલગ પડે છે અથવા એવું દેખાડવા કે તમે યુનાઈટેડ સ્ટેટ્સ કમ કરવા આવ્યા અથવા લશ્કરી સેવાઓ અવગણવા અથવા કોઈ બીજા કારણે અને નહીં કે તમે યાતનાથી ડરો છો. તમારી સુનવણી દરમ્યાન જો તમે માહિતી આપો છો કે જે તમે અરજીપત્રક દાખલ કરતી વખતે સમાવિષ્ટ નથી કરી, તો તે શા માટે અરજીપત્રકમાં નથી તે સમજાવવા તૈયાર રહો કારણ કે ટ્રાયલ એટર્ની કદાચ તે વિશે પૂછી શકે.

### દુભાષિયો શું કરશે?

દુભાષિયો ન્યાયાધીશ અને ટ્રાયલ એટર્ની દ્વારા પુછાયેલા પ્રશ્નોનું ભાષાંતર કરશે અને તમારા જવાબોને અંગ્રેજીમાં ભાષાંતરિત કરશે. દુભાષિયાનું કામ તમને પુછાયેલા દરેક પ્રશ્નનું અને તમે કહેલા દરેક શબ્દનું ભાષાંતર કરવાનું છે. જો તમને દુભાષિયાને સમજવામાં મુશ્કેલી પડે અથવા તમને લાગે કે દુભાષિયો ખરી રીતે તમે કહેલું ભાષાંતર કરતો નથી તો, નોંધણી થયેલ ન્યાયાધીશના ધ્યાન પર આ વાત લાવો.

### જો સાક્ષીઓ હોય તો, તેઓ શું કરશે?

સાક્ષીઓ ન્યાયાધીશ, ટ્રાયલ એટર્ની અથવા તમે પૂછેલા પ્રશ્નોના જવાબ આપશે. જો વ્યક્તિ તમારા માટે જુબાની આપતો હોય તો તમે પહેલા હશો કે જે તેને અથવા તેણીને પ્રશ્ન પૂછશે. તમે તમારા પ્રશ્નો પુરા કરી લો ત્યાર પછી ટ્રાયલ એટર્ની અને ન્યાયાધીશ પ્રશ્નો પૂછશે. એ તેઓએ તમને પૂછેલા પ્રશ્નો પૂછ્યા તેના જેવા જ હશે. જો DHS પાસે તમારા વિરુધ્ધ કોઈ સાક્ષી હશે તો, તેઓને પ્રશ્નો પૂછવાની તમને પણ તક મળશે.

### મારે શું કરવું જોઈએ?

સુનવણીની શરૂઆતમાં એ ખાતરી કરી લો કે, ન્યાયાધીશ પાસે તમે તેને અથવા તેણીને બતાવવા માગતા દરેક દસ્તાવેજની એક નકલ હોય. જો તમને તમારા અરજીપત્રક દાખલ કાર્ય બાદમાં કોઈ નવો પત્ર, લેખ અથવા બીજો દસ્તાવેજ મળ્યો હોય તો, સુનવણીની શરૂઆતમાં તે ટ્રાયલ એટર્નીને એક નકલ સાથે, ન્યાયાધીશને આપો. **તમારા માટે પણ એક નકલ રાખવાનું હમેશા યાદ રાખો.**

તમે ન્યાયાધીશ અને ટ્રાયલ એટર્ની દ્વારા પુછાયેલા પ્રશ્નોના જવાબ આપશો. તમારે સ્પષ્ટ રીતે બોલવું જોઈએ કે જેથી દુભાષિયો તમે કહેલ દરેક શબ્દ સાંભળી શકે. દુભાષિયાને તમારો જવાબ આગળ વધારતા પહેલા એક અથવા બે વાક્યોનું ભાષાંતર કરવા પુરતો સમય આપો અથવા ન્યાયાધીશ તેને અથવા તેણીને કહેવા માંગતા હો એ વાતનો આંશિક ભાગ જ સાંભળશે. વધારામાં, તમારે બોલતી વખતે સીધું જ ન્યાયાધીશ સામે જોવું જોઈએ નહીં કે, જમીન તરફ અથવા ફક્ત દુભાષિયા તરફ. નહીતર ન્યાયાધીશ વિચારશે કે તમે ખોટું બોલી રહ્યા છો અથવા તમે શું બોલો છો તેની તમને ખાતરી નથી.

જયારે તમે જવાબ આપો ત્યારે તમે ન્યાયાધીશને તમે જમા કરેલ પત્રો અથવા બીજા દસ્તાવેજોમાં રહેલ હકીકતો તરફ ધ્યાન દોરવા કહી શોકો છો. આ રીતે તમે ખાતરી કરી શકો છો કે ન્યાયાધીશ તેમના તરફ ધ્યાન આપી રહ્યા છે. જો તમારી પાસે સાક્ષી હોય તો, તમે તેને અથવા તેણીને પ્રશ્નો પુછશો. તમારે તેને અથવા તેણીને તેનું નામ, સરનામું, વ્યવસાય અને તે અથવા તેણી તમને કઈ રીતે ઓળખે છે તે પૂછવું જોઈએ. જો વ્યક્તિને તમને તમારો દેશ છોડાવવા બનેલી ઘટનાઓનું અંગત જ્ઞાન હોય તો, તમારે ખાસ કરીને પેલી ઘટનાઓ વિશે પ્રશ્નો પૂછવા જોઈએ. "કોણ"? "ક્યારે"? "ક્યાં"? "શા માટે"? અને "ત્યાર બાદ શું થયું"? જેવા ખુલ્લા પ્રશ્નો પૂછો કે જેથી વાત તમારા શબ્દોને બદલે વ્યક્તિના પોતાના શબ્દોમાં

બહાર આવે. “શું તે સાચું છે કે ગોરીલ્લાઓ આપણા ગામમાં ત્રણ વખત આવ્યા”? અથવા “હું ખતરનાક વ્યક્તિ નથી, ખરું ને”? આવા પ્રશ્નો પૂછવા પ્રયત્ન ના કરો.

## મારી સુનવણીની તૈયારી કઈ રીતે કરું?

તમારી સુનવણી માટે તૈયાર થવા માટે,

1. જો શક્ય હોય તો, તમને મદદરૂપ થઈ શકે તેવા વિનંતી લેખો, માનવ અધિકાર અહેવાલો અને બીજા દસ્તાવેજો દ્વારા ન્યાયાધીશને બતાવો કે, તમારી પર યાતના થઈ છે અથવા જો તમે તમારા દેશ પરત થશો તો તમારી પર યાતના થશે.
2. તમારું સોગંદનામુ, તમારી અરજી અથવા તમે કોર્ટમાં રજુ કરેલા કઈ પણની સમીક્ષા કરો. આવું, હકીકતો, તારીખો અને બીજી વિસ્તૃત માહિતી બાબતે ખાતરી કરવા ઘણીવાર વખત કરો.
3. તમારા સોગંદનામાની સૌથી મહત્વની ઘટનાઓ, ખાસ કરીને ભૂતકાળના નુકસાન અથવા ધમકીઓની એક સુચી બનાવો. ન્યાયાધીશ અથવા ટ્રાયલ એટર્ની સુનવણી દરમ્યાન તમને આ વિશે પૂછી શકે છે. આ ઘટનાઓ વિશે મોટેથી બોલવાનો મહાવરો કરો. જો તમારે તમને મદદ કરી શકે તેવો કોઈ મિત્ર હોય તો, તેને અથવા તેણીને દસ્તાવેજો વાંચવા અને જાણે તમે સુનાવણીમાં હો તેમ તમને પ્રશ્નો પૂછવા કહો. જો સુનવણી દરમ્યાન ન્યાયાધીશ અને ટ્રાયલ એટર્ની તમને આ ઘટનાઓ વિશે નથી પૂછતા તો, તમે તમારી જાતે જ સમજાવવા તૈયાર રહો.
4. જો તમારી પાસે સાક્ષીઓ હોય તો, તમે તેમને કોર્ટમાં પૂછવાના પ્રશ્નો લખી લો. આ પ્રશ્નો અને તેના જવાબો સાથે મળીને જોઈ લો.

જો તમને ફોજદારી સમસ્યાઓ પણ છે,

તમારી તરફેણના આધારપત્રો અને બીજા દસ્તાવેજો (તમારો પ્રિસેન્ટન્સ અહેવાલ સહીત, જો ઉપયોગી હોય તો) અને તમારી ફોજદારી સમસ્યાઓ વિશે બોલવાની તૈયારી કરો.

## ન્યાયાધીશ મારા દાવાનો ચુકાદો આપે ત્યારે શું થાય છે?

તમને અને DHS બંનેને ઈમિગ્રેશન અપીલ બોર્ડ (અથવા BIA) તરીકે ઓળખાતી ઉચ્ચ અદાલતમાં નિર્ણયની દાદ માગી મુકદમો લડતા રહેવાનો અધિકાર છે. આ અદાલત વર્જીનિયામાં ન્યાયાધીશોનું એક મંડળ છે કે જે, મુકદમામાં દાખલ કરાયેલ બધા કાગળો અને કોર્ટમાં કહેવાયેલ દરેક વાત તપાસે છે અને નક્કી કરે છે કે ન્યાયાધીશ સાચા હતા કે નહીં. જ્યાં સુધી ન્યાયાધીશે કાયદા બાબત અથવા તમારા દાવાની હકીકતો બાબત કોઈ ભૂલ ના કરી હોય, બોર્ડ નિર્ણય બદલશે નહીં. જેવો ન્યાયાધીશ નિર્ણય આપે છે (જ્યાં સુધી તમે પછીથી લેખિત નથી મેળવતા), તે અથવા તેણી તમને અને ટ્રાયલ એટર્ની બંનેને તમે “અનામત દાદ” રાખવા માંગો છો કે નહીં તે એટલે કે તમે દાદ માગવાનો અધિકાર મેળવવા માંગો છો કે નહીં તે પૂછશે. તમે “દાદ જતી” પણ કરી શકો છો જેનો મતલબ છે કે તમે દાદ માગવાનો અધિકાર છોડો છો. જો બંને બાજુઓ “દાદ જતી” કરે તો તે કેસનો અંત છે. જો તમે “દાદ જતી” કરો છો તો તમે પછીથી તમારો નિર્ણય બદલી ન્યાયાધીશના નિર્ણયને પડકારી નહીં શકો. જો ન્યાયાધીશ તમારો દાવો નકારે છે તો, તમને તમે દાદ મેળવવા માંગો છો કે નહીં તે ખાતરી ના હોય તો પણ, તમારે કેસ દરમ્યાન દાદ અનામત રાખી દેવી જોઈએ. જો કોઈ “અનામત દાદ” રાખે છે તો, તે અથવા તેણીની પાસે વર્જીનિયામાં બોર્ડને “દાદની નોટીસ” તરીકે ઓળખાતો કાગળ દાખલ કરવા માટે 30 દિવસ છે. જો DHS દાદ માગે છે તો, તેણે તમને આની નોટીસની એક નકલ મોકલવી પડે છે અને જો તમે દાદ માંગો છો, તમારે DHSને એક નકલ મોકલવી પડે છે. જો બંને માંથી કોઈ પણ પક્ષ 30 દિવસ પછી દાદની નોટીસ દાખલ કરતો નથી તો, ઈમિગ્રેશન ન્યાયાધીશનો ચુકાદો આખરી બને છે. દાદની નોટીસ ઈમિગ્રેશન અપીલ બોર્ડને ન્યાયાધીશના ચુકાદાના 30 દિવસની અંદર મળવી જ જોઈએ.

### જો DHS મારા કેસની દાદ માગે તો શું?

ટ્રાયલ એટર્ની કહી શકે કે તે અથવા તેણી "અનામત દાદ" રાખવા ઈચ્છે છે, પણ તેનો મતલબ એવો નથી કે DHS ખરેખર દાદ માગશે. તમે ન્યાયાધીશના નિર્ણયના 30 દિવસ સુધી ચોક્કસ રીતે જાણી ના શકો, અને જો DHS એ દાદ માટેની નોટીસ દાખલ ના કરી હોય, તો પછી તે દાદ માગી શકશે નહીં (જો તે દાખલ કરે તો, તમને જાણ થશે કારણ કે તમને એક નકલ પણ મળશે)

જો DHS દાદ માટેની નોટીસ દાખલ કરે અને અરજી પત્ર પર કહે છે કે તે વકીલની નોંધ અથવા લેખિત નિવેદન પછીથી આપશે, તો ઈમીગ્રેશન અપીલ બોર્ડ તમને તથા DHSને તેણે તેની વકીલની નોંધ અથવા નિવેદન ક્યારે દાખલ કરવા અને તમારે બોર્ડને DHSની દલીલ પર કોઈ પ્રતિક્રિયા લખવા ઈચ્છો તો તેનો મેલ ક્યારે કરવો જોઈએ તેનો કાગળ મોકલશે.

**☞ તદુપરાંત, જો તમે સફળ થાઓ અને DHS તેનો દાદ માગવાનો હક અનામત રાખે છે, તો ન્યાયાધીશ અથવા DHSને તમને તમારા પોતાના જામીનખત પર મુક્ત કરાયાનો આદેશ આપવા જણાવો. (બોન્ડની ચુકવણી કર્યા વિના)!**

પુસ્તિકાની શરૂઆતમાં વર્ણવ્યા મુજબ, કેટલાક લોકો ન્યાયાધીશને તેમની મુક્તિ માટે કહેવા લાયકાત ધરાવે છે, પણ કેટલાક લોકો ધરાવતા નથી અને તેમને પોતાની મુક્તિ માટે DHSને જ પૂછવું પડે છે. બીજી પુસ્તિકાઓ આને વિસ્તારપૂર્વક સમજાવે છે. જો તમે ન્યાયાધીશને કરાર કરવા બાબતે પૂછવા માટે લાયક ઠરો, અને તમે તમારા મુકદ્દમામાં સફળ થાઓ, તો ન્યાયાધીશને તમને તરત જ ત્યાં અને ત્યારે જ મુક્ત કરવા જણાઓ! જો તમને તક મળતી નથી, તો ન્યાયાધીશને કાગળ લખી કરાર સુનવણી કરવા પૂછો (તમે એક પહેલા કરી હોવા છતાં)

### જો હું હારી જાવ, હું કેવી રીતે દાવો કરું?

જો તમે હારી જાવ અને "અનામત દાદ" મેળવો, તો ઈમીગ્રેશન અપીલ બોર્ડને તમારા કાગળો 30 માં દિવસ પહેલા મળવા જ જોઈએ અથવા ત્યાં રહેલા ન્યાયાધીશો તેમને વાંચશે નહીં, અને તમે તમારો દાવો કરવાનો અધિકાર ગુમાવશો. ન્યાયાધીશના નિર્ણય સામે દાદ મેળવવા માટે તમારે ભરવા પડતા અરજીપત્રો:

1. એક સફેદ "દાદ માટેની નોટીસ" અરજીપત્ર (EOIR-26), અને
2. એક કથ્થાઈ "ફી મુલતવી રાખવા વિનંતી દાવો" અરજીપત્ર (EOIR-26A) (સિવાય કે જો તમે $110 ફી ચૂકવી શકો, તે કિસ્સામાં "દાદ માટેની નોટીસ" પરની સૂચનાઓનો અમલ કરો અને ફી ચૂકવી દો)

અરજીપત્રમાં સમજાવ્યું છે કે તે કેમ ભરવું અને તેને ક્યાં મોકલવું.

જો 30 દિવસ બાદ દાદના કાગળો વર્જીનિયામાં નથી મેળવી શકતા, તો તમને દાવો કરવા દેવામાં આવશે નહીં અને ન્યાયાધીશનો નિર્ણય આખરી ગણાશે. આ કારણે, અમે કાગળને શક્ય તેટલા વહેલા અને તેણે એક્ષ્પ્રેસ મેલ અથવા "અધીકૃત મેલ" દ્વારા (પહોંચની ખાતરી સાથે) મોકલવાની ભલામણ કરીએ છીએ.

જો બોર્ડને તમારા અરજીપત્રકો મળ્યાં હશે, તો તે DHSને પણ થોડાં કાગળો દાખલ કરવાની એક તક આપશે. DHS તમને જે કંઈ પણ કાગળો દાખલ કરશે તેની એક નકલ આપશે.

જો દાદ મેળવવાની પ્રક્રિયા દરમ્યાન તમારી અટકાયત થયેલ છે, તો સામાન્ય રીતે બોર્ડને તમારા દાવાના નિર્ણય પર પહોંચતા ચાર થી છ મહિનાઓ લાગે છે. જો તમે દાદ મેળવવાની પ્રક્રિયા દરમ્યાન હવાલાતની બહાર હો, તો વધારે લાંબો સમય લાગે છે. કોઈ ચોક્કસ સમય મર્યાદા નથી અને

દાવો કેટલો લાંબો સમય લેશે તે નક્કી કરવું અશક્ય છે.

**ઈમીગ્રેશન અપીલ બોર્ડ મારી વિરુદ્ધ નિર્ણય લે છે તો શું?**

તમે બોર્ડના નિર્ણય સામે ફેડરલ કોર્ટમાં દાદ મેળવી શકો છો, પણ ફેડરલ કોર્ટ અમુક ચોક્કસ પ્રકારના વાદ વિવાદની સમીક્ષા જ કરી શકે છે. ઉપરાંત, જો તમે ફેડરલ કોર્ટ તરફથી તમારા નિરાકરણ આદેશ માટે "સ્ટે" તરીકે ઓળખાતો ખાસ આદેશ ન મેળવો, તો DHS તમને, જયારે ફેડરલ કોર્ટ તમારો દાવો ધ્યાન પર લેતી હોય ત્યારે, દેશ નિકાલ કરી શકે છે! આ ખુબ ઝડપથી બની શકે છે, તેથી જો તમારો દાવો બોર્ડ સમક્ષ રજુ થયેલ હોય, તો ત્યારે તમારે બોર્ડ નિર્ણય લે તે પહેલા વકીલની મદદ લેવા માટે પ્રયત્ન કરવો જોઈએ કે જેથી જો બોર્ડ દાવો ખારીજ કરે તો તરત જ ફેડરલ કોર્ટમાં નિકાલના આદેશ સામે સ્ટે મેળવવા અરજી દાખલ કરી શકાય. ફેડરલ કોર્ટમાં દાવો દાખલ કરવો ખુબ અટપટું છે, તેથી આ પુસ્તિકા તે કેમ કરવું તે સમજાવતી નથી.

**મારી સુનવણી પહેલા જ હું અટકાયતમાંથી બહાર આવી જાઉં તો શું થાય છે?**

જો તમને દાવો પુરો થતા પહેલા તમને અટકાયત કેન્દ્ર છોડવા દેવામાં આવે, તમારો દાવો ચાલુ રહે છે. તમારે પત્રક EOIR 33/IC ની મદદથી ઈમિગ્રેશન કોર્ટને કોઈ પણ બદલાવના પાંચ દિવસની અંદર તમારા નવા સરનામાંની જાણ કરવી જ પડશે. કોર્ટ તમને તમારી હવે પછીની સુનવણીની તારીખ, સમય અને સ્થળ વિશે એક પત્ર દ્વારા જણાવશે.

આ કારણે, તમે કાયદાકીય મદદ બને તેટલી જલ્દી મેળવવાનો પ્રયત્ન કરો તે અત્યંત મહત્વનું છે. મોડું ના કરો.

**☞ જયારે તમે અટકાયત કેન્દ્ર છોડો, તમારા કેસ માટે કાયદાકીય મદદની તપાસ કરો!**

જો તમે તમારો કેસ હાલ જ્યાં છે ત્યાં જવા ના ઈચ્છો તો, તે ખુબ જરૂરી છે કે તમે અને તમારો વકીલ કોર્ટને તમારો કેસ બીજી કોર્ટમાં બદલી આપવા જણાવો. તમે આ "સ્થળ બદલીની ગતિવિધિ" તરીકે ઓળખાતું એક અરજીપત્રક, કે જેના પર તમે અટકાયત કેન્દ્ર બહાર આવ્યા બાદ ક્યાં રહેવા વિચારો છો તે સરનામું લખ્યું હોય, તે ભરીને કરી શકો છો. (તે કોઈ ગલીનું સરનામું હોવું જોઈએ નહીં કે પોસ્ટબોક્સનું!). આ પુસ્તિકાની પાછળ તમે ઉપયોગ શકો તે માટે એક અરજીપત્રક છે પણ કેટલીક કોર્ટો તમે બીજું અરજીપત્રક વાપરો તેવું ઈચ્છશે, તેથી શોધો. કેટલાક અટકાયત કેન્દ્રોમાં, એક DHS અધિકારી તમને અરજીપત્રક આપશે અને તમે તે પૂર્ણ કરી લીધા બાદ તે કોર્ટને આપશે. તમારા અટકાયત કેન્દ્રમાં કઈ રીતે કામ ચાલે છે તે શોધી કાઢો અને ખરાઈ કરો કે તમે કોર્ટ સાથે યોગ્ય અરજીપત્રક દાખલ કરો છો (DHS એટર્નીને એક નકલ સાથે). જયારે આ કાગળ મેળવે છે, તે તમારી ફાઈલ તમે લખેલા સરનામાંથી સૌથી નજીક પડતી ઈમિગ્રેશન કોર્ટને મોકલે છે. તે કોર્ટ પછી તમને તમારે પછીની સુનવણી માટે ક્યાં અને ક્યારે જવું તે પત્ર દ્વારા જણાવે છે. આ પત્ર મેળવ્યા બાદ, તમારે હવે પછી વસ્તુઓ નવી કોર્ટ અને તમારા નવા સ્થળની DHS પર જ મોકલવાની રહેશે.

**☞ તમે અટકાયત કેન્દ્ર છોડો ત્યારે જો તમે હાલ જ્યાં છો ત્યાં કોર્ટની આગળની સુનવણી ના ઈચ્છતા હો તો એક "સ્થળ બદલીની ગતિવિધિ" દાખલ કરો!**

કેટલીક કોર્ટો તમે શા માટે કોર્ટનું સ્થળ બદલવા માંગો છો તેની પૂર્ણ સમજુતી માગે છે. તમારી કરાર સુનવણી સમયે, તમને આ કરવાની જરૂર જણાય તો ન્યાયાધીશને પૂછો.

**યાદ રાખો, જો તમે સુનવણી ચુકી જાઓ છો, તો ન્યાયાધીશ તમને આશ્રય સ્થાન માટેની અરજી અથવા કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનો આદેશ મેળવવાની તક આપ્યા વિના દેશનિકાલ આપી શકે છે!**

**જો હું સ્થાનાંતર કરું તો મારે શું કરવું?**

**જેટલો વખત તમે સ્થાન બદલો, ઈમિગ્રેશન કોર્ટ અને DHS બંનેને જાણ કરવી તે <u>તમારી</u> જવાબદારી છે!** તમારે ઈમિગ્રેશન કોર્ટને બદલીના પાંચ દિવસની અંદર અને DHSને બદલીના દસ દિવસની અંદર જણાવવું જ પડે છે. આ કરવા માટે ખાસ અરજીપત્રકો છે અને તે તમે ઈમિગ્રેશન કોર્ટ (EOIR Form 33/IC) અને એક અલગ પત્રક DHS (Form AR-11) થી મેળવી શકો છો (અધિકારી તમે જયારે છોડી જાઓ ત્યારે અરજીપત્રકો આપશે). ઈમિગ્રેશન કોર્ટ અને DHSને તમારું નવું સરનામું જણાવવાથી તમારી સુનાવણી ક્યાં થશે તે સ્થળ બદલાશે નહીં. તેના બદલે, સરનામું બદલવાના ખાસ અરજીપત્રકોનો ઉપયોગ કરવાના કારણે ઈમિગ્રેશન કોર્ટ અને DHSને તમને તમારા દાવાના કાગળો ક્યાં મોકલવા તે જાણવા દો.

જ્યારે ઈમિગ્રેશન કોર્ટ અને DHS તમને કાગળો મોકલે છે, તેઓ તમે આપેલા સરનામાં પર મોકલશે. જો ઈમિગ્રેશન કોર્ટ પાસે તમારું જુનું સરનામું જ હશે તો, તે તમારી પછીની સુનવણી ક્યારે છે તેની જાણ જુના સરનામે જ કરશે, અને જો તમે તે તારીખે કોર્ટમાં હાજર નહીં રહો, તો તમને કાઢી મુકવાનો આદેશ અપાશે. આનો અર્થ છે કે બીજી વખત DHS તમારી ધરપકડ કરશે અને સુનવણી વિના જ તમને તમારા દેશ પરત મોકલી દેવાશે.

**જો તમે સ્થાનાંતર કરો છો તો તમારે અરજીપત્રક EOIR 33/IC ની મદદથી ઈમિગ્રેશન કોર્ટને પાંચ દિવસની અંદર તમારા નવા સરનામાંની જાણ કરવી જ પડશે! તથા DHSને પણ અરજીપત્રક AR-11 વાપરી તમારા સ્થાનાંતરના 10 દિવસની અંદર તમારા નવા સરનામાંની જાણ કરવી પડશે!**

**એ યાદ રાખવું અગત્યનું છે કે ઈમિગ્રેશન કોર્ટ અને DHS બે અલગ વસ્તુઓ છે અને એ કે જરૂરી અરજીપત્રકો પણ અલગ છે.** જો તમે DHSને તમારા નવા સરનામાંની જાણ કરો પણ ઈમિગ્રેશન કોર્ટને સાચું અરજીપત્રક (એક ભૂરું EOIR 33/IC, "સરનામું બદલી" અરજીપત્રક) ના મોકલો, ઈમિગ્રેશન કોર્ટ તમારા જુના સરનામાં પર કાગળો મોકલે રાખશે અને તમે તમારી કોર્ટની તારીખ ચુકી જશો. જો આવું થાય છે તો, તમે ન્યાયાધીશને મળ્યાં વિના જ કાઢી મુકવાનો આદેશ મેળવશો. જો તમારો દાવો ઈમીગ્રેશન અપીલ બોર્ડમાં સુનવણી પર હોય તો પણ આ તેટલું જ સાચું છે. જો તમે સ્થાનાંતર કરો છો તો તમારે અરજીપત્રક EOIR 33/BIA ની મદદથી ઈમિગ્રેશન અપીલ બોર્ડને પણ પાંચ દિવસની અંદર જ તમારા નવા સરનામાંની જાણ કરવી પડશે!

**શું મને કામનો પરવાનો મળી શકે?**

જો તમે આશ્રય સ્થાન માટે અરજીપત્રક દાખલ કર્યું હોય અને/અથવા ઈમિગ્રેશન કોર્ટ તરફથી નિકાલ અટકાવાયેલો હોય તો, તમે કામનો પરવાનો મેળવી શકો છો પણ, આશ્રય સ્થાન માટે અરજીપત્રક દાખલ કાર્ય બાદ તમારે કામનો પરવાનો મેળવવા માટે 150 દિવસ રાહ જોવી જ પડશે. જો તમે 180 દિવસ પસાર થયા પહેલા કેસ હારી જાઓ છો તો, તમે ન્યાયાધીશના ચુકાદાની સામે દાદ મેળવી હોવા છતાં કામનો પરવાનો મેળવી શકશો નહીં. જો તમને આશ્રય સ્થાનની મંજૂરી મળે અથવા નિકાલની અટકાયતના 180 દિવસ પસાર થઇ જાય છે તો તમારા કેસની સફળતાની તરત પછી તમે કામના પરવાના માટે અરજી કરી શકો છો. જો તમારા કેસનો ચુકાદો નથી આવતો અને તમે આશ્રય સ્થાન માટેની અને નિકાલની અટકાયતની અરજી આપ્યાને 150 દિવસ થઇ જાય છે તો, તમે કામના પરવાના માટે અરજી કરી શકો છો પણ 180 દિવસ પસાર થયા વિના તમે તે મેળવી શકશો નહીં.

**રોજગારની મંજૂરી માટેની અરજી (અરજીપત્રક I-765)**

કામના પરવાના માટે અરજી કરવા માટે, તમારે "અરજીપત્રક I-765" ભરવું પડશે અને તમારા I-589 (આશ્રય સ્થાન અરજી –ફક્ત અરજીપત્રક અને

તમારું સોગંદનામુ) ની એક નકલ સાથે તમે ઈમિગ્રેશન કોર્ટમાં દાખલ કરેલ પુરાવો, સુચનાઓમાં આપેલાં યોગ્ય સરનામાં પર મેલ કરવું પડશે. ઈમિગ્રેશન કોર્ટ તમે દાખલ કરેલ આશ્રય સ્થાન અરજીના પહેલા પાને તમે દાખલ કર્યાની તારીખ સહીત સિક્કો મારશે, અને જો તમે સિક્કા વાળી નકલ મેળવો છો તો, તે સાબિત થશે કે તમે તે દાખલ કરી છે. જો તમને નથી મળી તો, તમારે ઈમિગ્રેશન કોર્ટ પાસેથી પહેલા પાનાની નકલ મેળવવી જોઈએ કે જેથી તમે તમારી અરજી સાથે તે મોકલી શકો. જો તમે તમારો કેસ જીતો છો તો, ન્યાયાધીશના આદેશની એક નકલ તમારા અરજીપત્રક I-765 સાથે જોડો. જો તમે તમારો આશ્રય સ્થાનનો દાવો જીતો છો તો તમારે ન્યાયાધીશની મૌખિક સલાહો અને શિર્ષક વ્યક્તિગત રાહત જાહેરાતોની અથવા ઈમિગ્રેશન કોર્ટ દ્વારા નિકાલ સામે રક્ષણના પોસ્ટ ઓર્ડર સૂચનાઓ સાથેની ઘોષિત DHS ટ્રાયલ એટર્નીની લેખિત સૂચનાઓ કે જે તમે મેળવો છો, તમારી સ્થિતિના પુરાવાઓ અને DHS તરફથી કામની મંજૂરીનું દસ્તાવેજીકરણ મેળવવા, યુ.એસ. નું નાગરિકત્વ અને ઈમિગ્રેશન સેવાઓ મેળવવા માટે અનુસરવી જોઈએ.નોંધઃ જો તમને કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનો છેલ્લો આદેશ મળેલો હોય, તો તમારે અરજીપત્રક I-765 ભરવાની સૂચનાઓ અનુસરવી જોઈએ.

કામના પરવાનાના અરજીપત્રક સાથેની બધી સૂચનાઓ વાંચો અને બધા પ્રશ્નના જવાબ આપો. સૂચનાઓ તમને એ પણ જણાવશે કે તમારે અરજી સાથે બીજું શું જોડવું પડશે.

**પ્રશ્ન #14** માટે, જો તમે ગેર કાયદે પ્રવેશ્યા હો, તો લખો "નિરીક્ષણ વિના પ્રવેશ."

**પ્રશ્ન #15** માટે, જો ન્યાયાધીશે તમારા કેસનો ચુકાદો નથી આપ્યો તો, લખો "આશ્રય સ્થાન /કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનો અનિર્ણિત" જો તમે આશ્રય સ્થાન જીતી ગયા તો, લખો "આશ્રિત." જો તમે કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનું અથવા યાતના સામે સભા બોલાવીને કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનો જીતી ગયા હો, તો લખો "કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનો સ્વીકૃત."

**પ્રશ્ન #16** માટે, જો ન્યાયાધીશે તમારા કેસનો ચુકાદો હજી સુધી નથી આપ્યો તો, અથવા તમે જીતી ગયા છો પણ DHSએ દાદ મેળવી હોય તો, "(c)(8)" લખો અને અરજી DHS સેવા કેન્દ્ર પર મેલ કરો (સૂચનાઓ જણાવશે કે ક્યાં મેલ કરવાનો છે). જો તમે આશ્રય સ્થાન જીતી ગયા છો અને DHS દાદ નથી મેળવતું તો, "(a)(5)" લખો અને ઈમિગ્રેશન ન્યાયાધીશની સૂચનાઓ અને અને શિર્ષક વ્યક્તિગત રાહત જાહેરાતોની અથવા ઈમિગ્રેશન કોર્ટ દ્વારા નિકાલ સામે રક્ષણના પોસ્ટ ઓર્ડર સૂચનાઓ સાથેની ઘોષિત DHS ટ્રાયલ એટર્નીની લેખિત સૂચનાઓ કે જે તમે મેળવો છો, તેને અનુસરો. એપ્રિલ1, 2005 થી લાગૂ, જો તમે કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવો (સામાન્ય અથવા યાતના સામે સભા બોલાવવી) જીતો છો અને DHS દાદ નથી મેળવતું તો "(a)(10)" લખો અને તમારે તમારું અરજીપત્રક I-765 શિકાગો લોકબોક્સ સુવિધામાં જ દાખલ કરવું પડશે. સીધું મેલનું સરનામું છે: યુ.એસ. નાગરિકત્વ અને ઈમિગ્રેશન સેવાઓ, પી.ઓ.બોક્સ 805887, શિકાગો, IL 60680-4120 અથવા નોન - યુ.એસ. ટપાલ સેવા કેરિયર (ખાનગી કુરિયર) યુ.એસ. નાગરિકત્વ અને ઈમિગ્રેશન સેવાઓ Attn: FBASI, 427 S. LaSalle –ત્રીજો માળ, શિકાગો IL 60605-1098. જો તમને યાતના સામે સભા બોલાવવી અંતર્ગત કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનો આદેશ મંજુર કરાય અને તમને DHS હવાલાતમાંથી મુક્ત કરવામાં આવે તો, "(c)(18)" લખો અને કામની મંજૂરી પુસ્તીકાની સૂચનાઓને અનુસરો.

**અરજીપત્રક I-765 ની એક નકલ બનાવો અને તમારી અંગત ફાઈલો માટે તેની સાથેનું બધું જ મોકલો અને જો તે તમે મેલ દ્વારા દાખલ કરો છો તો, તે અધીકૃત મેલ દ્વારા જ મોકલો.** પહેલી વખતે પરવાનાની કોઈ કિંમત નહીં થાય. એ એક વર્ષે પુરો થશે. તમે જયારે તેને રીન્યુ કરવો, તમારે ફી ચૂકવવી પડશે.

કામની મંજૂરી અપાશે કે નહીં તેણે લગતા નિર્ણયને આવતા 30 દિવસ લાગશે. જો તમને 30 દિવસમાં નિર્ણય નથી મળતો તો, તમારે સ્થાનિક DHS કચેરી જઈ અને હંગામી કામનો પરવાનો મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

**શું હું અટકાયતમાંથી બહાર આવ્યા બાદ યુનાયટેડ સ્ટેટ્સની બહાર મુસાફરી કરી શકું?**

**જો તમે તમારો દાવો પૂર્ણ થયા પહેલા દેશ છોડો તો, તમે તમારો દાવો આપોઆપ હારી જશો. જ્યાં સુધી તમારો છેલ્લો ચુકાદો તમે ના મેળવો ત્યાં સુધી તમારે જવું જોઈએ નહીં. ન્યાયાધીશ તમને આશ્રય સ્થાનની મંજૂરી આપે, કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવા અથવા કાઢી મુકવાનો નિર્ણય મુલતવી રાખે તેમ છતાં પણ જો DHS દાદ મેળવે, તો નિર્ણય આખરી નથી તેથી તમારે દેશ છોડવો જોઈએ નહીં.**

જો તમે આશ્રય સ્થાન જીતો છો અને નિર્ણય આખરી છે તો તમારે કાયમી રહેણાંક (તમારું "ગ્રીન કાર્ડ") માટે અરજી કરતા પહેલા, કાયમી રહેણાકની નોંધણીની અરજી કરવા માટે અથવા તમારી સ્થિતિની ગોઠવણ માટે અરજીપત્રક I-485 ભરીને એક વર્ષ માટે રાહ જોવી પડશે. તમે આ સમય દરમ્યાન જો DHSમાં અરજીપત્રક I-131 દાખલ કરીને પરવાનગી મેળવો છો, મુસાફરીના દસ્તાવેજની અરજી અથવા અગાઉથી પેરોલની વિનંતી દાખલ કરો તો મુસાફરી કરી શકો છો, પણ તમે જ્યાં સુધી કાયમી રહેણાંક ના મળે ત્યાં સુધી તમારા દેશ પરત ફરી શકતા નથી અથવા તમારું કાયદાકીય સ્થાન ગુમાવશો. જો તમને **કાઢી મુકવાનો નિર્ણય પાછો લેવાનો** અથવા **કાઢી મુકવાનો નિર્ણય** મુલતવી રાખવાનો આદેશ મળે તો તમારે યુનાઈટેડ સ્ટેટ્સની બહાર મુસાફરી કરતા પહેલા ઈમિગ્રેશન એટર્ની સાથે વાત કરવી જોઈએ.

### તમારો કેસ સારી રીતે તૈયાર કરો

ક્યારેક એક કેસ હરવા અને જીતવા વચ્ચેનો ફરક તમે કેટલો સમય અને શક્તિ તેને તૈયાર કરવામાં લગાવો છો તેટલો હોય છે. જો તમે આ પુસ્તિકાની સુચના અનુસરો છો તો, તમારે તમારો કેસ રજુ કરવા તૈયાર રહેવું જોઈએ અને તમને સફળ થવાની એક સારી તક મળશે. તમારા કેસ માટે શુભ કામના!

**© ફ્લોરેન્સ ઈમિગ્રન્ટ એન્ડ રેફ્યુજી રાઇટ્સ પ્રોજેક્ટ જુલાઈ 2002.** ફ્લોરેન્સ યોજના આ દસ્તાવેજની જેમ છે તેમ નકલ કરવાની, અને અંગત ઉપયોગ માટે છે અથવા DHSને, DHSની હવાલાતના અટકાયતીઓને, અથવા આવા અટકાયતીઓને સહાય કરતા તત્વોને મફત વહેંચણી કરવા માટે પરવાનગી આપે છે. જો કે આ સામગ્રીઓમાં કોઈ પણ ફેરબદલ અથવા તેમના કોઈ ભાગમાં બદલાવ, યોજના દ્વારા મંજુર થવા જ જોઈએ. નીચેના સરનામાં પર લખીને મંજૂરી મેળવી શકાશે : નિદેશક, ફ્લોરેન્સ ઈમિગ્રન્ટ એન્ડ રેફ્યુજી રાઇટ્સ પ્રોજેક્ટ પી.ઓ. બોક્સ 654, ફ્લોરેન્સ, એરીઝોના 85232. આ દસ્તાવેજનું અથવા તેના કોઈ ભાગનું નફા માટે વેચાણ બંધારણીય રીતે કોપી રાઈટનો ભંગ ગણાશે.

આ પુસ્તિકામાં સુધારણા એલીઝાબેથ ડલામ, ભૂતપૂર્વ ફ્લોરેન્સ યોજના નિર્દેશક દ્વારા કરાઈ હતી અને સંકલન લીન માર્કસ, એરીઝોના મહાવિદ્યાલયની કાયદા કોલેજના એક સહાયક સંલગ્ન પ્રાધ્યાપક દ્વારા કરાયેલ છે. ભંડોળ ફોર્ડ ફાઉન્ડેશન દ્વારા પૂરું પડાયેલ છે. મૂળભૂત પુસ્તિકા નવેમ્બર 1993 માં એરીઝોનાના માર્શલ ફંડની મદદથી કુ. માર્કસ દ્વારા લખાઈ હતી.

અમે યુનાયટેડ નેશન્સ હાઈ કમિશ્નર ઓફ રેફ્યુજીઝના કાયદાકીય કર્મચારીઓના એટર્ની એવા રેજીના જર્મેઈનના તેણીના સંકલનમાં સહકાર બદલ આભારી છીએ. અમે નીચેના નેશનલ એડવાઈઝરી બોર્ડ, કે જેની સ્થાપના આ સામગ્રીઓની સમીક્ષા અને સંકલન કરવા કરાયેલ તેના વધારાના સભ્યો : અમેરિકન ઈમિગ્રેશન વકીલ સંઘના જીની બટરફીલ્ડ, રાષ્ટ્રીય વકીલ સંઘની રાષ્ટ્રીય ઈમિગ્રેશન યોજના ના ડેન કેસલબ્રેનર, રાષ્ટ્રીય ઈમિગ્રેશન કેન્દ્રના લીંટન જોક્વીન, અમેરિકન સિવિલ મુક્તિ સંઘના ઈમિગ્રન્ટસ અધિકારોની યોજનાના જુડી રેબીનોવીત્ઝ, ઈમિગ્રન્ટ લીગલ રિસોર્સ કેન્દ્રના માર્ક સિલ્વરમેન અને ઈમિગ્રેશન કાયદાઓનું કેન્દ્ર અને અમેરિકન વકીલ મંડળના પ્રસ્તુતકર્તા કેરોલ વોલશોકનો પણ આભાર માનવા ઈચ્છીએ છીએ. કોઈ પણ ભૂલો લેખકની પોતાની ગણાશે.

આ પુસ્તિકાના અમુક વિચારો જીતેલા <u>આશ્રય સ્થાનના દાવાઓ</u> માંથી લેવાયેલા હતા. લખાણ તેમજ પ્રિન્ટ ઈમિગ્રન્ટ લીગલ રિસોર્સ કેન્દ્ર દ્વારા, 1992.

### દસ્તાવેજીકરણ વિનંતી પત્રક

**કૃપયા બધા વિભાગો પૂર્ણ કરો અને સુઘડ રીતે લખો. આ અર્જીપત્રકને સંસ્થાઓના પાના પર નોંધાયેલી એક સંસ્થાને મોકલો. જો તમે સાથે તમારા આશ્રય સ્થાનની અરજી (I-589), તમારા કિસ્સાને વર્ણવતા પત્રો અથવા અરજીપત્રકો જોડશો તો, તે મદદરૂપ થશે. આ ફક્ત તમારા આશ્રય સ્થાનના દાવાના દસ્તાવેજીકરણ માટે આંતરિક ઉપયોગમાં લેવા માટે છે. આ માહિતીની બીજી કોઈ સંસ્થા સાથે, DHS અથવા બીજી કોઈ સરકારી શાખા સાથે તમારી લેખિત અગાઊ આપેલી મંજૂરી વિના આપ-લે કરાશે નહીં,**

નામ:________________________________________ A#:________________________________

સરનામું:__(તમે માહિતી મેળવવા ઈચ્છતા હો તે સરનામું)____________________________________________

શહેર:________________________ રાજ્ય:_______________ઝીપ કોડ: ______________________ આજની તારીખ:___________________તમારી સુનવણી/દાદની તારીખ:__________________ કૃપયા તમે સંપર્ક કરેલી બધી જ સંસ્થાઓની સુચી આપો:_____________________

_______________________________________________________________________________

તમારું મૂળ શહેર/નગર, રાજ્ય અને દેશ:__________________________________ યુનાઈટેડ સ્ટેટ્સમાં આગમનનું વર્ષ: ______________________________________________

**કૃપયા લાગુ પડતા <u>દરેક</u> પર વર્તુળ કરો અને જવાબ આપો:**

1. શું તમે યાતના ભોગવતા રાજકીય સંસ્થાના સભ્ય છો અથવા હતા? હા ના

   જો હા, તો કૃપયા સંસ્થાની સુચી **લખો:**_______________________________________________________

2. શું તમે યાતના ભોગવતા વ્યાપારી સંઘના સભ્ય છો અથવા હતા? હા ના

   જો હા, તો કૃપયા સંસ્થાના નામની સુચી **લખો:**______________________________________________

3. શું તમે યાતના ભોગવતા ચર્ચ અથવા ધર્મના સભ્ય છો અથવા હતા? હા ના

   જો હા, તો કૃપયા ધર્મ અને/અથવા ચર્ચની સુચી **લખો:**___________________________________________

4. શું તમે યાતના ભોગવતા વંશીય લઘુમતીના સભ્ય છો અથવા હતા? હા ના

   જો હા, કૃપયા વંશીયતાની સુચી **લખો:**___________________________________________________________

5. શું તમારો દાવો જાતીયતા અભિમુખતા આધારિત છે (કેમ કે તમે સજાતીય પુરુષ, સજાતીય સ્ત્રી, બહુજાતીય અથવા કિન્નર છો)? હા ના

6. શું તમે સરકાર અથવા સરકારી સભ્યો દ્વારા યાતના ભોગવતા હતા?   હા   ના

જો હા, તો જૂથની સુચી લખો:_______________________________________________________________

7. શું તમે એક સંસ્થા/સરકાર બહારના સભ્યો દ્વારા યાતના ભોગવતા હતા?   હા   ના

જો હા, તો જૂથની સુચી લખો:_______________________________________________________________

8. શું તમારો દાવો તમારી જાતીયતાને આધારે થતી યાતના પર આધારિત છે?   હા   ના

**ON THE BACK OF THIS PAGE OR ON A SEPARATE PIECE OF PAPER, PLEASE LIST ANY SPECIFIC INSTANCES, PERSONS, DEATHS, NAMES, DATES, OR COUNTRY CONDITIONS WHICH SHOULD BE DOCUMENTED.**

**સેવાઓનું પ્રમાણપત્ર**

નામ: ______________________

A#: ____ -- ____ -- ____

હું પ્રમાણીત કરું છું કે____________________, _____, એ મેં DHS માટે સહાયક મુખ્ય સમિતિ, યુ.એસ. ઈમિગ્રેશન

(તારીખ) (વર્ષ)

અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ને એક નકલ (કઈ સેવાઓ અપાઈ તેનું વર્ણન કરતી) એક ખરી અને એક પૂર્ણ નકલ પરબીડિયામાં મૂકી ,

અગાઉ ચુકવેલ પત્ર ખર્ચ સાથે તેને નીચેના સમ્બોધકોને મોકલીને સોંપી છે:

આસિસ્ટન્ટ ચીફ કાઉન્સેલ
હોમલેન્ડ સિક્યોરીટી ખાતું
યુ.એસ. ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)

____________________________

____________________________

(DHS સરનામું)

(તમારા નામની સહી અહીં કરો)

**યુનાઈટેડ સ્ટેટ્સ ન્યાયિક ખાતું**

**ઈમિગ્રેશન સમીક્ષા વહીવટી કાર્યાલય**

____________________________________

કોર્ટ છે તે શહેર અને રાજ્ય

__________________________________________

કાર્યવાહીના

નિરાકરણમાંની બાબતમાં

)

) ફાઈલ નં.A____________________

__________________________ )

(તમારું નામ) )

)

પ્રતિભાવક ) **સ્થળ બદલીની ગતિવિધિ**

__________________________________________)

પ્રતિભાવક કરારબદ્ધ થયા છે અને નીચેના સરનામે હાજર રહેશે:

_____________________________________

_____________________________________

_____________________________________

(અટકાયત બહાર તમારું સરનામું)

પ્રતિભાવક વિનંતી કરે છે કે તેનો કેસ તે/તેણી રહે છે તે વિસ્તારની ઈમિગ્રેશન અદાલતમાં બદલી કરી દેવામાં આવે.

<u>સેવાનું પ્રમાણપત્ર</u>

મેલ દ્વારા આ મુખ્ય દસ્તાવેજ આમને મોકલાઈ રહ્યો છે:

ઈમિગ્રેશન સમીક્ષા વહીવટી કાર્યાલય

ઈમિગ્રેશન ન્યાયાધીશ કાર્યાલય

___________________________________

______________________________

(તમે DHS કસ્ટડીમાં હોય તે દરમિયાન તમારો કેસ સંભાળતી કોર્ટનું સરનામું)

હું અહીં પ્રમાણિત કરું છું કે મને આ દરખાસ્તની નકલ નીચે આપેલ સરનામા પર મોકલીને પાઠવવામાં આવી છેઃ

DHS માટે આસિસ્ટન્ટ ચીફ કાઉન્સેલ, યુએસ ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઇસીઇ)

______________________________

______________________________

(તમે DHS કસ્ટડીમાં હોય તે દરમિયાન તમારા કેસનું સંચાલન કરતા DHS ઓફિસનું સરનામું)

તારીખઃ________________ સહીં:____________________________

પ્રતિસાદ આપનાર (અહીં તમારા નામની સહીં કરો)

**એપેન્ડિક્સ એઃ નિકારાગુઆન અને સેન્ટ્રલ અમેરિકન રિલિફ એક્ટ 1997 (NACARA) અને હૈતિઅન રેફ્યુજી ઇમિગ્રેશન ફેરનેસ એક્ટ 1998 (એચઆરઆઇએફએ)**

| **ક્યુબન અને નિકારાગુઅન્સ માટે NACARA સેક્શન 202 રિલિફ** |
|---|

ક્યુબન અને નિકારાગુઅન્સ માટે NACARA રાહતના આ પ્રકાર માટે અરજી કરવાની સમયમર્યાદા 31 માર્ચ, 2000 હતી. જોકે વાયોલન્સ અગેઇન્સ્ટ વુમન એક્ટ (વાવા) 2005 કાયદો હેઠળ, NACARA સેક્શન 202 માટે લાયક હોય અથવા NACARA સેક્શન 202 હેઠળ કાયદાકીય કાયમી નિવાસી બન્યા હોય એવા જીવન સાથી અથવા માતા-પિતા દ્વારા દુરુપયોગ કરવામાં આવ્યો હોય નિકારાગુઆન અને ક્યુબન જીવનસાથી (પતિ અથવા પત્નિ) અને બાળકો (અત્યંત નિર્દયી રીતે ભોગ બન્યા હોય), તેઓ NACARA સેક્શન 202 હેઠળ કાયદાકીય કાયમી નિવાસી માટે અરજી કરી શકે છે. જોકે તમે જુલાઇ 2007 સુધી તમારી અરજી રજૂ કરવાની રહેશે અને તમે લાયક ગણાશો.

આ કાયદા હેઠળ દુરુપયોગ પામેલા જીવનસાથી અથવા બાળકો માટે દુરુપયોગ કરનારા માતાપિતા અથવા જીવનસાથી NACARA સેક્શન 202 માટે લાયક થયેલા હોવા જોઇએ અને તેઓ નીચે આપેલી જરૂરિયાત પૂરી કરતા હોવા જોઇએઃ

1 નિકારાગુઆ અથવા ક્યુબાના વતની અથવા નાગરિક

2 1 ડિસેમ્બર, 1995થી યુનાઇટેડ સ્ટેટ્સમાં હાજર અને

3 યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવેશપાત્ર (કાયદાકીય કાયમી નિવાસી બનાવાથી તેમને રાખતા હોય અમુક પ્રકારના ગુના ધરાવતા ન હોવા જોઇએ).

1 ડિસેમ્બર, 1995 બાદ સતત 180 દિવસ માટે યુનાઇટેડ સ્ટેટ્સમાંથી ગેરહાજર રહેવાથી NACARA સેક્શન 202ની રાહતમાંથી વ્યક્તિને ગેરલાયક ગણવામાં આવશે. જો તમે વાવા 2005 હેઠળ NACARA સેક્શન 202 માટે લાયક ન હોઇ શકો એ અંગે ચોક્કસ ન હોય તો તમારે જજ અથવા

DHSને જણાવવાનું રહેશે.

**ગ્વાટેમાલાન્સ, ઈઆઈ, સલ્વાડોરન્સ અને પૂર્વીય યુરોપિયન્સ માટે NACARA સેક્શન 203 રાહત**

NACARA સેક્શન 203 હેઠળ જો તમે જરૂરિયાતને પહોંચી વળતા હો તો " દેશનિકાલ રદબાદલ કરવો" તરીકે ઓળખાતા યુનાઈટેડ સ્ટેટ્સમાંથી દેશનિકાલ થવા સામે સંરક્ષણ માટે અરજી કરવા માટે તમે લાયક હોઈ શકો છો. જો તમે લાયક થાવ અને સંરક્ષણના આ પ્રકારને મેળવો તો તમે યુનાઈટેડ સ્ટેટ્સના કાયદાકીય કાયમી નિવાસી બનશો. અન્ય શબ્દોમાં તમે ગ્રીન કાર્ડ મેળવશો.

◊ ગ્વાટેમાલાન્સ માટે આવશ્યક જરૂરિયાત છેઃ

A. તમે ગ્વાટેમાલાના છો;

1. તમે 1 ઓક્ટોબર, 1990 પહેલા યુનાઈટેડ સ્ટેટ્સમાં આવ્યા હતા અને
2. 31 ડિસેમ્બર, 1991ના રોજ અથવા પહેલા એબીસી વર્ગના લાભ માટે નોંધણી કરાવી હતી (નોંધઃ એબીસી નોંધણી પામનાર લાયક ગણાતા નથી, જો તેઓ 19 ડિસેમ્બર, 1990 બાદ પ્રવેશ બાદ ગિરફ્તાર થયા હોય) અથવા
3. 1 એપ્રિલ, 1990ના રોજ અથવા પહેલા આશ્રય સ્થાન માટે તમે અરજી કરી હતી

અને

B. તમે સિધ્ધ કરો છો કે:

1. તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં સતત સાત વર્ષ સુધી શારીરિક રીતે હાજર રહ્યા છો;
2. તમે સારું નૈતિક ચારિત્ર્ય ધરાવો છો (તેનો અર્થ થાય છે કે તમે કેટલાક પ્રકારના ગુનામાં સંડોવાયા નથી અથવા જેલમાં 6 મહિના અથવા વધુ સમય વિતાવ્યો નથી);
3. ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટિ એક્ટ (આઈએનએ)ની સેક્શન 101(એ)(43) દ્વારા વ્યાખ્યાયિત ગંભીર ગુનામાં સંડોવાયા નથી (જો તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં દાખલ ન થઈ શકો અથવા તમને દેશનિકાલ કરે એવા અન્ય કેટલાક ગુના અથવા ઈમિગ્રેશનને લગતા ગુના ધરાવતા હો તો પણ તમે જો વધારાની જરૂરિયાતને પહોંચી વળતા હોય તો હજુ પણ લાયક ગણાઈ શકો છો) ; અને
4. તમે યુએસમાંથી દૂર કરવામાં આવો છો તો તમને અત્યંત આકરી સ્થિતિમાંથી પસાર થવું પડશે અથવા કાયદાકીય કાયમી નિવાસી અથવા યુએસ નાગરિકત્વ ધરાવતા તમારા જીવનસાથી, માતા-પિતા અથવા બાળકોને જો યુએસમાંથી દૂર કરવામાં આવશે તો તેમને આ પ્રકારની આકરી સ્થિતિમાંથી પાસર થવું પડશે.

જો તમે ઉપર જણાવેલી તમામ જરૂરિયાતને પૂરી કરો છો, પરંતુ તમે ગુનાઈત સંડોવણી ધરાવતા હોય તો તમે લાયક છો કે કેમ એ અંગે જજ સમક્ષ NACARA લાવવું જોઈએ. જો તમે નિશ્ચિત નથી કે તમે સમયમર્યાદા સુધીમાં આશ્રય સ્થાન માટે અરજી કરી છે અથવા તમે એબીસી વર્ગના સભ્ય છો તો તમારે જજને તમે NACARA હેઠળ યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા માટે અરજી કરવા લાયક છો કે કેમ એ અંગે પૂછવું જોઈએ.

◊ ઈઆઈ સલ્વાડોરન્સ માટે આવશ્યક જરૂરિયાતો છેઃ

A. તમે ઇઆઇ સલ્વાડોરથી છોઃ

1. તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં 19 સપ્ટેમ્બર, 1990ના રોજ અથવા તે પહેલા આવ્યા છો; અને

2. 31 ઓક્ટોબર, 1991ના રોજ અથવા પહેલા એબીસી વર્ગના લાભ માટે નોંધણી કરાવી હતી (નોંધઃ એબીસી નોંધણી પામનાર લાયક ગણાતા નથી, જો તેઓ 19 ડિસેમ્બર, 1990 બાદ પ્રવેશ બાદ ગિરફ્તાર થયા હોય) અથવા તમે 31 ઓક્ટોબર, 1991ના રોજ અથવા પહેલા ટેમ્પરરી પ્રોટેક્ટેડ સ્ટેટસ (ટીપીએસ) માટે નોંધણી કરાવી હતી; અથવા

3. તમે 1 એપ્રિલ, 1990ના રોજ અથવા પહેલા આશ્રય સ્થાન માટે અરજી કરી હતી;

અને

B. તમે સિધ્ધ કરો કેછોઃ

1. તમે યુએસમાં સતત સાત વર્ષ સુધી શારીરિક રીતે હાજર રહ્યા છો; અને

2. તમે સારું નૈતિક ચારિત્ર્ય ધરાવો છો (તેનો અર્થ થાય છે કે તમે કેટલાક પ્રકારના ગુનામાં સંડોવાયા નથી અથવા જેલમાં 6 મહિના અથવા વધુ સમય વિતાવ્યો નથી);

3. આઇએનએની સેક્શન 101(એ)(43) દ્વારા વ્યાખ્યાયિત ગંભીર ગુનામાં સંડોવાયા નથી (જો તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં દાખલ ન થઈ શકો અથવા તમને દેશનિકાલ કરે એવા અન્ય કેટલાક ગુના અથવા ઈમિગ્રેશનને લગતા ગુના ધરાવતા હો તો પણ તમે જો વધારાની જરૂરિયાતને પહોંચી વળતા હોય તો હજુ પણ લાયક ગણાઈ શકો છો) ; અને

4. તમે યુએસમાંથી દૂર કરવામાં આવો છો તો તમને અત્યંત આકરી સ્થિતિમાંથી પસાર થવું પડશે અથવા કાયદાકીય કાયમી નિવાસી અથવા યુએસ નાગરિકત્વ ધરાવતા તમારા જીવનસાથી, માતા-પિતા અથવા બાળકોને જો યુએસમાંથી દૂર કરવામાં આવશે તો તેમને આ પ્રકારની આકરી સ્થિતિમાંથી પાસર થવું પડશે.

જો તમે ઉપર જણાવેલી તમામ જરૂરિયાતને પૂરી કરો છો, પરંતુ તમે ગુનાઈત સંડોવણી ધરાવતા હોય તો તમે લાયક છો કે કેમ એ અંગે જજ સમક્ષ NACARA લાવવું જોઇએ. જો તમે નિશ્ચિત નથી કે તમે સમયમર્યાદા સુધીમાં આશ્રય સ્થાન માટે અરજી કરી છે અથવા તમે એબીસી વર્ગના સભ્ય છો અથવા ટીપીએસ સ્ટેટસ ધરાવો છો તો તમારે જજને તમે NACARA હેઠળ યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા માટે અરજી કરવા લાયક છો કે કેમ એ અંગે પૂછવું જોઇએ.

◊ પૂર્વીય યુરોપિયન્સ માટેઃ

A. તમે સોવિએટ યુનિયન, રશિયા અથવા રિપબ્લિક ઓફ ફોર્મર સોવિએટ યુનિય, ઈસ્ટોનિયા, લેટિવિયા, લિથુઆનિયા, પોલેન્ડ, ચેકોસ્લોવેકિયા, રોમાનિયા, હંગેરી, બલ્જેરિયા, અલ્બાનિયા, પૂર્વ જર્મની, યુગોસ્લેવિયા અથવા ભૂતપૂર્વ યુગોસ્લેવિયાના કોઇ રાજ્યના નાગરિક છો; અને

1. તમે 31 ડિસેમ્બર, 1990ના રોજ અથવા પહેલા યુનાઈટેડ સ્ટેટ્સમાં દાખલ થયા છો;

2. તમે 31 ડિસેમ્બર, 1991ના રોજ અથવા પહેલા આશ્રય સ્થાન માટે અરજી કરી હતી;

અને

B. તમે સિદ્ધ કરો કેછોઃ

1. તમે યુએસમાં સતત સાત વર્ષ સુધી શારીરિક રીતે હાજર રહ્યા છો; અને

2. તમે સારું નૈતિક ચારિત્ર્ય ધરાવો છો (તેનો અર્થ થાય છે કે તમે કેટલાક પ્રકારના ગુનામાં સંડોવાયા નથી અથવા જેલમાં 6 મહિના અથવા વધુ સમય વિતાવ્યો નથી);

3. આઇએનએની સેક્શન 101(એ)(43) દ્વારા વ્યાખ્યાયિત ગંભીર ગુનામાં સંડોવાયા નથી (જો તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં દાખલ ન થઈ શકો અથવા તમને દેશનિકાલ કરે એવા અન્ય કેટલાક ગુના અથવા ઇમિગ્રેશનને લગતા ગુના ધરાવતા હો, તો પણ તમે જો વધારાની જરૂરિયાતને પહોંચી વળતા હોય તો હજુ પણ લાયક ગણાઈ શકો છો) ; અને

4. તમે યુએસમાંથી દૂર કરવામાં આવો છો તો તમને અત્યંત આકરી સ્થિતિમાંથી પસાર થવું પડશે અથવા કાયદાકીય કાયમી નિવાસી અથવા યુએસ નાગરિકત્વ ધરાવતા તમારા જીવનસાથી, માતા-પિતા અથવા બાળકોને જો યુએસમાંથી દૂર કરવામાં આવશે તો તેમને આ પ્રકારની આકરી સ્થિતિમાંથી પાસર થવું પડશે.

જો તમે ઉપર જણાવેલી તમામ જરૂરિયાતને પૂરી કરો છો, પરંતુ તમે ગુનાઇત સંડોવણી ધરાવતા હોય તો તમે લાયક છો કે કેમ એ અંગે જજ સમક્ષ NACARA લાવવું જોઇએ. જો તમે નિશ્ચિત નથી કે તમે સમયમર્યાદા સુધીમાં આશ્રય સ્થાન માટે અરજી કરી છે તો તમારે જજને તમે NACARA હેઠળ યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા માટે અરજી કરવા લાયક છો કે કેમ એ અંગે પૂછવું જોઇએ.

જો તમે NACARA રાહત મેળવી તે સમયે NACARA હેઠળ દેશનિકાલના વિલંબ અથવા દૂર કરવાના રદ થવાનું મેળવનારા સલ્વાડોરન, ગ્વાટેમાલાન અથવા પૂર્વીય યુરોપિયનના જીવનસાથી અથવા બાળક છો તો તમે જ્યાં સુધી જીવનસાથી અથવા માતા-પિતાના સંબધ હજુ હયાત હોય તો લાભાર્થી તરીકે NACARA રાહત માટે અરજી કરવા માટે લાયક ગણાઈ શકો છો. તમે NACARA રાહત મેળવનારા માતા-પિતાના અપરિણિત પુત્ર અથવા પુત્રી છો તો અને તમે યુએસમાં 1 ઓક્ટોબર, 1990ના રોજ અથવા પહેલા દાખલ થયા હોય તો તમે NACARA માટે લાયક ગણાઈ શકો છો.

નોંધઃ જો તમે યુએસ સશસ્ત્ર દળોમાં દાખલ થયા હોય, તે દરમિયાન 24 મહિના સુધી સક્રિય ફરજની સ્થિતિ પર કાર્ય કર્યું હોય અને માનદ રીતે ડિસ્ચાર્જ થયા હોય તો NACARA હેઠળ સતત હાજરીની જરૂરિયાત લાગૂ થતી નથી.

## હૈઈતિયન્સ માટે રાહત

ઓક્ટોબર 1998માં હૈઈતિયન રેફ્યુજી ઇમિગ્રેશન ફેરનેસ એક્ટ 1998 (એચઆરઆઈએફએ) કોંગ્રેસે પસાર કર્યો હતો, જે કેટલાક હૈઈતિયન્સને યુએસમાં રહેવાનો માર્ગ આપે છે અને કાયદાકીય રીતે કાયમી નિવાસી બની શકે છે. હૈઈતિયન્સ માટે આ પ્રકારની રાહત માટે અરજી કરવાની સમયમર્યાદા 31 માર્ચ, 2000 હતી. જોકે વાવા 2005 હેઠળ એચઆરઆઇએફએ માટે લાયક બન્યા હોય અથવા એચઆરઆઇએફએ હેઠળ કાયદાકીય કાયમી નિવાસી બન્યા હોય એવા જીવન સાથી અથવા માતા-પિતા દ્વારા દુરુપયોગ કરવામાં આવ્યો હોય (મારવામાં આવ્યા હોય અથવા અત્યંત નિર્દયી રીતે ભોગ બનેલા) તેવા જીવનસાથીઓ (પતિ અથવા પત્નિ) અને બાળકો (21 વર્ષથી વધુની ઊંમરના અપરિણિત પુત્રો અથવા પુત્રીઓ સહિત) એચઆરઆઇએફએ હેઠળ કાયદાકીય કાયમી નિવાસી દરજ્જો મેળવવા માટે હજી પણ અરજી કરી શકે છે.

આ કાયદા હેઠળ અરજી કરવા માટે દુરુપયોગ પામેલા જીવનસાથી અથવા બાળકો (પુત્ર અથવા પુત્રી સહિત) માટે દુરુપયોગ કરનારા જીવનસાથી અથવા માતા-પિતા એચઆરઆઇએફએ હેઠળ લાયક બનતા હોવા જોઇએ અને નીચેની જરૂરિયાત પૂરી કરતા હોવા જોઇએઃ

દુરુપયોગ કરનારા જીવનસાથી અથવા માતા-પિતાઃ

1. 31 ડિસેમ્બર, 1995ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સમાં શારીરિક રીતે હાજર હતા;

2. 31 ડિસેમ્બર, 1995થી સતત યુનાઈટેડ સ્ટેટ્સમાં શારીરિક રીતે હાજર હતા અને 31 ડિસેમ્બર, 1995થી કુલ 180 દિવસથી વધુ માટે યુએસમાંથી ગેરહાજર રહ્યા નહોતા;

અને

3 આશ્રય સ્થાન માટે ફાઈલ કર્યું હતું અને 31 ડિસેમ્બર, 1995 પહેલા યુનાઈટેડ સ્ટેટ્સમાં હાજર હતા; અથવા

4 31 ડિસેમ્બર, 1995 પહેલા યુનાઈટેડ સ્ટેટ્સમાં પેરોલ પર લાવવામાં આવ્યા હતા અને હૈઈતીમાં પાછા ફરવાનો ભય ધરાવતા હોવાનું જણાયું હતું અથવા આપતકાલિન કારણો માટે પેરોલ પર લાવવામાં આવ્યા હતા અથવા તે જાહેર હિતમાં હોવાને લીધે હતું;

અથવા

યુનાઈટેડ સ્ટેટ્સમાં પહોંચવા પર:

- 21 વર્ષથી નીચેની ઊંમર ધરાવતા હતા અને પરિણિત નહોતા તથા યુએસમાં માતા-પિતા વિના પહોંચ્યા હતા અને પહોંચ્યા પછી માતા-પિતા સિવાય યુએસમાં રહ્યા હતા; અથવા
- યુનાઈટેડ સ્ટેટ્સમાં આવ્યા બાદ અનાથ બન્યા;
  અથવા
- 1 એપ્રિલ, 1998 પહેલા માતા-પિતા દ્વારા ત્યજવામાં આવ્યા અને હજુ પણ ત્યક્તા છો.

જો તમે એચઆરઆઈએફએ લાયકાત ધરાવતા જીવનસાથી અથવા માતા-પિતા દ્વારા દુરુપયોગ ન પામ્યા હોય તો તમે એચઆરઆઈએફએ મેળવેલી વ્યક્તિના જીવનસાથી અથવા બાળક હોય અને અને તમે નીચેની જરૂરિયાત પૂરી કરતા હોય તો તમે એચઆરઆઈએફએ માટે હજુ પણ લાયક છો:

1 તમે હૈઈતીના નાગરિક છો; અને

2 કાયદાકીય કાયમી નિવાસી માટે અરજી ફાઈલ કરવામા આવી તે સમયે તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં છો.

આ ઉપરાંત જો તમે 21 વર્ષથી વધુની ઊંમર ધરાવતા હોય, અપરિણિત હોય અને તમારા માતા-પિતાએ એચઆરઆઈએફએ રાહત મેળવી હોય તો, જો તમે 31 ડિસેમ્બર, 1995થી યુએસમાં સતત શારીરિક રીતે હાજર રહ્યા છો એ દર્શાવી શકો, તો તમે એચઆરઆઈએફએ માટે લાયક હોઇ શકો છો.

જો તમે ગુનામાં સંડોવાયેલા હોય, તમે કાયદાકીય કાયમી નિવાસી માટે લાયક બની શકો અથવા બની શકો નહીં. કેટલાક ગુના માટે રાહત શક્ય હોઇ શકે છે, જેમ કે 212 (એચ). જો તમે ઉપરની તમામ જરૂરિયાતને પહોંચી શકો તો તમે ઈમિગ્રેશન જજ અથવા DHSને જણાવી શકો કે તમે હૈઈતિયન રેફ્યુજી ઈમિગ્રેશન ફેરનેસ એક્ટ 1998 હેઠળ કાયદાકીય કાયમી નિવાસી માટે લાયક હોવા અંગે વિચારો છો. જો તમે ગુનો કર્યો હોય અને તમે ચોક્કસ ન હોય કે તમે લાયક છો કે કેમ તો તમારે ઈમિગ્રેશન જજ અથવા DHSને પૂછવું જોઈએ.

અમે વિશેષ વિગતમાં આ કાયદા હેઠળ કાયદાકીય કાયમી નિવાસી માટે અરજી કરવા માટેની પ્રક્રિયા અંગે ચર્ચા કરતા નથી. જો તમે લાયક હોવા અંગે વિચારતા હોય તો અરજી કેવી રીતે કરવી એ અંગે ઈમિગ્રેશન જજ, DHS અથવા એટર્ની/લિગલ એડ્વોકેટને પૂછો.